Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

બુધવાર, તા.૮ મે, ૨૦૨૪

8/5/2024 * VOL : 44 * N0. 234 સંવત- ૨૦૮૦, ચૈત્ર વદ-૩૦

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad **Editor :** Nikunj R. Patel **RNI Regn. No. GUJ/46323/86. Reg. Office :** 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **Phone :** 079-26402880 **Advt. :** 079-26402881

આજનો સુવિચાર

ભૂલ થાય ત્યારે થોડુ ધ્યાન રાખજો, ઉગતા સૂરજ સામે આંખ નથી ખુલતી, પણ ડૂબતા સૂરજને જોવા ટોળુ થાય છે

લોકશાહીના સૌથી મોટા ઉત્સવમાં દેશના સામાન્ય નાગરિકથી લઈ ટોચના નેતાઓ જોડાયા હતા. મંગળવારે લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણીમાં કુલ ૯૩ બેઠકો પર મતદાન થયું હતું. જેમાં ગુજરાતની ૨૫ બેઠકોનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાણીપ ખાતે મતદાન કરવા આવી પહોંચ્યા હતા. પ્રથમ તસવીરમાં મતદાન માટેની સ્લીપ લેતાં વડાપ્રધાન મોદી જ્યારે બીજી તસવીરમાં મતદાન કર્યા બાદ વિજયમુંદ્રા સાથે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તથા તેમના ધર્મપત્ની અને ત્રીજી તસવીરમાં રાજ્યના મુખ્યમંત્રી મતદાન કર્યાની સહી બતાવતા નજરે પડે છે **(તસવીર:જયેશ મોદી)**

પશ્ચિમ બંગાળમાં સૌથી વધુ મતદાન

ત્રીજા તબક્કાની ૯૩ બેઠકો પર મતદાન પૂર્ણ

૫ વાગ્યા સુધી સરેરાશ ૬૩.૭૭% મતદાન, મહારાષ્ટ્રમાં સૌથી ઓછું ૫૩.૪૦%; બિહાર-છત્તીસગઢમાં ચૂંટણી દરમિયાન ૩નાં મોત

(એજન્સી)નવી દિલ્હી,

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં આજે ૧૦ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની ૯૩ બેઠક પર મતદાન પૂર્ણ થયું છે. સવારે ૭ વાગ્યાથી દેશભરમાં મતદાન શરૂ થયું અને સાંજે ૬ વાગ્યા સુધી ચાલ્યું હતું.

ચૂંટણીપંચના જણાવ્યા અનુસાર, સાંજે ૫ વાગ્યા સુધી ૬૩.૭૭% મતદાન થયું હતું. સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં ૭૩.૯૩% અને મહારાષ્ટ્રમાં સૌથી ઓછું ૫૩.૪૦% થયું છે. આ ઉપરાંત આસામમાં- ૭૪.૮૬%, બિહાર- ૫૬.૦૧%, છત્તીસગઢ- ૬૬.૮૭%, દાદરા અને નગર-હવેલી- ૬૫.૨૩%, ગોવા- ૭૫.૫૨%, કર્ણાટક-૬૬.૦૫%, મધ્ય પ્રદેશ- ૬૨.૨૮%, ઉત્તરપ્રદેશ- ૫૫.૧૩% મતદાન નોંધાયું છે.

બિહારમાં વોટિંગ દરમિયાન હાર્ટ-એટેકથી બે લોકોનાં મોતના સમાચાર છે. એ જ સમયે પશ્ચિમ બંગાળમાં મુર્શિદાબાદના બીજેપી ઉમેદવાર અને ટીએમસી સમર્થક વચ્ચે ઘર્ષણ થયું.

આ તબક્કામાં ગૃહમંત્રી અમિત શાહ, આરોગ્યમંત્રી મનસુખ માંડવિયા અને ઉડ્ડયનમંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા સહિત ૭ કેન્દ્રીય મંત્રી અને ૪ પૂર્વ મુખ્યમંત્રીની પ્રતિષ્ઠા દાવ પર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં મતદાન કર્યું. વડાપ્રધાન મોદીએ અમદાવાદની નિશાન હાયર સેકન્ડરી સ્કૂલમાં મતદાન કર્યું હતું.

અગાઉ ૧૯મી એપ્રિલે પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠક પર અને ૨૬મી એપ્રિલે બીજા તબક્કામાં ૮૮ બેઠક પર મતદાન થયું હતું. જો ત્રીજા તબક્કાની ૯૩ બેઠકનો સમાવેશ કરવામાં આવે તો આજે સાંજે ૨૮૩ બેઠક પર મતદાન પૂર્ણ થશે. પરિણામ ૪ જૂને આવશે.

ચૂંટણીપંચના જણાવ્યા અનુસાર, ત્રીજા તબક્કામાં કુલ ૧૩૫૨ ઉમેદવાર મેદાનમાં છે. તેમાંથી ૧૨૨૯ પુરુષ અને ૧૨૩ (૯%) મહિલાઓ છે. એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ના અહેવાલ મુજબ, ૨૪૪ ઉમેદવાર ગુનાહિત બેકગ્રાઉન્ડ ધરાવે છે. ૩૯૨ ઉમેદવાર પાસે ૧ કરોડ કે તેથી વધુની સંપત્તિ છે.

તેલીબંધાના રહેવાસી સુધીર કુમાર મંડપે મતદાન કરવા માટે રાયપુરના શ્યામ નગર વિસ્તારમાંથી સચદેવા ઈન્ટરનેશનલ સ્કૂલ સ્થિત પોલિંગ બૂથ પર પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે ચૂંટણી અધિકારીઓ તેને વોટિંગ સ્લીપ આપી. જ્યારે તેઓ બૂથ નંબર ૧૦ની અંદર ગયા તો ત્યાંના સ્ટાફે રેકોર્ડ તપાસ્યા બાદ તેમને મૃત હોવાનું જણાવ્યું હતું. પોતે મૃત્યુ પામ્યા હોવાની વાત સાંભળીને તેઓ ચોંકી ઉઠ્યા હતા. આ પછી તેણે ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરી. આ પછી અધિકારીઓએ રેકોર્ડ ચેક કરવાની વાત કરી. જો કે હજુ સુધી તેમને મતદાન કરવાની મંજૂરી આપવામાં આવી નથી.

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મધ્યપ્રદેશની ૯ બેઠકો પર પણ મતદાન ચાલી રહ્યું છે. બપોરે ૩ વાગ્યા સુધી આ ૯ બેઠકો પર ૫૪.૦૯% મતદાન થયું હતું. દિગ્વિજયની સીટ રાજગઢમાં સૌથી વધુ મતદાન થયું હતું. અહીં ૬૩.૬૯% મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

છત્તીસગઢના સુરગુજા લોકસભા મતવિસ્તારના જશપુર જિલ્લામાં મતદાન કરવા આવતા એક વૃદ્ધનું મોત થયું હતું. તેઓ લોદામના જામતોરી મતદાન મથકે પહોંચ્યા હતા, પરંતુ તે મતદાન કરે તે પહેલાં જ તેનું મૃત્યુ થયું હતું. મૃત્યુનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કા દરમિયાન, પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદના જાંગીપુરમાં એક મતદાન મથક પર ટીએમસીના બૂથ પ્રમુખની ભાજપના ઉમેદવાર ધનંજય ઘોષ સાથે અથડામણ થઈ હતી. બીજેપી ઉમેદવાર ધનંજય ઘોષે કહ્યું, ×હું બીજેપીનો ઉમેદવાર છું અને મને ટીએમસીના બૂથ એજન્ટ દ્વારા ધમકી આપવામાં આવી છે... જો ઉમેદવાર સાથે આવું વર્તન કરવામાં આવે તો સામાન્ય લોકોનું શું થઈ શકે છે. આ અંગે ચૂંટણી પંચને ફરિયાદ કરીશું. ચૂંટણી પંચ પણ હવે ચોથા તબક્કાની ચૂંટણી માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે અને આજે થયેલા મતદાનના ચોક્કસ આંકડો મોડીરાત્રે જાહેર કરવામાં આવશે.

વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે એક નવી ઓલ-ઇન-વન રસી શોધી કાઢી

(એજન્સી)નવીદિલ્હી,

વિશ્વની અગ્રણી યુનિવર્સિટીઓના વૈજ્ઞાનિકોની ટીમે કોરોના વાયરસ સામેની લડાઈમાં મોટી સફળતા હાંસલ કરી છે. આ ટીમે કોરોનાને હરાવવા માટે એક નવો ઓલ-ઈન-વન ડોઝ વિકસાવ્યો છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ ડોઝ માનવોને કોરોના વાયરસના દરેક પ્રકારથી સુરક્ષિત કરી શકે છે. આમાં તે વેરિયન્ટ્સ પણ સામેલ છે જે હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. હકીકતમાં, કોરોનાને લઈને એ વાત સામે આવી છે કે આ વાયરસ તેના સ્વરૂપમાં લોકોની મુશ્કેલીઓ વધારે છે. આ વાયરસથી બચાવ માત્ર રસી દ્વારા જ શક્ય છે.અમેરિકા અને યુરોપના વૈજ્ઞાનિકોએ સંયુક્ત રીતે એક નવી ઓલ-ઈન-વન રસી શોધી કાઢી છે. આ રસી ઓમિક્રોન, ડેલ્ટા, આલ્ફા, ગામા, એક્સ સહિત કોરોનાના તમામ પ્રકારો સામે રક્ષણ આપી શકે છે. વૈજ્ઞાનિકનું આ સંશોધન સોમવારે 'નેચર નેનોટેકનોલોજી'માં પ્રકાશિત થયું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે આ નવી શોધ પ્રોએક્ટિવ વેક્સિનોલોજી પર આધારિત છે, જે વેક્સીન ડેવલપમેન્ટનો અભિગમ છે, જેણે ઉંદરમાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે. અમેરિકાની ઓક્સફર્ડ, કેમ્બ્રિજ યુનિવર્સિટી અને કેલ્ટેકના સંશોધકોએ સંયુક્ત રીતે આ અભ્યાસ હાથ ધર્યો છે, જેમાં કોરોના વાયરસના આઠ વિવિધ પ્રકારો પર તેની અસરની પણ તપાસ કરવામાં આવી હતી. આમાં સાર્સ કોવ-૨નો પણ સમાવેશ થાય છે જેના કારણે કોવિડ-૧૯ ફાટી નીકળ્યો અને હાલમાં હવામાં ફરતા અનેક પ્રકારો અને માનવોમાં ફેલાવાની અને રોગચાળાનું કારણ બને તેવી સંભાવના ધરાવે છે.

હરિયાણામાં ભાજપ સરકાર સંકટમાં: 3 અપક્ષ ધારાસભ્યોએ ટેકો પાછો ખેંચ્યો

(એજન્સી)હરિયાણા,

લોકસભા ચૂંટણી વચ્ચે કોંગ્રેસે હરિયાણામાં ભાજપને ગૂપચૂપ રીતે મોટો ઝટકો આપી દીધો છે. હરિયાણામાં ૩ જેટલા અપક્ષ ધારાસભ્યોએ નાયબ સિંહ સૈની સરકાર પાસેથી સમર્થન પાછું ખેંચ્યુ છે. આ સાથે જ કોંગ્રેસને લોકસભા ચૂંટણી માટે ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે. ત્યારબાદ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ઉદયભાને કહ્યું કે હરિયાણાની સરકાર અલ્પમતમાં આવી ગઈ છે. કોંગ્રેસ નેતા ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ હરિયાણામાં રાષ્ટ્રપતિ શાસન લાગૂ કરવાની અને જલદી વિધાનસભા ચૂંટણી યોજવાની માંગણી રજૂ કરી છે. ૯૦ સીટોવાળી વિધાનસભામાં હાલ ભાજપની ૪૦, કોંગ્રસની ૩૦, જેજેપીની ૧૦, ઈનેલો તથા એચએલપીની એક-એક બેઠક છે. આ ઉપરાંત ૬ અપક્ષો વિધાનસભા સભ્ય છે. બહુમત માટે ૪૬નો આંકડો જોઈએ. જેજેપીના સમર્થન પાછું ખેંચ્યા બાદ ભાજપ ૬ અપક્ષો અને એક એચએલપી વિધાયકની મદદથી સરકાર બચાવવામાં સફળ થયો હતો. જે ૬ અપક્ષ વિધાયકોએ ટેકો આપ્યો હતો તેમાં નયનપાલ રાવત (પૃથલા વિધાયક), ધર્મપાલ ગોંદર (નીલોખેડી), રણધીર સિંહ ગોલન (પુંડરી), રાકેશ (બાદશાહપુર વિધાયક), સોમબીર સાંગવાન (ચરખીદાદરી), અને બલરાજ કૂંડુ (મહમ) સામેલ છે. રોહતકમાં મંગળવારે કોંગ્રેસ અધ્યક્ષ ઉદયભાન અને પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડા સામે ત્રણ અપક્ષ ધારાસભ્યોએ કોંગ્રેસને સમર્થન આપ્યું. આ ત્રણેય વિધાયક છે સોમબીર સાંગવાન, રણધીર સિંહ ગોલન અને ધર્મપાલ ગોંદર. અપક્ષ ધારાસભ્યોના કોંગ્રેસને સમર્થન બાદ પાર્ટી પ્રદેશ અધ્યક્ષ ઉદયભાને કહ્યું ભાજપ હવે અલ્પમતમાં છે. સીએમએ નૈતિકતાના ધોરણે રાજીનામું આપી દેવું જોઈએ.

કુલગામમાં લશ્કરના ટોપ કમાન્ડર સહિત ત્રણ આતંકી ઠાર

(એજન્સી)નવીદિલ્હી,

ભારતીય સુરક્ષા દળોને દક્ષિણ કાશ્મીરના કુલગામમાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં મોટી સફળતા મળી છે. સુરક્ષા દળોએ લશ્કર-એ-તોઈબાના ટૉચના કમાન્ડર બાસિત અહમદ ડાર સહિત ત્રણ આતંકવાદીઓને ઠાર કર્યા છે. રેડવાની પાઈન વિસ્તારમાં ઠાર કરાયેલા આતંકવાદીઓની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. હાલ આતંકવાદીઓના મૃતદેહોની ઓળખ કરવામાં આવી રહી છે. લશ્કરના ઠેકાણા અંગે ગુપ્ત ઈનપુટ મળ્યા બાદ સુરક્ષા દળની ટીમે રેડવાની પાઈન વિસ્તારમાં સોમવારે તપાસ અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન આતંકવાદીઓએ તેમના પર અચાનક ગોળીબાર શરૂ કરી દીધો હતો, જેનો સુરક્ષા દળોએ પણ વળતો જવાબ આપ્યો હતો. કાશ્મીર ઝોન પોલીસે પોતાના એક્સ હેન્ડર પર લખ્યું છે કે, કુલગામ જિલ્લાના રેડવાની પાઈન વિસ્તારમાં અથડામણ શરૂ થઈ ગઈ છે. પોલીસ અને સુરક્ષા દળના જવાનો આતંકવાદીઓને વળતો જવાબ આપી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં આતંકવાદીઓએ ભારતીય વાયુ સેના ના કાફલા પર ચોથી મેએ હુમલો કર્યો હતો. સુરક્ષા અધિકારીઓ દ્વારા અપાયેલી માહિતી મુજબ, આ હુમલામાં સેનના એક જવાન શહિદ થયા હતા, જ્યારે અન્ય ચાર ઈજાગ્રસ્ત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, વાયુ સેનાનો કાફલો શનિવારે સુરનકોટ વિસ્તારમાં સનાઈ ટોપ તરફ જઈ રહ્યો હતો, આ દરમિયાન આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. ત્યારબાદ આતંકવાદીઓને પકડી પાડવા અને તેમના ઠાર કરવા માટે પુરજોશમાં શોધખોળ અભિયાન હાથ ધરાયું હતું.

પુતિને રશિયાના પ્રમુખ તરીકે છઠ્ઠી વખત લીધા શપથ

(એજન્સી)રશિયા,

વ્લાદિમિર પુતિને પાંચમી વખત રશિયાના પ્રમુખ તરીકે શપથ લીધા છે. તેઓ રશિયામાં છ વર્ષ સુધી રાષ્ટ્રપતિ પદનો કાર્યકાળ સંભાળશે.

જ્યારે પુતિને વર્ષ ૨૦૦૦માં પ્રથમ વખત પ્રમુખપદના શપથ લીધા હતા. ત્યારે તેમણે લોકશાહી લાવવાના, તેને જાળવી રાખવાના અને રશિયાની રક્ષા કરવાના શપથ લીધા હતા. જોકે ત્યારથી લઈને અત્યાર સુધીમાં ઘણું બદલાઈ ગયું છે. તેમની નીતિઓની ઘણા લોકો ટીકા કરી રહ્યા હોવાના અહેવાલો પણ સામે આવતા રહ્યા છે. પુતિનના પ્રમુખ બન્યા બાદ રશિયામાં ઘણાં ફેરફાર થયા હોવાનો સરકાર દાવો કરી રહી છે. પુતિને લોકશાહીનો વિકાસ વધારવાના બદલે તેને ઘટાડવાનું શરૂ કરી દીધું છે. તેઓ ટીકાકારોને જેલમાં ધકેલી રહ્યા છે. સ્થિતિ એવી છે કે, પુતિનની સત્તા પર કોઈપણ પ્રકારનો અંકુશ હટાવવામાં આવી રહ્યો છે. સૌથી મહત્વની વાત એ છે કે, રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા બે વર્ષથી વધુ સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે, જેના કારણે રશિયાની આર્થિક સ્થિતિ પણ નબળી પડી છે. બંને દેશો વચ્ચે ૨૪ ફેબ્રુઆરી-૨૦૨૨ના રોજ યુદ્ધ શરૂ થયું હતું, જે હજુ સુધી ચાલી રહ્યું છે. રશિયાના યુક્રેન જોડે તો ઠીક, નાટો જોડે પણ સંબંધો બગડેલા છે અને તે ઘણીવાર નાટોને ચેતવણી આપી ચુક્યા છે. તેમણે રશિયાના રાષ્ટ્રપતિ તરીકે છઠ્ઠી વખત શપથ લેતાની સાથે પણ નાટોને ચેતવણી આપી દીધી છે.

કોંગ્રેસે પરિવારનું ગૌરવ વધારવા ખોટો ઈતિહાસ લખ્યો : મોદી

વડાપ્રધાન મોદી ધારમાં ચૂંટણી પ્રચારમાં ગર્જ્યા

(એજન્સી)ધાર,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મધ્યપ્રદેશના ધારમાં જોરદાર ચૂંટણી પ્રચાર કર્યો. મોદી ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું કે આ ચૂંટણીમાં વિપક્ષ સંપૂર્ણ વિનાશના આરે પહોંચી ગયો છે. જનતાએ તેમને નકારી દીધા છે કારણ કે તેમની પાસે કોઈ એજન્ડા નથી. વડાપ્રધાને કહ્યું, "૪ જૂન આડે એક મહિનો પણ બાકી નથી. ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. પહેલા તબક્કામાં વિપક્ષનો પરાજય થયો હતો, બીજા તબક્કામાં વિપક્ષ પડી ભાંગ્યો હતો અને ત્રીજા તબક્કા પછી જે થોડા સિતારા દેખાતા હતા તે પણ હવે સેટ થશે, કારણ કે આખા દેશે નક્કી કર્યું છે કે ફરી એકવાર મોદીની સરકાર.તેમણે કહ્યું, "કોંગ્રેસ બાબા સાહેબને નફરત કરે છે, હવે આ નફરતના કારણે કોંગ્રેસે વધુ એક પગલું ભર્યું છે. કોંગ્રેસ ઈચ્છે છે કે બંધારણ બનાવવાનો શ્રેય બાબા સાહેબને ન મળવો જોઈએ. કોંગ્રેસ કહેવા લાગી છે કે બંધારણ બનાવવામાં બાબા સાહેબનો ફાળો ઓછો હતો, પરંતુ બંધારણ બનાવવામાં સૌથી મોટી ભૂમિકા નેહરુજીએ ભજવી હતી. આ પરિવારવાદીઓએ સૌપ્રથમ દેશના ઈતિહાસને વિકૃત કર્યો અને આઝાદીના મહાન સપૂતોને ભુલાવી દીધા. આ પરિવારવાદીઓએ પોતાને ગૌરવ આપવા માટે ખોટો ઈતિહાસ લખ્યો અને હવે તેઓ બંધારણ વિશે પણ જુઠ્ઠાણું રચવા લાગ્યા છે."

આ પહેલા ખરગોનમાં એક રેલીમાં તેમણે કહ્યું હતું કે લોકોએ નક્કી કરવું પડશે કે દેશ 'વોટ જેહાદ'થી ચાલશે કે 'રામ રાજ્ય'થી. તેમણે વિપક્ષ કોંગ્રેસ પર પણ પ્રહાર કરતા કહ્યું કે તેના ઈરાદાઓ ખૂબ જ ખતરનાક છે અને તેમની વિરુદ્ધ "વોટ જેહાદ" માટે બોલાવે છે. તેમણે કહ્યું, "ભારત ઈતિહાસના નિર્ણાયક તબક્કે છે; તમારે નક્કી કરવાનું છે કે દેશ વોટ જેહાદ પર ચાલશે કે રામરાજ્ય પર.વડા પ્રધાને કહ્યું, "વિપક્ષના ભારતીય ગઠબંધન ભાગીદારોને લોકોના ભાવિની ચિંતા નથીપ તેઓ તેમના પરિવારોને બચાવવા માટે ચૂંટણી લડી રહ્યા છે." પોતાના રાજકીય વિરોધીઓ પર નિશાન સાધતા મોદીએ કહ્યું કે તેમણે વિપક્ષના એજન્ડાનો પર્દાફાશ કરતાની સાથે જ વિપક્ષે તેમની સામેની આખી "દુરુપયોગની ડિક્શનરી" ખાલી કરી દીધી છે.સભાને સંબોધતા મોદીએ કહ્યું, "તમારા મતે ભારતને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવી છે, કલમ ૩૭૦ (જેણે જમ્મુ અને કાશ્મીરને વિશેષ દરજ્જો આપ્યો છે) દૂર કરી છે, એક આદિવાસી મહિલાને દેશની રાષ્ટ્રપતિ બનાવી છે ભારતમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર છે. તેમણે કહ્યું, "તમારા જ સહકારથી અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિરના નિર્માણ માટે ૫૦૦ વર્ષની રાહનો અંત આવ્યો.

ઝારખંડ કેશ કૌભાંડમાં મંત્રી આલમગીર આલમના પીએસ સંજીવ લાલની ધરપકડ

(એજન્સી)નવી દિલ્હી,

ઝારખંડમાં મોટી રકમની રોકડની વસૂલાતના કેસમાં મોટી કાર્યવાહી કરતા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ મંત્રી આલમગીર આલમના પીએસ સંજીવ લાલ અને તેમના નોકર જહાંગીર આલમની ધરપકડ કરી છે. સોમવારે, જ્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ રાજ્યના ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના પીએસ સંજીવ લાલ અને તેમના ઘરેલુ નોકર જહાંગીર આલમના ઘરે દરોડા પાડ્યા ત્યારે ત્યાંથી ચલણી નોટોનો સ્ટોક મળી આવ્યો હતો.આટલી મોટી રકમની રોકડ મળી આવ્યા બાદ નોટો ગણવા માટે બેંક કર્મચારીઓને નોટ કાઉન્ટીંગ મશીન સાથે બોલાવવામાં આવ્યા હતા. આ કેસમાં કુલ ૬ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. કુલ રૂ. ૩૫.૨૩ કરોડની રોકડ મળી આવી છે.ગયા વર્ષે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ૧૦,૦૦૦ રૂપિયાની લાંચના મામલે ચીફ એન્જિનિયરના ઘરે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન તેમનું નિવેદન નોંધવામાં આવ્યું હતું. તેણે કહ્યું કે લાંચની રકમ મંત્રી સુધી પહોંચાડવામાં આવે છે.

સગર્ભા સ્ત્રી સગીર છે કે નહીં, બાળકને જન્મ આપવો કે ગર્ભપાત કરાવવો... તેનો નિર્ણય સર્વોપરી છે: સુપ્રીમ

(એજન્સી)નવી દિલ્હી,

બંધારણના અનુચ્છેદ ૨૧ માં સમાવિષ્ટ 'મૂળભૂત અધિકારો' પર પ્રકાશ પાડતા, સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ આદેશમાં કહ્યું કે 'ગર્ભવતી વ્યક્તિ' ભલે સગીર હોય, તેણીને તે નક્કી કરવાનો અધિકાર છે કે બાળકને જન્મ આપવો કે નહીં. અભિપ્રાય મહત્વપૂર્ણ છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે પોતાના આદેશમાં કહ્યું કે, ગર્ભાવસ્થા સમાપ્ત કરવાનો નિર્ણય લેતી વખતે, જો સગીર ગર્ભવતી વ્યક્તિનો અભિપ્રાય વાલીના અભિપ્રાયથી અલગ હોય, તો ગર્ભવતી વ્યક્તિના નિર્ણયને પ્રાથમિકતા આપવી જોઈએ.સુપ્રીમ કોર્ટે કહ્યું, 'પસંદગીનો અધિકાર અને પ્રજનન સ્વતંત્રતા એ બંધારણની કલમ ૨૧ હેઠળ મૂળભૂત અધિકાર છે. તેથી, જ્યાં સગીર સગર્ભાનો અભિપ્રાય વાલીના અભિપ્રાયથી અલગ હોય છે, ત્યારે કોર્ટે સગર્ભા સ્ત્રીના દૃષ્ટિકોણને એક મહત્વપૂર્ણ પરિબળ તરીકે ધ્યાનમાં લેવું જોઈએ કે જ્યારે ગર્ભાવસ્થા સમાપ્ત કરવી કે નહીં. પ્રજનન પસંદગી અને ગર્ભપાતની બાબતોમાં, સગર્ભા સ્ત્રીની સંમતિ સર્વોપરી છે. સર્વોચ્ચ અદાલતે સગર્ભા સ્ત્રીનું મૂલ્યાંકન કરતા મેડિકલ બોર્ડને પણ સલાહ આપી હતી કે ગર્ભાવસ્થા ૨૪ અઠવાડિયાથી વધુ હોય તો તેના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અંગે અભિપ્રાય આપે.ભારતના મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ, ન્યાયમૂર્તિ જેબી પારડીવાલા અને ન્યાયમૂર્તિ મનોજ મિશ્રાની ખંડપીઠે, મુંબઈની ૧૪ વર્ષની બળાત્કાર પીડિતાની ગર્ભાવસ્થા સાથે સંબંધિત કેસની સુનાવણી કરતા, તાજેતરમાં લગભગ ૩૦ અઠવાડિયાના ગર્ભને સમાપ્ત કરવાનો આદેશ આપ્યો.

૧૪ વર્ષની બળાત્કાર પીડિતાની ગર્ભાવસ્થા સાથે સંબંધિત કેસની સુનાવણી

H.K.TRAVELS

અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289



કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE ફક્ત 17,999/- હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા) + ટકસીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંક્સ + હેન્કી) + ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE ફક્ત 7,999/- સુટ (કોટ + પેન્ટ + શર્ટ) + કોટી - કૂર્તા સેટ + પેન્ટ - શર્ટ
3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch
બુકીંગ પર લકી ડ્રો માં એકસ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.
પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.
PALDI 5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge. 079 - 2660 7614
NARANPURA 2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev, +91 9173-0-8282-7
BOPAL 110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction. +91 8686-8-8282-7

તંત્રી સ્થાનેથી

Editorial....

સમુદ્રી રસ્તે વધતી ડ્રગ્સની તસ્કરી

હાલમાં જ એક પાકિસ્તાની નૌકા પરથી છસો કરોડના મૂલ્યનું ૮૬ કિલોગ્રામ હેરોઇનની જપ્તી ભારતમાં નશાના વધતા કારોબારમાં વિદેશી ષડયંત્રનો ખુલાસો કરે છે. જોકે આ એકમાત્ર ઘટના નથી, હાલનાં જ વર્ષોમાં અબજો રૂપિયાના નશીલા પદાર્થોની જપ્તી કરવામાં આવી છે. અસલમાં કેટલાય દેશોના સત્તા પ્રતિષ્ઠાનોની મિલીભગતથી નાર્કો-આતંકવાદના એક મોટા પેટર્નને અંજામ આપવામાં આવી રહ્યો છે. નિશ્ચિતપણે આ ષડયંત્ર આપણી રાષ્ટ્રીય સુરક્ષા માટે એક ગંભીર પડકાર છે. પહેલાંનો અનુભવ દર્શાવે છેકે જમ્મુ-કાશ્મીર અને પંજાબમાં નશાના કારોબારથી અર્જિત ધનને આતંકવાદના પોષણમાં લગાવવામાં આવે છે. આતંકવાદીઓને હથિયાર અને પૈસા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ગયા વર્ષના મે મહિનામાં પણ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો એટલે કે એનસીબી અને નૌકાદળના સંયુક્ત મિશન દ્વારા કેરળ તટ પર અઢી હજાર કિલોગ્રામ નશીલા પદાર્થ જપ્ત કરવામાં આવ્યા હતા. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત પંદર હજાર કરોડ રૂપિયા ગણાવવામાં આવી હતી. આ દેશમાં ઝડપાયેલી અત્યાર સુધીની સૌથી મોટી નશાની ખેપ હતી.

ગયા મહિને ગુજરાતના તટ પર સાઇઠ પેકેટ ડ્રગ્સ લઈ જતી એક નૌકાને જ્યારે જપ્ત કરવામાં આવી ત્યારે છ પાકિસ્તાની ચાલક દળના સદસ્યોની ધરપકડ કરવામાં આવી. આ જ રીતે ફેબ્રુઆરીમાં પોરબંદર તટ પર પાંચ વિદેશી નાગરિકોને ચરસ અને ૩૩૦૦ કિલોગ્રામ નશીલા પદાર્થો સાથે પકડવામાં આવ્યા હતા. અસલમાં આ નશાના કારોબારની શરૂઆત હંમેશાં અફઘાનિસ્તાનથી થાય છે, જ્યાં અફીણ અને હેરોઇનનું મોટા પાયે ઉત્પાદન થાય છે. નશાનો આ કારોબાર હવે અફઘાન સરકારની આવકનો મોટો સ્રોત પણ છે. જોકે હાલના ઘટનાક્રમ સમુદ્ર દ્વારા માદક પદાર્થોની તસ્કરીનો સામનો કરવા માટે ગંભીર ઉપાયોની જરૂરિયાત દર્શાવે છે. જેના માટે મજબૂત કાયદા, પ્રવર્તન એજન્સીઓની ભાગીદારી, કુશળ ગુપ્તચર તંત્ર, નૌસેના અને તટરક્ષક દળોમાં તાલમેલ અને આતંકરોધી ટીમ દ્વારા નિરીક્ષણ તંત્રને મજબૂત બનાવવાની જરૂર છે.

એ પણ વિચારણીય પ્રશ્ન છે કે નશીલા પદાર્થ કઈ રીતે અને ક્યાં ભારતમાં વેચાઈ રહ્યા છે. નશીલા પદાર્થોની માંગ પક્ષને પણ સંબોધિત કરવાની જરૂર છે. નશીલી દવાઓની રોકથામની સાથે જ પુનર્વાસ કાર્યક્રમો કરવાની જરૂર છે. સાથે જ નશા વિરુદ્ધ યુવાઓ વચ્ચે જાગરુકતા અભિયાન ચલાવવાની જરૂર છે. એ ઉપાયોને લાગુ કરવા પડશે જે યુવાઓને નશાથી દૂર રાખવામાં મદદગાર થઈ શકે. જ્યારે પણ નશાની કોઈ મોટી ખેપ જપ્ત થાય છે તો આપણી ચિંતા વધી જાય છે. સોમવારે પંજાબમાં નશાની એક મોટી ખેપ સાથે ડ્રગ મની અને અન્ય ગેરકાયદે સામાન જપ્ત કરવામાં આવ્યા. આ કાળા ધંધામાં આરોપી વ્યક્તિ જ નહીં, તેની પુત્રી અને જમાઈ પણ સંડોવાયેલા હતા. આ નશાનો સામાન પાકિસ્તાનના રસ્તે ભારત પહોંચી રહ્યો હતો. સવાલ થાય છે કે જો આટલા મોટા પાયે નશીલા પદાર્થોની જપ્તી ન થઈ હોત તો કેટલાય યુવા નશીલા પદાર્થોનું સેવન કરીને પથભ્રષ્ટ થતા? દેશનું કેટલું ધન વિદેશોમાં ચાલ્યું જતું? આ નશાથી મળનારાં નાણાં સમયાંતરે આતંકવાદ અને અપરાધની દુનિયાને મજબૂત કરતા.

હાલના દિવસોમાં જ નશીલા પદાર્થોની ભારે માત્રામાં જપ્તી એ વાત તરફ ઇશારો કરે છે કે દેશમાં નશીલા પદાર્થોની ખપત સતત વધી રહી છે જે નિશ્ચિત રૂપે દેશની યુવા શક્તિને પતનના માર્ગ તરફ લઈ જઈ રહી છે. જોવામાં આવ્યું છે કે નશીલા પદાર્થોનું સેવન કરનારા યુવા મોંઘો નશો કરવા માટે અપરાધની દુનિયામાં ઉતરી જાય છે. એ દુર્ભાગ્યપૂર્ણ છે કે પંજાબ અને દેશના અન્ય ભાગોમાં દર વર્ષે હજારો યુવા નશાના ઓવરડોઝથી મોતની ચુંગાલમાં ફસાઈ જાય છે. એવામાં દેશના ભવિષ્યને બચાવવા માટે આપણે રાષ્ટ્રીય સ્તર પર વધારાના સુરક્ષા ઉપાયો કરવાની જરૂર છે. ગયા વર્ષે પંજાબમાં ડ્રોન દ્વારા નશીલા પદાર્થો ભારત લાવવાના કેટલાય મામલા પ્રકાશમાં આવ્યા. કેટલાય ડ્રોન તોડી પાડવામાં આવ્યા અને ભારે માત્રામાં નશીલા પદાર્થો અને હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા. આ હાલતમાં સુરક્ષા તંત્રને મજબૂત કરવા, નશામુક્તિ અભિયાન ચલાવવા અને નશેડીઓના પુનર્વાસ માટે ગંભીર પ્રયાસ કરવાની જરૂર છે.

અઢી લાખની સામે ૨૦ લાખ માગીને વ્યાજખોરે વૃદ્ધાને ધમકી આપી

સેટેલાઈટમાં રહેતી વૃદ્ધાએ પુત્રીને વિદેશ મોકલવા અને પતિની સારવાર માટે વ્યાજે પૈસા લીધા હતા

(એજન્સી) અમદાવાદ,

સેટેલાઈટ વિસ્તારમાં રહેતી એક વૃદ્ધ મહીલાએ પુત્રીને વધુ અભ્યાસ માટે વિદેશ મોકલવા અને પતીની સારવારમાટે ફલેટમાં રહેતા એક વ્યાજખોર પાસેથી પાંચ ટકા વ્યાજે અઢી લાખ રૂપિયા લીધા હતા. આ નાણાંની સામે છથી સાત લાખ વ્યાજ અને મુડી આપી હોવા છતાં વ્યાજખોર ૨૦ લાખ માગીને ધમકી આપતો હતો.જેથી કંટાળીને વૃદ્ધાએ આ મામલે સેટેલાઈટ પોલીસ મથકે ફરીયાદ નોધાવી છે.

સેટેલાઈટ રામદેવનગરમાં ૫૯ વર્ષીયય મનીષાબેન મોદી તેમના પતી સાથે રહે છે. તેમની પુત્રી એક યુરોપ છે. જયારે બીજી પુત્રી સાસરે રહે છે. મનીષાબેન અગાઉ નંદનવન એપાર્ટમેન્ટમાં રહેતા હતા ત્યારે ત્યાં નવમાં માળે ઉમંગ કોટક નામનો વ્યકિત પણ રહેતો હતો. તે સમયે મનીષાબેનને પુત્રીને ઉચ્ચ અભ્યાસ માટે યુરોપ મોકલવા અને તેમના પતીની ન્યુરોની બીમારીની સારવાર માટે નાણાંની જરૂર પડી હતી. જેથી મનીષાબેને ઉમંગભાઈને આઅ બાબતે વાત કરીને પાંચ ટકા વ્યાજે અઢી લાખ રૂપિયા લીધા હતા. આ નાણાંની સામે મનીષાબેને છથી સાત લાખ વ્યાજ ચુકવ્યું હતું. કરાર કર્યા પછી મહીને ૧૨ હજાર વ્યાજ અને એક લાખ મુડી પેટે આપ્યા હોવા છતાંય ઉમંગ કોટક ૨૦ લાખની માગણી કરીને ધમકી આપતો હતો. ત્રસ્ત વૃદ્ધાએ આ મામલે પોલીસને જાણ કરતા સેટેલાઈટ પોલીસે ઉમંગ કોટક સામે ગુનો નોધ્યો છે.

પોલીસના સ્વાંગમાં બે શખ્સો અઢી લાખના દાગીના લૂંટી ફરાર

અમદાવાદ,

શહેરમાં રહેતા એક વેપારી સોનાની ચેઈન, લક્કી અને વીટીઓ પહેરીને બેઠા હતા ત્યારે બે શખ્સો તેમની પાસે આવ્યા હતા અને ક્રાઈમ બ્રાન્ચમાં હોવાની ઓળખ આપી હતી. બાદમાં આચારસંહિતા ચાલતી હોવાથી દાગીના કાઢી નાંખવાનું કહીને વેપારીને લાફો મારીને અઢી લાખના દાગીના લૂંટીને ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસને જાણ થતાં જ વાડજ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ચાંદલોડિયામાં રહેતા વેદપ્રકાશભાઈ ગુપ્તા કલર કામનો કોન્ટ્રાક્ટ રાખી વેપાર કરે છે. વેદપ્રકાશભાઈ નિર્ણયનગર ગરનાળા પાસે એક પાન પાર્લર પાસે બુલેટ પાર્ક કરીને કલર કામ માટેના મજૂરોની રાહ જોઈને ઊભા હતા ત્યારે બાઈક પર આવેલા બે શખ્સોએ ક્રાઈમ બ્રાન્ચના સાહેબ બોલાવે છે તેમ કહેતા વેદપ્રકાશભાઈ તેમની પાસે ગયા હતા. આ બન્ને શખ્સોએ ક્રાઈમ બ્રાન્ચમાંથી આવતા હોવાનું કહીને કાર્ડ બતાવ્યું હતું. બાદમાં આ શખ્સોએ વેદપ્રકાશભાઈને જણાવ્યું કે, અત્યારે આચારસંહિતા ચાલે છે છતાંય આટલા ઘરેણાં પહેરીને કેમ ફરો છો તેમ કહીને ઘરેણાં તપાસ કરવાનું કહીને રૂમાલમાં મૂકાવ્યા હતા. આ રૂમાલની પોટલી વેદપ્રકાશભાઈ ખિસ્સામાં મૂકવા જતા હતા ત્યારે રાકેશ નામના શખ્સે મદદ કરવાનું કહેતા વેદપ્રકાશભાઈએ મનાઈ કરતાં તેમને લાફો મારીને આ દાગીના લૂંટીને શખ્સો ફરાર થઈ ગયા હતા. અઢી લાખના દાગીના લૂંટીને ફરાર થનાર શખ્સો સામે વડાજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આઈટીના નિવૃત્ત પ્રિન્સિપલ કમિશનર સાથે પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુના નામે ઠગાઈ

ગઠિયાએ દિલ્હીના પેન્શન ઓફિસર મિ. તિવારી તરીકેની ઓળખ આપીને ૧૦.૨૦ લાખની છેતરપિંડી આચરી

અમદાવાદ,

ઈન્કમટેક્ષના નિવૃત્ત પ્રિન્સિપાલ કમિશનરને દિલ્હીથી પેન્શન ઓફિસર બોલતો હોવાનો ફોન કરીને શખ્સે પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવાનું કહીને કેટલીક પ્રોસેસ કરાવી હતી. બેંકની એપ્લિકશન અપડેટ કરાવીને ફરિયાદીને એટીએમ મશીનમાં મોકલીને ત્રણ વખત રેફરનસ નંબર નંખાવ્યો હતો. ત્યારબાદ અધિકારીના એકાઉન્ટમાંથી રૂા.૧૦.૨૦ લાખ કપાઈ ગયા હતા જેથી આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આંબાવાડીમાં રહેતા ૬૭ વર્ષીય રમેશકુમાર રામરાજ અમદાવાદ ઈન્કમટેક્ષ ઓફિસમાં પ્રિન્સિપલ કમિશનર હતા અને વર્ષ ૨૦૧૬માં નિવૃત્ત થયા હતા. ગત તા.૧૫મી એપ્રિલે રમેશકુમાર ઘરે હતા તે સમયે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ દિલ્હીના પેન્શન ઓફિસર મિસ્ટર તિવારી તરીકેની આપી હતી. રમેશકુમારે તેની સાથે વાત કરી ત્યારે શખ્સે જણાવ્યું હતું કે, તમારો પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવો પડશે નહીં તો એપ્રિલ મહિનાનું પેન્શન નહીં આવે. ત્યારબાદ ગઠિયાએ મોબાઈલમાં રહેલી એસબીઆઈ યોનો એપ્લિકેશન ઓપન કરાવીને પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ કરવાનું કહીને અપડેટ માટે એટીએમમાં જવાનું કહ્યું હતું જેથી રમેશકુમાર આ શખ્સના જણાવ્યા પ્રમાણે એટીએમમાં ગયા જ્યાં સર્વિસીસના ઓપ્શનમાં જઈને ત્રણ વખત રેફરન્સ નંબર નંખાવ્યો હતો. બાદમાં ગઠિયાએ તમારે ઈ-મેઈલથી પર્સનલ પેન્શન ઓર્ડર રિન્યુ થયાનો મેસેજ આવશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ શખ્સે રમેશકુમારની પત્નીના બેંક એકાઉન્ટ બાબતે પૂછપરછ કરતાં તેમને શંકા જતાં તેમણે ફોન કાપીને બેંકમાં ફોન કર્યો હતો ત્યારે બેંક એકાઉન્ટમાંથી ત્રણ ટ્રાન્જેકશન થઈને કુલ રૂા.૧૦.૨૦ લાખ કપાયા હોવાનું જાણવા મળ્યું હતું. જેથી પોતાની સાથે ઓનલાઈન ફ્રોડ થયો હોવાની જાણ થતાં રમેશભાઈએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બુલેટ ટ્રેનના ટ્રેકનું કામ જાપાની ટેકનિકની મદદથી શરૂ કરાયું

અમદાવાદ,

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં જાપાનીઝ શિંકનસેન ટ્રેક પદ્ધતિ પર આધારિત છે. ભારતમાં આ પ્રથમવાર જે-સ્લેબ બેલાસટલેસ ટ્રેક પદ્ધતિનો ઉપયોગ થઈ રહ્યો છે. ટ્રેકની સંપૂર્ણ પ્રક્રિયા જાપાની પદ્ધતિથી રચાયેલ અને ઉત્પાદિત અદ્યતન મશીનરીથી યાંત્રિકરણ કરાશે. આ વચ્ચે મેક ઈન ઈન્ડિયા હેઠળ કેટલાક મશીનોનું ઉત્પાદન પણ દેશમાં કરાઈ રહ્યું છે. ગુજરાતમાં ટ્રેક નાંખવાનું કામ ચાલી રહ્યું છે. પ્રોજેક્ટ માટે સુરત અને વડોદરા ખાતે ૩૫૦૦૦ એમટી કરતાં વધુની રકમની રેલ અને ટ્રેક બાંધકામ મશીનરીના ત્રણ સેટ (૦૩) પ્રાપ્ત થઈ ગયા છે. ૩ એફબીડબ્લ્યુએમ, ૩ એસએલસી, ૪ આરએફસી મશીનોની સાથે ૨ સીએમએમ કારનો ઉપયોગ ટ્રેક નિર્માણ કાર્ય માટે કરાશે. ૨૫ મીટર લાંબા ૬૦ કિ.ગ્રા.ના રેલને ફ્લેશ બટ્ટ વેલ્ડીંગ મશીન (એફબીડબ્લ્યુએમ)નો ઉપયોગ કરીને વેલ્ડીંગ કરાય છે જે વાયડકટ પર ટીબીસી (ટ્રેક કન્સ્ટ્રકશન બેઝ) નજીક ૨૦૦ મીટર લાંબી પેનલ્સ બનાવે છે. અત્યાર સુધીમાં કુલ ૩ એફબીડબ્લ્યુએમની ખરીદી કરી છે. આ સાથે સ્લેબ પાથરવાના કામ માટે ૩ ટ્રેક સ્લેબ પાથરવાની કાર (એલએલસી)ની વ્યવસ્થા કરાઈ છે અને ૪ રેલ ફીડર કાર (આરએફસી) ખરીદીને આરસી ટ્રેક બેડ પર ૨૦૦ મીટર લાંબી પેનલ્સને લાદીને પાથરવાનું કામ કરાઈ રહ્યું છે.

ડ્રગ્સના કરોડો રૂપિયા હવાલા મારફતે દુબઈ પહોંચતા હોવાનો પર્દાફાશ

અમદાવાદ,

અમદાવાદ સહિત ગુજરાતના ખૂણેખૂણે ડ્રગ્સનો કાળો કારોબાર થઈ રહ્યો છે. જેને રોકવા માટે સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. છેલ્લા ઘણા સમયથી એટીએસ, લોકલ પોલીસ તેમજ કેન્દ્રીય એજન્સીઓએ કરેલા ડ્રગ્સ કેસને જોતાં એક વાત ચોક્કસ છે કે ગુજરાત ડ્રગ્સ ઘૂસાડવા માટેનું એન્ટ્રી પોઈન્ટ બની ગયું છે. ગુજરાતમાં આવતા ડ્રગ્સના રૂપિયા આંગડિયા પેઢી મારફતે દુબઈ જતા હોવાનો ચોંકાવનારો પર્દાફાશ થયો છે. ડ્રગ્સ માફિયાઓ ટુકડે ટુકડે રૂપિયા દુબઈમાં બેઠેલા તેમના આકાને મોકલે છે અને બાદમાં તે રૂપિયા પાકિસ્તાનમાં મોકલી આપવામાં આવે છે. છેલ્લા એક અઠવાડિયામાં એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ) અને નાર્કોટીકસ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ મધદરિયે ઝડપેલા ડ્રગ્સના ચકચારી કિસ્સામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. કરોડો રૂપિયાના જપ્ત કરેલા ડ્રગ્સ કેસની તપાસ એનસીબી કરશે જ્યારે ડ્રગ્સ મંગાવવા માટે જે હવાલા પડયા છે તેની તપાસ એટીએસ કરશે. એટીએસની ટીમ અમદાવાદ સહિતની આંગડિયા પેઢીની તપાસ કરશે અને ગેરકાયદે ટ્રાન્ઝેકશનો પર્દાફાશ કરશે.

'નશામાં ગુજરાત' કે પછી 'ઉડતા ગુજરાત' આ વાત કહેવી કાંઈ ખોટી નથી કારણ કે, છેલ્લા ઘણા સમયથી અમદાવાદ સહિત ગુજરાતના ખૂણેખૂણે ડ્રગ્સનો કારોબાર એટલો બધો વધી ગયો છે કે જેના કારણે યુવાપેઢી બરબાદ થઈ રહી છે. ગુજરાના દરિયાઈ રસ્તાનો ઉપયોગ કરીને પાકિસ્તાનીઓ કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઘૂસાડી રહ્યા છે તેની સૌને ખબર છે પરંતુ રૂપિયા કેવી રીતે પાકિસ્તાન પહોંચે છે તેની કોઈને ખબર નથી. જેનો પર્દાફાશ એટીએસની ટીમે કર્યો છે. એટીએસ, એનસીબી અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા ચાર દિવસ પહેલાં પાકિસ્તાની બોટમાંથી ૬૦૨ કરોડ રૂપિયાનું હેરોઈન ઝડપાયું હતું. જ્યારે ફરીથી ત્રણેય એજન્સીઓએ સાથે મળીને દ્વારકા નજીક એક ભારતીય ફિશિંગ બોટમાંથી રૂપિયા ૬૧ કરોડની કિંમતના હશીશનો ૧૭૩ કિલો જેટલો જથ્થો જપ્ત કર્યો હતો.હશીશકાંડમાં એજન્સીઓએ મહારાષ્ટ્રની ચાર વ્યક્તિ સહિત પાંચ લોકોની ધરપકડ કરી હતી. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો હતો કે મુખ્ય આરોપીઓ સલાયાથી ફિશિંગ માટેની બોટ ભાડે લઈને પાકિસ્તાનની જળસીમામાં પશની નજીક પહોંચ્યા હતા. જ્યાંથી ડ્રગ્સની ડિલિવરી લઈને દ્વારકા પરત આવી રહ્યા હતા ત્યારે એટીએસની બાતમીને આધારે ઝડપાઈ ગયા હતા. બન્ને ડ્રગ્સ કેસની તપાસ હવે એનસીબી કરશે જ્યારે ડ્રગ્સ મામલે જે હવાલા થયા હોય તેની તપાસ એટીએસ કરશે. એટીએસના આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદમાં ઘણી એવી આંગડિયા પેઢી છે. જેની ગુજરાત સહિત અલગ અલગ રાજ્યમાં બ્રાન્ચ છે. આ આંગડિયા પેઢીમાં કેટલાક ડ્રગ્સ માફિયાઓએ દુબઈમાં લાખો રૂપિયાના હવાલા પાડયા હતા. એટીએસના ડીવાયએસપી એસ.એલ.ચૌધરીએ જણાવ્યું છે કે ડ્રગ્સ કેસના મામલે આંગડિયા પેઢીની તપાસ કરવામાં આવશે.

સાણંદ પાલિકાના બોરમાંથી લોખંડની પાઈપો કાઢીને વેચનાર ઝડપાયો

પાલિકાએ પાઈપો ચોરનાર અને વેચાણ રાખનાર સામે ફરીયાદ નોધાવી

(એજન્સી) સાણંદ

સાણંદ પાલીકા દ્વારા ગુજરાત હાઉસીગ વિસ્તારમાં પીવાનું પાણી પુરુ પાડવા માટે બનાવેલા બોરમાં પાણી ઓછું થતાં કેટલાક સમયથી બોર બંધ હાલતમાં જ હતો ત્યારે આ વિસ્તારમાં જ રહેતા એક શખ્સે પાલીકાના બોરમાંથી લોખંડની પાઈપો કાઢીને વેચી મારતા પાલીકાએએ આ શખ્સ તેમજ પાઈપો વેચાણ રાખનાર સામે પોલીસમાં ફરીયાદ નોધાવી છે.

સાણંદના નળસરોવર રોડ પરના ગુજરાત હાઉસીગ બોર્ડની વસાહત આવેલી છે. આ વસાહતને પીવાનું પાણી પુરું પાડવા માટે ૨૦૦૦ના વર્ષમાં પાલીકા દ્વારા બોર બનાવાયો હતો. સમય જતાં આ બોરમાં પાણી ઓછું થતાં તે બંધ કરીને પાલીકા દ્વારા જુદા જુદી યોજનાઓએ દ્વારા આ વિસ્તારમાં પીવાનું પાણી પુરુ પડાય છે. છેલ્લા કેટલાય વર્ષોથીબંધ પડેલા આ બોરની પાઈપો ચોરવા માટે હાઉસીગ વિસ્તારમાં જ રહેતા સંતોષ બળદેવભાઈ વાણીયાએ પ્લાન બનાવ્યો હતો. તેણે ધોળા દિવસે હાઉસીગ બોરમાંથી લોખંડની પાઈપોની કાઢીને વેચી મારી હતી. આ ઘટનાની જાણ થતાં પાલીકાના એન્જીનીયર ભાષ્યંતભાઈ ઠકકર સહીતની ટીમે બોર પર તપાસ કરતા બોરરૂમની દીવાલમાં અને જમીનમાંથી ૧૦,૦૦૦ની કિંમતની પાઈપો ગાયબ હતી. આથી તેમણે સાણંદ પોલીસમાં આ બાબતે ફરીયાદ નોધાવી હતી. પોલીસની તપાસમાં હાઉસીગ બોર્ડ વિસ્તારમાં રહેતા સંતોષ બળદેવભાઈ વાણીયાએ આ ચોરી કરી હોવાની વિગતો મળતા પોલીસે તેને ઝડપી લીધો હતો. સંતોષે પુછપરછ ચોરી કરેલી આ પાઈપો નળસરોવર રોડ પર લોખંડના વેપારી રોશન જગદીશભાઈ પ્રજાપતીને વેચ્યાનું કહયું હતું. આથી પોલીસે બંને સામે ગુનો નોધીને ચોરીનો મુદામાલ કબજે લીધો હતો.

શહેરના વિસ્તાર મુજબ ૪૮ ફાયર સ્ટેશનની જરૂર, છે ફકત ૧૮ જ !

અમદાવાદ,

અમ્યુકોનો વિસ્તાર વધીને ૪૮૦ કિ.મી. થયો છે. સ્ટેન્ડીંગ ફાયર એડાઈઝરી કમિટી મુજબ દર ૧૦ કિ.મી. એક ફાયર સ્ટેશન હોવું જોઈએ. અમદાવાદનો વિસ્તાર અને વસ્તીમાં થયેલા વધારાને ધ્યાનમાં લેતાં શહેરમાં ૪૮ ફાયર સ્ટેશન હોવા જોઈએ. પરંતુ તેની સરખામણીએ અમદાવાદમાં હાલ ૧૮ ફાયર સ્ટેશન કાર્યરત છે અને ત્રણ ફાયર સ્ટેશનનું રીનોવેશન કરવામાં આવી રહ્યું છે અને નવા ૪ ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. આમ ૪૮૦ કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલા અમદાવાદમાં ૪૮થી ૫૦ ફાયર સ્ટેશનની જરૂરિયાતની તુલનાએ ૫૦ ટકા કરતાં પણ ઓછા ફાયર સ્ટેશન આવેલા છે. શહેરમાં ફાયર સ્ટેશનની ઓછી સંખ્યા છે. એટલું જ નહીં પરંતુ એએમસી ફાયર બ્રિગેડમાં સ્ટાફની પણ અછત છે. મ્યુનિ. ફાયર બ્રિગેડમાં મહેકમ મુજબ ૭૯૯ અધિકારીઓ-કર્મચારીઓની સરખામણીએ ૫૨૦ જગ્યા ભરાયેલી છે અને ૨૭૯ જગ્યા ખાલી છે. આમ મ્યુનિ. ફાયર બ્રિગેડમાં ત્રીજા ભાગના સ્ટાફની ઘટ હોવાનું જાણવા મળે છે.

સૂત્રો મુજબ ૨૦૦૬-૦૭ના વર્ષમાં એએમસીમાં શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં આવેલ નગરપાલિકાઓ અને પંચાયતોનો સમાવેશ કરાયા પછી એએમસીનો વિસ્તાર બમણો વધીને ૪૮૦ કિ.મી. થયો છે. પરંતુ અગમ્ય કારણોસર શહેરમાં જરૂરિયાત મુજબ ફાયર સ્ટેશનની સંખ્યા અને સ્ટાફની ભરતી કરીને એએમસી ફાયર બ્રિગેડને વધુ સુદ્રઢ બનાવવા માટે પ્રયાસો કરવામાં આવ્યા નથી. હાલ શહેરમાં ૧૮ ફાયર સ્ટેશન કાર્યરત છે અને દાણાપીઠ, ઓઢવ અને પાંચકૂવા જ્યારે ગોતા, ચાંદલોડિયા, વાસણા, શીલજ એમ ૪ નવા ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન કરાયું છે.

નવરંગપુરામાં ૩ વેપારીઓ પાસે ૭૭ લાખ પડાવનાર બે આરોપીની ધરપકડ

અમદાવાદ,

અમદાવાદ ઈઓડબ્લ્યુમાં વધુ એક ઠગ ટોળકી સામે ૭૭.૯૨ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે જેમાં બે આરોપીઓને ઝડપી પાડીને મુખ્ય આરોપીઓને પકડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે. ચાર શખ્સોએ અલગ અલગ કંપનીઓ ખોલીને લોકોને વધુ કમિશન આપવાની લાલચે કરોડો રૂપિયાનું રોકાણ કરાવીને ઠગાઈનું કૌભાંડ આચર્યાનું સામે આવ્યું છે. અગાઉ આ જ ઠગ ટોળકી વિરૂદ્ધ સુરત, નવરંગપુરા, ગોવા સહિત અનેક જગ્યાએ છેતરપિંડીની પણ ફરિયાદો નોંધાઈ ચૂકી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

સુરતમાં પાલમાં રહેતા હિરેન જોગાણી, કેતન સોલંકી, આણંદના દીપક શાહ અને નિકોલના જીગર નિમાવત એમ ચાર શખ્સો ભેગા મળીને એવરગ્રો ઈન્વેસ્ટર, ઈમેજ ટુર્સ પ્રાઈવેટ લિમિટેડ, આઈએમ ટુર્સ અને ઈનકોમ અરેન્જર માર્કેટ નામની બોગસ કંપનીઓ વર્ષ ૨૦૨૦માં ખોલી હતી. આ કંપનીમાં સીએમડી કેતન, એમડી હિરેન, ફાઈનાન્સ મેનેજર દીપક અને નેશનલ હેડ જીગર તરીકે જવાબદારી સંભાળતા હતા. ચારેય શખ્સો કંપનીમાં રોકાણ કરવાથી ૪ ટકા કમિશન આપવાનું તેમજ એક વર્ષમાં પૈસા પરત મળી જશે તેવી લોભામણી લાલચો આપતા હતા. ટોળકી ઓછામાં ઓછા રૂા.૧૦,૫૦૦નું રોકાણ કરાવીને ૫૦૦ રૂપિયા સર્વિસ ટેકસ કહીને આઈડી જનરેટ કરીને રોકાણકારોને આપી દેતા હતા. આવી જ રીતે ઠગ ટોળકીએ તુષાર કથિરિયા પદ.૧૭ લાખ, કીર્તિસિંહ ગોહિલ ૧૧.૫૦ લાખ, પારસ પટેલ ૧૦.૨૫ લાખ મળીને ૭૭.૯૨ લાખ રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું.

અમદાવાદ સ્ટેશન પર કામગીરીને કારણે નિર્ણય

ગાંધીનગર-વેરાવળ સુપરફાસ્ટ ટ્રેન ૧૫ મેથી રાત્રે ૯.૪૫ વાગે ઉપડશે

(એજન્સી) અમદાવાદ,

અમદાવાદ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા પુનવિકાસનાં કામોને કારણે અમદાવાદથી વેરાવળ જતી આવતી ટ્રેનોને ગાંધીનગર કેપીટલ સ્ટેશન ખાતે ડાઈવર્ટ કરાઈ છે. જેના પગલે આ ટ્રેનોના સંચાલનની સાથે મેન્ટેનન્સને ધ્યાનમાં રાખી આવી કેટલીક ટ્રેનોના સમયમાં ૧૫ મેથી નજીવો ફેરફાર કરવામાં આવશે.

રેલવે અધિકારીએ જણાવ્યું કે, ટ્રેન નંબર ૨૨૯૫૭ ગાંધીનગર કેપીટલ-વેરાવળ સુપરફાસ્ટટ રાતે ૯.૫૫ કલાકને બદલે ૯.૪૫ કલાકે ગાંધીનગર કેપીટલથી ઉપડશે અને સવારે ૫.૪૫ કલાકે વેરાવળ સ્ટેશને પહોચશે. ટ્રેન નં.૧૯૧૧૯ ગાંધીનગર કેપીટલ વેરાવળ એકસપ્રેસ સવારે ૧૦.૩૫ કલાકે ગાંધીનગરથી ઉપડશે. ટ્રેન નં.૧૯૩૧૯ વેરાવળ ઈન્દોર મહામના એકસપ્રેસ જુનાગઢ ખાતે ૫ મીનીટ અને રાજકોટ ખાતેથી ૧૦ મીનીટ વહેલી ઉપડશે. જયારે માર્ગમાં અન્ય સ્ટેશનોના સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

ગુજરાતના ૪ જિલ્લાઓમાં વરસાદ ની આગાહી

(એજન્સી) અમદાવાદ,

રાજ્યમાં ગરમીનું જોર રહેવાની અને હીટવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. સાથે જ વરસાદ થવાની સંભાવનાઓ પણ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. જેમાં રાજ્યના ચાર જિલ્લાઓમાં વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ છે.આજે ગુજરાતમાં મતદાનનો દિવસ છે, લોકસભાના ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ગુજરાતની ૨૫ બેઠકો પર મતદાનનો દિવસ છે આવામાં આકરી ગરમી વચ્ચે મતદારો સવારે જે ગતિથી મતદાન મથકો પર આવી રહ્યા હતા તેમાં મોટો ઘટાડો નોંધાયો છે. ઘણાં મતદાન મથકો આકરી ગરમીના કારણે ખાલીખમ દેખાઈ રહ્યા છે. આવામાં ગુજરાતમાં હવામાનની શું સ્થિતિ છે તે અંગે અમદાવાદ હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય દ્વારા કેટલીક જરુરી માહિતી આપવામાં આવી છે. ગુજરાતમાં આગામી દિવસોમાં પણ ગરમી યથાવત રહેવાની શક્યતાઓ સાથે વરસાદની સંભાવનાઓ પણ તેમના દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. નોંધનીય છે કે,ભરબપોરે અંબાજીમાં વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય જણાવે છે કે, આગામી પાંચ દિવસ ગુજરાતનું હવામાન સૂકું રહેવાની શક્યતાઓ છે. જ્યારે છઠ્ઠા અને સાતમા દિવસે હળવા વરસાદની સંભાવનાઓ કેટલાક વિસ્તારો માટે વ્યક્ત કરવામાં આવી છે. વરસાદની શક્યતાઓ દક્ષિણ ગુજરાત માટે વ્યક્ત કરાઈ રહી છે.

હળવા વરસાદની સંભાવનાઓ છે તેમાં છોટાઉદેપુર, નર્મદા, તાપી અને ડાંગનો સમાવેશ થાય છે. હળવા વરસાદની શક્યતાઓ પહેલા રાજ્યમાં આકરી ગરમીની સંભાવનાઓ છે જેમાં કેટલાક વિસ્તારમાં હીટવે

સ્ત્રી સમાનતા: હજુ ઘણો રસ્તો ખેડવાનો બાકી છે

સ્ત્રીઓને સમાન તકો મળે, સમાન દરજ્જો મળે, સમાન અધિકાર મળે તે માટે વ્યવસ્થાને પાયામાંથી બદલવી પડે અને તેને માનવપ્રધાન બનાવવાની દિશામાં દોરવી પડે

હ્યુમન રાઈટ્સની વાત આવે ત્યારે માનવાધિકારોમાં મહિલાઓને સ્થાન અપાવ્યું તેમને યાદ કરવાનું કેમ ભૂલી જવાય ?

હંમેશા જેમણે સરળ રસ્તો છોડીને ઉબડખાબડ ચીલે ચાલવાનું પસંદ કર્યું. અનેક પડકારોથી સંઘર્ષરત જિંદગી જીવવાને બદલે જીવનને સુખ, વૈભવથી તેઓ સજાવી શક્યાં હોત, પણ વિચક્ષણ અને પારગામી દૃષ્ટિ ધરાવનારા આ મહિલાએ પોતાના જીવનના ખમીરને સતત પડકાર્યું અને જુદાં-જુદાં ક્ષેત્રોમાં પ્રકાશનું પ્રથમ કિરણ પાથરનારાં બની રહ્યાં. હંસાબહેને માત્ર દેશમાં જ નહીં, પરંતુ સમગ્ર દુનિયામાં માનવાધિકાર ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ભાગ ભજવ્યો. ઈન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલ અનુસાર વર્ષ ૧૯૪૭-૪૮માં જ્યારે તેમને સંયુક્ત રાષ્ટ્રસંઘ માનવાધિકાર સમિતિના ભારતીય પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યાં હતાં ત્યારે તેમણે માનવાધિકારોના સાર્વત્રિક ઘોષણાપત્ર માટે તૈયાર કરાયેલા દસ્તાવેજના પ્રથમ અનુચ્છેદમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કરાવ્યો હતો.

આ ઘોષણાપત્રના પ્રથમ અનુચ્છેદમાં કંઈક આ પ્રકારની નોંધ હતી, ઓલ મેન આર બોર્ન ફ્રી એન્ડ ઈકવલ આ અનુચ્છેદમાં સ્ત્રીઓની વાત સમાવિષ્ટ ન હોવાનું હંસાબહેનને લાગ્યું. તેમણે તરત જ મેન શબ્દ પર વાંધો ઉઠાવ્યો અને તેના સ્થાને હ્યુમન બિંગ એટલે કે મનુષ્ય એવો શબ્દ ઉમેરાવ્યો. આમ, સંયુક્ત રાષ્ટ્રસંઘના માનવાધિકારનાં ઘોષણાપત્રમાં સ્ત્રીઓને પણ સમાન પ્રતિનિધિત્વ મળી શક્યું.

સુધારા બાદ સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તૈયાર કરાયેલા માનવાધિકારોના સાર્વત્રિક ઘોષણાપત્રનો પ્રથમ અનુચ્છેદ કંઈક આ પ્રમાણે નોંધાયો છે ઓલ હ્યુમન બિંગ્સ આર બોર્ન ફ્રી એન્ડ ઈકવલ આ ઘટના લિંગ સમાનતા અને માનવાધિકારો માટે તેમની ઊંડી સમજ અને ઝીણવટભરી નજરનું ઉદાહરણ પૂરું પાડે છે. આપણે જાણીએ છીએ કે લૈંગિક સમાનતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે કાયદામાં ફેરફાર કરવાની સાથે બીજું ઘણું કામ કરવાની જરૂર છે. કાયદાને યોગ્ય રીતે અમલમાં લાવવા જરૂરી છે. તેના માટે રાજકીય મંશા હોવી જરૂરી છે. જુદા-જુદા સમાજમાંથી પુરુષ અને મહિલાની આગેવાની હોવી જરૂરી છે.

દુનિયાના કેટલા એવા દેશ છે કે જ્યાં પુરુષ અને મહિલાને એકસમાન અધિકાર મળે છે ? આ સવાલનો જવાબ હજુ પણ એક આંકડામાં જ સમાયેલો છે. જી હા, માત્ર છ જ દેશ એવા છે કે જે મહિલાઓ અને પુરુષોને એકસમાન અધિકાર આપે છે.

જે ઘણી સ્ત્રીઓ કોર્પોરેટ ક્ષેત્રમાં ઉચ્ચ હોદ્દા પર સત્તારૂઢ છે, ઘણી રાજકીય ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે, કળા, સાહિત્ય, પત્રકારત્વ, અને શૈક્ષણિક ક્ષેત્રે પણ મહત્ત્વનું યોગદાન આપી રહી છે. ઈન્દ્રા નુયી, અરુંધતી ભટ્ટાચાર્ય, સુનિતા વિલિયમ્સ, બરખા દત્ત જેવી સફવ સ્ત્રીઓનાં જ્વલંત ઉદાહરણ આપણી સામે છે. કારકિર્દીની ટોચ પર બેઠેલી સ્ત્રીઓને જોઈને સહજ એવી લાગણી થાય કે હવે સ્ત્રીઓ કોઈ બાબતમાં પુરુષો કરતાં પાછળ નથી. આધુનિક વસ્ત્રો ધારણ કરીને શહેરી રસ્તાઓ પર મુક્તપણે વાહન ચલાવતી બહેનોને જોઈને એવી દલીલ થાય કે હવે જમાનો બદલાઈ ગયો છે. વાત મહદઅંશે સાચી પણ છે. સમાજ ચોક્કસ બદલાઈ રહ્યો છે. સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે, સ્ત્રીઓ ઘરની ચાર દીવાલોમાંથી હવે બહાર આવતી થઈ છે, ઘરની બહાર કામ કરતી થઈ છે અને જાહેર જીવનમાં ભાગ પણ લઈ રહી છે. એક નાનકડા ચોક્કસ વર્ગમાં સ્ત્રીઓને પોતાની કારકિર્દી પસંદ કરવાની અને ઘડવાની મોકળાશ પણ મળી રહે છે. ઉપરથી મનોરમ્ય લાગતું ચિત્ર દુર્ભાગ્યે સમસ્ત સમાજનું પ્રતિબિંબ નથી. થોડીક પોપડી ઉખેડીએ એટલે સ્ત્રીઓને નડતી અનેકવિધ વિષમતાઓ ઉભરાઈને સામે આવે. મોટા ભાગની સ્ત્રીઓને મળતી મોકળાશનો વ્યાપ મર્યાદિત છે, સમજવા માટે કોઈ ઊંડા અભ્યાસની જરૂર નથી. થોડી સંવેદનશીલતા સાથે તપાસ કરતાં દેખાઈ આવે કે સ્ત્રીઓને મુક્ત વિકાસમાં ક્યારેક સંસ્કૃતિ અને રૂઢીરિવાજો, તો ક્યારેક આર્થિક મર્યાદા નડે. વળી, સલામતીનો પ્રશ્ન તો દિનબદિન વકરતો જાય છે, જેને કારણે સ્ત્રીઓની સ્વતંત્રતા પર ઘણા અંકુશ મુકાયા છે. કઈ રીતે ઊઠવું, કઈ રીતે ચાલવું, કઈ રીતે બોલવું, કોની સાથે બોલવું, કેટલા વાગ્યે ઘરે આવી જવું, કોની સાથે દોસ્તી કરવી વગેરે પર સીધી કે આડકતરી રીતે ઘણી સામાજિક પાબંદીઓ આજે પણ છે. એટલે સાચા અર્થમાં મુક્ત માનવ બનીને જીવવાની સ્વતંત્રતા ગણીગાંઠી સ્ત્રીઓને પ્રાપ્ત થાય છે. સામાજિક મૂલ્યો અને સમજ રાતોરાત બદલાતાં નથી. સ્ત્રીઓને સમાન તકો મળે, સમાન દરજ્જો મળે, સમાન અધિકાર મળે તે માટે વ્યવસ્થાને પાયામાંથી બદલવી પડે અને તેને માનવપ્રધાન બનાવવાની દિશામાં દોરવી પડે. પરિવર્તન ઘણું ધીમું છે, પણ અશક્ય નથી.

શાકભાજીના ભાવમાં પણ ઉછાળો

ગરમી વધતા લીંબુ, ફૂદીનો, નારિયેળના ભાવમાં વધારો

(એજન્સી) અમદાવાદ,

ગુજરાતમાં સતત વધી રહી છે ગરમી. વધતી જતી ગરમીમાં લોકો બોડીને હાઈડ્રેટ રાખવા માટે લીંબુ, ફૂદીનો, નારિયેળ જેવી વસ્તુઓના ભાવ અત્યારે સતત વધારી રહ્યાં છે. કારણે આ વસ્તુઓની બજારમાં સ માંગ વધી રહી છે. ત્યારે અ સાથે જ કેટલીક શાકભાજીના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. જાણો ગરમીના લીધે શાકભાજીના ભાવ પર પડ્યો કેટલો અસર મોટી કંપનીઓ દ્વારા ખેડૂત પાસેથી એડવાન્સ ચાર મ પહેલા બુક કરાવી દીધુ હો બજારમાં અ ઓછા આવી છે.જેના લીધે ભાવોમાં અત્યંત ઉછાળો આવી ગયો છે. ગુજરાતમાં અસહ્ય ગરમીનાના કારણે લીંબુની માંગ સૌથી વધારે છે. જેને કારણે હાલ અમદાવાદની વાત કરીએ તો લીંબુનો હોલસેલ ભાવ પણ ૧૦૦ રૂપિયા કિલો કરતા પણ વધી ગયો છે. જેને શહેરના પશ્ચિમ વિસ્તારમાં લીંબુનો રીટેલ ભાવ ૧૮૦ થી ૨૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. સારી ક્વાલિટીના લીંબુ અમદાવાદમાં હાલ ૨૦૦ રૂપિયે કિલોમાં વેચાઈ રહ્યાં છે. ગરમીમાં તબીબો લીંબુ પાણી, છાશ અને નાળિયેર પીવાનું કહી રહ્યા છે. તેવામાં એક લીંબુ રૂ.૧૫ થી ૨૦ માં પડી રહ્યુ છે.

લીંબુ પાણીનો ગ્લાસ પહેલા રૂ.૧૫ મળતો હતો તે અત્યારે રૂ.૨૦ મળી રહ્યો છે. છાશ એક ગ્લાસ રૂ.૧૦ મળતી હતી તે હાલમાં રૂ.૧૫ અને નાળિયેર પાણી રૂ.૪૦ મળતુ હતુ તે રૂ.૬૦ થી ૭૦માં મળી રહ્યું છે. એમાંય પાણી વાળા અને મલાઈ વાળા નાળિયેર એમ બે પ્રકારના નાળિયેર આવતા હોય વેપારી અલગ અલગ ભાવો લેવાનું ચાલુ કર્યુ છે. આમ મોંઘવારીના લીધે લોકોની હાલત કફોડી થઈ ગઈ છે. એમાં ખાંડના ભાવમાં કિલોએ રૂ.૨ નો વધારો થયો છે એટલે કે, રૂ.૪૦ કિલો મળતી ખાંડ હાલમાં રૂ.૪૨ કિલો મળી રહી છે.

ઉનાળાની ગરમીએ આખા મહારાષ્ટ્રને ધગધગતી ભઠ્ઠીમાં ફેરવી નાખતા લીલા શાકભાજીની આવકમાં ઘટાડો થવાથી ભાવમાં ભડકો થયો છે. નવી મુંબઈની એ.પી.એમ.સી. (એગ્રીકલ્ચર પ્રોડયુસ માર્કેટ કમિટિ)ની જથ્થાબંધ બજારમાં ફણસી, ફ્લાવર, કાકડી, સરગવાની શિંગ, કોથમીર, મેથી, મૂળા, પાલક અને વટાણાના ભાવ ઝડપથી ઉંચે ચડવા માંડયા છે.

પહેલા પાક થયા બાદ તેના ભાવો બજારમાં પડતા હતા. જયારે અત્યારે એડવાન્સમાં ભાવો પાડીને જો સીધા ખેડૂતોને નાણાં ચૂકવી દેવામાં આવી રહ્યા છે.જેના લીધે હોલસેલ માર્કેટમાં જેટલી જરૂરિયાત હોય તેના ચાલીસ ટકા આવી રહ્યા છે. આટલુ જ નહીં અત્યારે ખેડૂતો એડવાન્સમાં નાણાં માગે છે. આજ રીતે દૂધના ભાવો વધતાની સાથે છાશના ભાવો પણ વધારી દેવામાં આવ્યા હતા. અત્યારે રૂ.૧૫ મળી રહી છે. આ પછી ફુદીના છાશ, પંજાબી છાશના નામે રૂ.૨૦ થી ૨૫ વેપારીઓ ગ્રાહકો પાસેથી ખખેરી રહ્યા છે.

લીંબુનો હોલસેલ ભાવ ૧૦૦ રૂપિયા કિલો કરતા પણ વધી ગયો

રેપ પીડિતાને બાળકને જન્મ આપવા ફરજ ના પાડી શકાય: કેરળ હાઈકોર્ટ

(એજન્સી) કોચી,

કેરળ હાઈકોર્ટે જણાવ્યું છે કે બળાત્કારનો ભોગ બનેલી મહીલાને તેની પર દુષ્કૃત્ય કરનાર પુરુષના બાળકને જન્મ આપવાની ફરજ પાડી શકાય નહી. કોર્ટે જણાવ્યું હતું કે મેડીકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એકટની કલમ ૩(૨) ની જોગવાઈ અનુસાર ગર્ભને કારણે મહીલાના શારીરિક કે માનસીક સ્વાસ્થ્ય પર અસર થાય તેમ હોય તો ગર્ભપાત કરી શકાય.

મહિલાના સ્વાસ્થ્ય પર અસર થાય તેમ હોય તો ગર્ભપાત કરી શકાય

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, અનિચ્છનીયય પ્રેગ્નન્સીના તબીબી રીતે ગર્ભપાતની મંજૂરી નહી આપવાનો અર્થ મહીલાને માતા બનાવાની ફરજ પાડવાનો અને સ્વમાન સાથે જીવન જીવવાનો તેનો અધિકાર છીનવવાનો થઈ શકે. કોર્ટના જણાવ્યા અનુસાર "મેડીકલ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી એકટની કલમ ૩ (૨)ની સ્પષ્ટતા-૨ મુજબ મહીલા બળાત્કારની કારણે ગર્ભવતી થઈ હોય તો એ પ્રેગનન્સીને કારણે મહીલાના માનસીક આરોગ્યને ગંભીર ઈજા થઈ હોવાનું માનવામાં આવે છે. એટલે બળાત્કારનો ભોગ બનેલી મહીલાને તેના પર બનેલી મહીલાને તેના પર બળાત્કાર કરનાર પુરુષની માતા બનવાની ફરજ પાડી શકાય નહી."

હાઈકોર્ટે જણાવ્યું હતું કે, "મોટા ભાગના કેસમાં લગ્ન સિવાયની પ્રેગનન્સી ઈજા સાથે સંકળાયેલી હોયય છે. ખાસ કરીને આવા કેસમાં પ્રેગટન્ટ મહીલાના શારીરિક અને માનસીક સ્વાસ્થય પર ગંભીર અસર થાયય છે. એટલે આવી પ્રેગનન્સીમાં બાળકને જન્મ આપવાની ફરજ પાડી શકાય નહી. કોર્ટે ૧૬ વર્ષની યુવતી દ્વારા કરાયેલી પીટીશનમાં આવો ચુકાદો આપ્યો હતો.

હાલ ભારતની સૌથી મોટી સમસ્યા કેનેડામાં છે: જયશંકર

(એજન્સી) ભુવનેશ્વર,

ભારત વિરોધી-ખાલીસ્તાનની આતંકીઓને પોતાના દેશમાં લાલ જાજમ બિછાવી આવકારવા બદલ કેન્દ્રીય વિદેશ મંત્રી એસ. જયશંકરે કેનેડાની જસ્ટીન ટ્રુડો સરકારની આકરા શબ્દોમાં નિંદા કરી હતી. હાલમાં ભારતની સૌથી મોટી સમસ્યા કેનેડામાં સત્તાધારી પક્ષ અને અન્ય પક્ષોએ અભિવ્યકિતની સ્વતંત્રતાના નામે તમામ પ્રકારના કટ્ટરવાદ અલગતાવાદ, અને હિંસાને પ્રસારને વાજબી ઠેરવવાનું કામ કર્યું છે. આપણે જયાયરે પણ તેમને કંઈક રજુઆત કરીએ ત્યારે હંમેશા તેમનો એક જ જવાબ હોય છે કે, અમે એક લોકશાહી રાષ્ટ્ર છીએ અને અમે વાણીની સ્વર્તંત્રતામાં વિશ્વાસ ધરાવીએ છીએ.

ભારરત સરકારની ચેતવણીને અવગણીને ટ્રુડો સરકાર દ્વારા પોતાના રાજકીયય લાભ માટે ખાલીસ્તાન તરફી તત્વોને વિઝા જારી કરવાની નીતીની પણ તેમણે ઝાટકણી કાઢી હતી. પોતાના પુસ્તક 'વ્હાય ભારત મેટર્સ' પર યોજાયેલા એક સંવાદમાં જયશંકરે જણાવ્યું હતું કે કેનેડમાં રહેતાં પાકિસ્તાન તરફી વલણ ધરાવતા કેટલાંક લોકોએ પોતાને રાજકીયય રીતે સંગઠીત બનાવી દીધાં છે. અને હવે તેઓ વગદાર રાજકીય લોબી બની ચુકયા છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જે કેનેડામાં ખાલીસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનો કેસમાં કેનેડામાં એડમેન્ટન શહેરમાંથી ત્રણ પંજાબીઓની ધરપકડ કરી હતી.

કેનેડાના વડાપ્રધાન જસ્ટી ટ્રુડો દ્વારા કરાયેલી ભારતની ટીકાનો જવાબ આપતા જયશંકરે જણાવયું હુતં કે, કેનેડાના અપવાદને બાદ કતાં અગાઉની તુલનાએ વૈશ્વીક સ્તરે ભારતની છબી ઘણી પ્રતીષ્ઠીત અને મજબુત છે. ટ્રુડોનો દેશ એવું માને છે. કે, તેઓ પોતાના દેશમાં ગુનેગારોને આવકારો અને તેની કોઈ પ્રતીક્રિયા નહી આપપે. જોકે તેમણે એ સમજવાની જરૂર છે કે હવે દુનિયા બદલાઈ ચુકી છે. અને હવે તે વન-વે સ્ટ્રીટ રહી નથી. ન્યુટનનો રાજકારણનો નિયમ ત્યાં પણ લાગુ થશે. જો ત્યાં કંઈક થશે તો તેની પ્રતીક્રિયા આવશે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના તમામ વિભાગ દ્વારા યાત્રાનું આયોજન

૧૦મીએ પરશુરામ જયંતિ નિમિત્તે શહેરમાં ભવ્ય શોભાયાત્રા નીકળશે

(એજન્સી) અમદાવાદ,

ભારતીય સંસ્કૃતિના રક્ષક શસ્ત્ર અને શાસ્ત્ર પ્રખર જ્ઞાતા ચિરંજીવ દેવ ભગવાન પરશુરામ દાદાનો જન્મોત્સવ ૧૦ મેના રોજ મનાવવામાં આવશે. આ પ્રસંગે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અમદાવાદ શહેર દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું છે.

આ શોભાયાત્રા શ્રી કર્ણમુકતેશ્વર મહાદેવ મંદીર, સારંગપુરથી નીકળશે. જયારે પશ્ચિમ વિભાગના અલગ અલગ વિસ્તારોમાંથી પણ યાત્રા નીકળશે. આ તમામ યાત્રા ફુટબોલ ગ્રાઉન્ડ કાંકરીયા પહોચશે. અને ત્યાંથી ભેગી થઈ આગળ વધશે જે બપોરેર લગભગ ૧ કલાકે જવાહરચોક ચાર રસ્તા પાસે પહોચી પુર્ણ થશે. યાત્રા દરમ્યાન રસ્તામાં વિવિધ સર્કલ પર સ્થાનીક સંસ્થાઓના સહયયોગથી પાણી છાસ, શરબત, આઈસ્ક્રીમ, તથા હળવા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત માર્ગમાં અનેક સ્થળે ભુદેવો દ્વારા ફટાકડા ફોડીને ભગવાન પરશુરામ દાદાની આરતી ઉતારીને યાત્રાનું સ્વાગત કરાશે.

ભગવાન શ્રી પરશુરામની શોભાયાત્રા કર્ણમુકતેશ્વર મહાદેવથી નીકળી રાયપુર દરવાજા, વેદમંદીર થઈ ફૂટબોલ ગ્રાઉન્ડ પહોચશે. જેમાં અમદાવાદના વિવિધ વિસ્તારોમાંથી તેમજ સમાજના વિભાગો દ્વારા કાઢવામાં આવેલી શોભાયાત્રા ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે મુખ્ય શોભાયાત્રામાં જોડાશે. ત્યાંથી મુખ્ય યાત્રા એલ.જી.ગ્રાઉન્ડ, મદ્રાસી મંદીર ખોખરા, સર્કલ ફીઝીકલ ગ્રાઉન્ડ આવકાર હોલ જયમાલા થઈ જવાહર ચોક પહોચશે. ત્યારબાદ ધર્મસભાનું આયોજન કરાયું છે. જેમાં સંતો અને સમાજના અગ્રણીઓ આશીવર્ચન આપશે તેમ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના મહામંત્રી અનીલ શુકલા મહીલા પ્રમુખ ડો.ધારીણીબેન શુકલએ જણાવ્યું હતું.

રજુઆતો પછી મુદત વધારવામાં આવી હતી

૩૧ મે સુધી પાન-આધાર લિંક ન હોય તો બમણો ટેક્ષ લાગશે

(એજન્સી) અમદાવાદ,

આવકવેરા વિભાગે પાનકાર્ડ ને આધારકાર્ડ લિંક સાથે લિંક કરવાની મુદત ૩૧ મે ૨૦૨૪ સુધી લંબાવી છે. જે કરદાતા આ મુદત સુધીમાં પાનકાર્ડ-આધારકાર્ડ સાથે લિંક નહી કરાવે તો તેણે આવક પર બમણો ટીડીએસ ચુકવવો પડશે.

આવકવેરા વિભાગના નિયમ અનુસાર બંને કાર્ડ લિંક ન હોયય તો પેનલ્ટી તરીકે બમણો ટેક્ષ વસુલવાની જોગવાઈ છે. અગાઉ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટર ટેકિસસને ફરીયાદ મળી હતી કે, તેમને બંને કાર્ડ લીક કરાવવા અંગેના નિયમની જાણ ન હતી. આ રજુઆતોને પગલે મુદત ૩૧મે સુધી લંબાવવામાં આવી હતી. કેટલાક ટેક્ષ કન્સલ્ટન્ટના જણાવ્યા અનુસાર કાર્ડ લિંક ન હોવાથી અને હવે મુદત ઓછી હોવાથી સંખ્યાબંધ લોકોને પેનલ્ટી સ્વરૂપે બમણો ટેક્ષ ભરવાનો વારો આવી શકે છે.

પાનકાર્ડ સાથે આધારકાર્ડ લિંક ન હોય તો ટેક્ષનું રીફન્ડ મળવામાં પણ સમસ્યા સર્જાય છે. આ ઉપરાંત રીફન્ડ પર મળતું વ્યાજ પણ ઓછું આવે છે. પર મળતું વ્યાજ પણ ઓછું આપે છે. આવકવેરા વિભાગે રીટર્ન ફાઈલ કરતી વખતે તેની સાઈટ પર જઈ પાનકાર્ડ સાથે આધારકાર્ડ લીક છે કે નહીં તેની ખાતરી કરવાની કરદાતાઓને સલાહ આપી છે. જો બંને કાર્ડ લિંક ન હોયય તો નિયમ મુદત સુધીમાં કરાવી લેવાની તાકીદ કરાઈ છે. ટેક્ષની ચોરી અટકાવવા માટે આવકવેરા વિભાગે બંને કાર્ડને લિંક કરવાનો નિયમ ફરજીયાત બનાવ્યો છે.

જાડેજા તેના વૈવિધ્યને કારણે વર્લ્ડ કલાસ બન્યો છે: એરોન ફિંચ

જાડેજાની ઓલરાઉન્ડ રમત કોઈ પણ ટીમમાં બેલેન્સ લાવી દે છે

(એજન્સી) નવીદિલ્હી,

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલીયન ક્રિકેટર એરોન ફિંચે ભારતના ઓલરાઉન્ડ રવીન્દ્ર જાડેજાએ વર્લ્ડ કલાસ ગણાવ્યો છે. અને કહયું હતું કે, તેની રમતમાં વૈવિધ્યને કારણે તે આ કક્ષાએ પહોચ્યો છે કેમ કે તે જે કોઈ ટીમ માટે રમતો હોય તેની ટીમમાં બેલેન્સ લાવી દેતો જોવા મળ્યો છે.

વર્તમાન આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ રવીવારે રમાયેલી મેચમાં રવીન્દ્ર જાડેજાએ ચેન્નઈ સુપર કિંગ્સ માટે ૪૩ રન ફટકારવા ઉપરાંત બોલીંગમાં પણ કમાલ કરી હતી અને ત્રણ વિકેટ હતી. જેના કારણે પંજાબકિંગ્સ સામે ચેન્નઈનો ૨૮ રનથી વિજય થયો હતો. અને જાડેજાએ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. અને જાડેજાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.

એરોન ફિંચે જણાવ્યું હતું કે રવીન્દ્ર જાડેજાએ એક અદભૂત ખેલાડી છે. તેનામાં વૈવિધ્યતા છે અને તેને કારણે જ તે અસરકારક બની ગયયો છે. બોલીંગમાં તો તેણે ઘણો અસરકારક છે. અને વિકેટો ખેરવે છે.

વર્તમાન આઈપીએલમાં જાડેજા ઈકોનોમીની રીતે પણ ઘણો સફળ રહયો છે. તે આઠ કરતા ઓછા રન પ્રતીઓવરની સરેરાશથી બોટીંગ કરી રહયો છે. તેમાં ય રવીવારે પંજાબ સામે ત્રણ વિકેટ ખેરવીને તેણે પુરવાર કરી દીધું હતું કે તે ખરેખર વર્લ્ડ કલાસ ઓલરાઉન્ડર છે તેમ એરોન ફિંચે ઉમેયું હતું.

ફિંચએ બાબતથી પણ પ્રભાવીત થયો હતો કે જાડેજાએ રવિવારે ચેન્નાઈના ૧૬૯ રનના સ્કોરને ડીફેન્ડ કરવામાં મહત્વની ભુમીકા ભજવી હતી. અને તેને ચાર ઓવરનો કવોટા પુરો કરીને માત્ર ૨૦ જ રન આપીને ત્રણ વિકેટ ખેરવી હતી.પંજાબ કિંગ્સ માત્ર ૧૭૦ રનના સ્કોરને ચેઝ કરી રહયું હતું ત્યારે માત્ર ૨૦ રન જ આપાવા અને ત્રણ વિકેટ ખેરવવી તે બાબત જ દર્શાવે છે. કે તો વિશ્વનો સર્વેશ્રેષ્ઠ ઓલરાઉન્ડર છે. તેમ ફિંચે ઉમેયું હતું.

વધારે પડતી કેરી ખાવાથી પણ નુકશાન થઈ શકે

ભાગ્યે જ એઅવી કોઈ વ્યકિત હોય જેને કેરી ન ભાવતી હોય. કેરી વિટામીન સી સહીત જરૂરી પોષકતત્વોથી ભરપૂર હોય છે. જે રોગપ્રતીકારક શકિત વધારે છે. સાથે જ શરીરને ફાયદો પણ કરે છે. ઘણા લોકો તો દિવસ દરમ્યાન ૫,૬ કેરી આ આરામથી ખાઈ લેતા હોય છે. જો કે કેરી વધારે પ્રમાણમાં ખાવામાં આવે તો તે નુકશાન પણ કરે છે. તેથી કેરી દિવસ દરમ્યાન કેટલી ખાવી અને કેટલી નહી તે વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. જો વધારે પ્રમાણમાં કેરી ખાવામાં આવે તો શરીરમાં સોજા, પેટમાં દુખા અલ્સર અને અપચાની સમસ્યા થઇ જાય છ.

કેરીથી થતા ફાયદા : કેટલાક સંશોધનમાં સામે આવ્યું છેકે કેરીમાં ફાઈટોન્યુટ્રીએન્ટસ ભરપૂર માત્રામાં હોય છે. જે શરીરને સ્વસ્થ રાખવા માટે જરૂરી હોય છે. તેનાથી શરીરને જરૂરી પોષકતત્વો મળે છે.તેમાં ફાઈઈબર ભરપુર માત્રામાં હોય છે. જે પાચનને સુધારે છે.

કેરીથી થતા નુકશાન : સ્વાસ્થ્ય નિષ્ણાતો અનુસાર કેરી જો કેમીકલથી પકાવેલી હોય અને તેને બરાબર રીતે સાફ કર્યા વિના ખાવામાં આવે તો તેના હાનિકારક તત્વો પેટમાં સમસ્યા કરી શકે છે. તેના કારણે શરીરમાં વિષાકત પદાર્થ વધે છે. આ સિવાય જો વધારે પ્રમાણમાં કેરી ખાવામાં આવે તો તેનાથી બ્લડ શુગર વધી જવું, ડાયેરીયા જેવી સમસ્યા પણ થઈ શકે છે.

દિવસમાં કેટલી કેરી ખાવી ? : જો વધારે પ્રમાણમાં એક સાથે કેરી ખાવામાં આવવે તો તેના કારણે સ્વાસ્થ્ય સમસ્યા થઈ શકે છે. વધારે કેરી ખાવાથી પેટમાં ગેસ, દુખાવો, શરીરમાં સોજા, ઝાડા જેવી તકલીફ થઈ શકે છે.તેથી કેરીનું સેવન મર્યાદીત માત્રામાં જ કરવું જોઈએ. દિવસમાં વધુમાં વધુ ૩ કેરી ખાવી જોઈએ. તેનાથી વધુ કેરી એક દિવસમાં ખાવી નહી. બજારમાંથી કેરી લાવો તો તેને ઓછામાં ઓછા ૩ કલાક પાણીમાં પલાળી રાખવી અને પછી સારીરીતે સાફ કરીને ખાવી.

૧ મેથી ઈ-મેમોનો દંડ ભરવા સહિતની તમામ કાર્યવાહી ખસેડવાનો પરિપત્ર

ઈ-મેમોના ૧.૪૭ લાખ કેસની કાર્યવાહી હવે મ્યુનિ.કચેરીની કોર્ટ નં.૬માં કરાશે

(એજન્સી) અમદાવાદ,

દાણાપીઠ ખાતે આવેલ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન પરીસરમાં આવેલ મેટ્રો કોર્ટ નં.૬ માં હવેથી ટ્રાફીક ન્યિયમન ભંગ કરવા બદલ ફટકારાયેલા ઈ-મેમો ચલણના દંડની રકમ ભરવા તેમજ દંડને પડકારવા સહીતના કેસોની કાર્યવાહી હાથ ધરાશે. આ કોર્ટમાં અંદાજે ૧.૪૭ લાખ કેસ પર કાર્યવાહી થશે.

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ દ્વારા કરાયેલા આ પરીપત્રના કારણે ઘીકાંટા બિલ્ડીગગ પરીસરમાં આવેલ ખાસ ડેઝિગ્નેટેડ વર્ચ્યુઅલ મેટ્રો કોર્ટ નં.૧૬ના મેજીસ્ટ્રેટ એસ.જી.હાઈવે ડોડીયા સમક્ષ આ કેસ ચાલતા હતા. હવે માત્ર ટ્રાફીકના ઈ-મેમો ચલણના દંડની ઓનલાઈન ભરેલા કેસની જ કાર્યવાહી થશે. આથી અમદાવાદ સહીતના લોકોએ ટ્રાફીકના ઈ-ચલણ મેમોના દંડ ભરવા તેમજ તે અંગેની રજુઆત કેસ લડવા માટે મ્યુ.કોર્પોરેશન સ્થિત મેટ્રો કોર્ટ નં.૬માં જવાનું રહેશે.

ટ્રાફીકના નિયમનો ભંગ કરનાર વાહનચાલકોને ટ્રાફીક વિભાગ દ્વારા ઈ-મેમો ફટકારવામાં આવે છે. એમાં મોટાભાગના લોકો ઈ-મેમોનો દંડ ભરતા નહોત જેને ધ્યાને દંડ રાખીને ૧ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ઘી કાંટા ખાતે આવેલ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૬ એ ડેઝીગ્નેટેડ વર્ચ્યુઅલ કોર્ટ બનાવવામાં આવી હતી. રાજયભરના જે વાહન ચાલકોએ ટ્રાફીક નિયમનો ભંગ કર્યો હોય એવા લોકોને ટ્રાફીક વિભાગ દ્વારા ફટકારેલા ઈ-મેમો દંડની કાર્યવાહી આ વર્ચ્યુઅલ કોર્ટમાં હાથ ધરાતી હતી. ત્યારબાદ ઈ-મેમો દંડની રકમ ભરવા માટે રાજયમાં અન્યય ૨૦ કોર્ટને કામગીરી સોપવામાં આવી હતી.

પતિ-પત્નિએ શાંતિથી રહેવું હોય તો ઘરનાં નાનાં વિવાદોને મોટું સ્વરૂપ ન આપવું જોઈએ: સુપ્રીમ કોર્ટ

સહનશકિત, સમાધાન અને સન્માન સુખી લગ્ન જીવનનો પાયો

(એજન્સી) નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે શુકવારે લગ્નજીવન અંગે કાઉન્સેલરની જેમ દંપતીને સુચનો કર્યો હતો. કોર્ટે જણાવ્યું હતું કે સહનશકિત સમાધાન અને સન્માન સુખી લગ્નજીવનનો પાયો છે. પતી પતીએ શાંતીથી જીવન વીતાવવા ક્ષુલ્ક કાજીયાઓને મોટું સ્વરૂપ આપવાનું ટાળવું જોઈએ. એક મહીલાએ પતી સામે કરેલા દહેજ સંબંધી હેરાનગતિના કેસમાં કોર્ટે આવી ટીપ્પણી કરી હતી.

મહીલાનાં માતાપિતા, સગાં રાઈનો પહાડ બનાવતા હોય છે:કોર્ટ

"સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે સહનશકિત, એડજસ્ટમેન્ટ અને પરસ્પર સન્માન સુખી લગ્નજીવનનો પાયો છે. દરેક લગ્નમાં અમુક અંશે એકબીજાની ભુલો ચલાવી લેવી જોઈએ. કારણ વગરના કજીયયાઓ, સામાન્ય બાબતોમાં મતભેદને મોટું સ્વરૂપ આપવાથી સંબંધોમાં કડવાશ ઉભી થાય છે. કોર્ટે કેસની સુનાવણી વખતે પંજાબ અને હરીયાણા હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો. પતીએ હાઈકોર્ટમાં તેની સામે દાખલ કરાયેલા ફોજદારી કેસ રદ કરવાની માંગણી કરી હતી. જેને હાઈકોર્ટ માન્ય રાખી ન હતી. જોકે સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે અમે ઘણી વખત કહયું છે કે પરીણીત મહીલાના માતાપિતા અને નજીકના સગાં સ

એલસીબી પોલીસે ૨૬ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલ્યો

ભવાનપુરા પાસેથી ઘરફોડ ચોરીમાં કુખ્યાત બિજુડા ગેંગનો સાગરિત સોનુ રોકડ સાથે ઝડપાયો

શામળાજી, અરવલ્લી જિલ્લા પોલીસવડા શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ જિલ્લા એલસીબી પોલીસે ગુજરાતમાં ઘરફોડ ચોરીના ગુન્હાને અંજામ આપવામાં કુખ્યાત બિજુડા ગેંગના સાગરિત જીતેન્દ્ર ઉર્ફે લાલા ડામોર મોડાસા શહેરમાં ચોરી કરેલ સોનાના દાગીના વેચવા પહોંચે તે પહેલા શામળાજીના ભવાનપુર ગામ નજીકથી એક્ટિવા સાથે દબોચી લઈ સોનાની લગડી સહિત પ.૦૮ લાખનો મુદ્દામાલ કબજે કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

જીતેન્દ્ર ઉર્ફે લાલો ડામોર રાજયના જુદા-જુદા જિલ્લામાં ૨૬ ઘરફોડ ચોરીના ગુન્હામાં વોન્ટેડ હતો. અરવલ્લી જિલ્લા એલસીબી પીઆઈ ડી.બી.વાળા અને તેમની ટીમે જિલ્લામાં વણઉકેલાયેલ ગુન્હાનો ભેદ ઉકેલવા અને નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધરી બાતમીદારો સક્રિય કરતા બિછુડા ગેંગનો સાગરિત જીતેન્દ્ર ઉર્ફે લાલા મોંઘા ડામોર (રહે. ધામોદ-રાજસ્થાન) ચોરી કરેલા સોનાના દાગીના વેચવા એક્ટિવા લઈ શામળાજીથી મોડાસા તરફ આવી રહ્યો હોવાની બાતમી મળતાં એલસીબી પોલીસ સતર્ક બની શામળાજીના ભવાનપુર પાસે વોચ ગોઠવી રોડ પરથી પસાર થતો દબોચી લઈ ૪.૨૦ લાખની સોનાની લગડી, ૩૮ હજાર રોકડ રકમ સહિત મોબાઈલ અને એક્ટિવા મળી કુલ રૂ.૫.૦૮ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરી પૂછપરછ કરતા આઠ મહિના અગાઉ ભિલોડાના ધારાસભ્ય પી.સી.બરંડાના ઘરે તેના સાગરીતો સાથે મળી કરેલ લુંટના સોનાના દાગીના દાગી સોનાની લગડી બનાવી ઘરે સંતાડી રાખી હોવાની કબૂલાત કરી લીધી હતી.

જીલ્લા એલસીબી પોલીસે ધારાસભ્ય બરંડાના પત્નીને બંધક બનાવી ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસતા-ફરતા ચોથા આરોપીને દબોચી લેવામાં સફળતા મળી હતી.

દિયોદરમાં રિક્ષા મુસાફરોના રૂપિયા સેરવી લેતી ગેંગની ધરપકડ

દિયોદર, દિયોદર તાલુકાના સુરાણા ગામે રહેતા ગોવિંદભાઈ જોશી તાજેતરમાં દિયોદર બેંક ઓફ બરોડા ખાતે કૃષિ ધિરાણના પૈસા લેવા બેંકમાં આવ્યા હતા અને બેંકમાંથી અઢી લાખ રૂપિયા ઉપાડી પોતાના ગામ તરફ જતા હતા તે પહેલા ખેડૂતના રૂપિયા સેરવી લેવા માટે રિક્ષાચાલકે પોતાની રિક્ષામાં અન્ય બે મહિલા સાગરીતોને બેસાડી ખેડૂતને પોતાના ગામ સુરાણા ગામે ઉતારી દેવાનું કહી રિક્ષામાં બેસાડ્યા હતા જયાં બે મહિલાએ ખેડૂતના અઢી લાખ રૂપિયામાંથી એક લાખ સેરવી લીધા હતા અને ખેડૂતને સુરાણા ગામે ઉતારી આ ટોળકી ફરાર થઈ ગઈ હતી.

તાજેતરમાં ખેડૂતના રૂપિયા એક લાખ લઈ ટોળકી ફરાર થઈ હતી : રિક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેસી જતા હતા

છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવતા ખેડૂતે દિયોદર પોલીસ મથકે રીક્ષાચાલક વિરૂધ્ધ ફરિયાદ આપતા પોલીસે ખેડૂતની ફરિયાદ લઈ તપાસ હાથ ધરી હતી, જેમાં દિયોદર પોલીસે દિયોદર શહેરમાં આવેલ ૪૦ ઉપરાંત સીસીટીવી કેમેરા ફૂટેજ મેળવી રીક્ષાનો નંબર મેળવ્યો હતો જેમાં રિક્ષામાં ઠગ ટોળકી મુસાફરની આડમાં રહી લોકોને ટાર્ગેટ બનાવતી હોવાનું જાણવા મળતાં પોલીસે અલગ-અલગ ટીમો બનાવી ગુન્હાની નોંધ લઈ ટોળકીને ઝડપી લેવા દિયોદર શિહોરી ચોકડી પાસે વોચ ગોઠવી હતી. જેમાં બાતમીના આધારે રિક્ષામાં સવાર કિરણ મુકેશભાઈ, રતિબેન પ્રેમજી, ગંગાબેન મુકેશભાઈને ઝડપી લેવામાં આવ્યા હતા જેમાં પોલીસે તપાસ કરતા ત્રણે ઠગ ટોળકી પાલનપુર ડોકટર હાઉસ પાછળ રેલવે ટ્રેક નજીક ઝુંપડપટ્ટીમાં રહેતી હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ઠગ ટોળકી પાસેથી ખેડૂતના રૂપિયા કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે જેમાં આ ટોળકી અન્ય કોઈ ગુન્હામાં સંડોવાયેલ છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ઉત્તર ગુજરાત

મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના સમાચાર

અડાલજ નજીકથી તીવ્ર ઝડપે દોડતી કાર ડિવાઈડરને અથડાતાં અકસ્માત

ગાંધીનગર, ગાંધીનગરના અડાલજ નજીકથી તેજ ઝડપે જઈ રહેલી કાર ડિવાઈડરને અથડાતા ફંગોળાઈ જતા અકસ્માત થયો હતો. કારમાં સવાર ચારેય મિત્રોને ઈજાગ્રસ્ત થયા હતા તે પૈકી એકને ગંભીર ઈજાઓ થઈ હતી બનાવ અંગે અડાલજ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

હોટલમાં જમીને પરત ફરતા ચાર મિત્રો પૈકી એકને ગંભીર ઈજા પહોંચી

અમદાવાદનાં સોલા વિસ્તારમાં રહેતા સ્વપ્રિલ પારેખે તેના મિત્રો જાવેદખાન અને તેનો ભાઈ ઉમેશખાન, સાકીરખાન સાથે ગાંધીનગર પી.ડી.પી.યુ રોડ ઉપરની હોટલમાં જમવાનો પ્લાન બનાવ્યો હતો ત્યારે વાહન ન હોવાથી સ્વપ્રિલે તેના મિત્ર જાવેદખાનને ઘરેથી લેતા જવાનું કહ્યું હતું. રાત્રે ૯ વાગ્યાના અરસામાં ચારેય મિત્રો પી.ડી.પી.યુ. રોડ ઉપર આવેલી હોટલ ઉપર જમવા ગયા હતા ત્યાંથી ચારેય મિત્રો કારમાં પરત સોલા તરફ રવાના થયા હતા. એ વખતે એસ.જી.હાઈવે થઈ વૈષ્ણવદેવી સર્કલ તરફ જતા જાવેદખાને કાર પુરપાટ ઝડપે હંકારતા કાર ડિવાઈડર ઉપર ચઢી ગઈ હતી અને ફંગોળાઈને ડિવાઈડરની વચ્ચે ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત ચારેય મિત્રોને લોકોએ કારમાંથી બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડયા હતા. આ અંગે અડાલજ પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

દીકરી સેનામાં જોડાઈ દેશસેવા કરે તેવું પિતાનું સ્વપ્ન સાકાર કર્યું

કોરોનામાં રિક્ષાચાલક પિતા મૃત્યુ પામ્યા, માતાની મહેનતથી પાલનપુરની દીકરીની બીએસએફમાં પસંદગી

પાલનપુર, પાલનપુરમાં વીરબાઈ ગેટ વિસ્તારમાં આવેલ એકલવ્ય નગરમાં રહેતા એક રિક્ષા ચાલકની દીકરીના પિતા કોરોનામાં મૃત્યુ પામતા માતાએ મહેનત કરીને દીકરીને ભણાવી હતી. દીકરી પણ ભણીને બીએસએફમાં પસંદગી પામી હતી અને સોમવારે વતન પાલનપુર આવતા સ્વાગત કરાયું હતું. આમ એક દીકરીએ પિતાનું સપનું પુરું કર્યું હતું. માતાની કઠિન મહેનત બાદ દીકરીએ સિદ્ધિ હાંસલ કીર હતી.

પાલનપુરમાં વીરબાઈ ગેટ વિસ્તારમાં આવેલ એકલવ્ય નગરમાં રહેતા દીપકકુમાર સોલંકી (માજીરાણા) રિક્ષા ચલાવી બે બાળકોને ભણાવતા હતા અને પોતે પોતાની દિકરી બીએસએફમાં ફરજ બજાવે એવું ઈચ્છતા હતા. પરંતુ ૨૦૨૦માં કોરોના કાળ દરમિયાન દીપકકુમારનું આકસ્મિક અવસાન થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પિતાનું અવસાન થતાં માતાએ સખત મહેનત કરીને દીકરીને ભણાવી હતી. પિતાનું અવસાન થતાં દીકરી પ્રાચીએ પિતાનું સપનું પુરું કરવા પાલનપુરની કોલેજમાં સ્નાતક સુધીનો અભ્યાસ પૂર્ણ કરીને ૨૦૨૩ મા બીએસએફમાં પાસ થઈ હતી જેઓ ટ્રેનિંગ દરમિયાન સોમવારે વતન પાલનપુર આવતા સ્વાગત કરાયું હતું. આમ એક દીકરીએ પિતાનું સપનું પુરું કર્યું હતું પરિવાર સહિત ગામલોકોમાં ખુશી છવાઈ હતી.

વ્યાજખોરોનો ત્રાસ અને ધમકીથી ત્રસ્ત થયેલી મહિલાએ પોલીસનું શરણું લીધુ

પાટણ, પાટણ-ડીસા રોડ પર આવેલા માતરવાડી ગામ પાસેની વિઠ્ઠલ વિલા સોસાયટીમાં રહેતા અને હાલમાં કચરાપોતું કરવાની મજૂરી કરતાં સંગીતાબેન ઠકકર (રહે. મુળ, મેથાણ, તા.સિધ્ધપુર)વાળા કે જેઓ નિવૃત્ત, અપંગ પિતા અને લકવાગ્રસ્ત નાનો ભાઈ સંજય અને રીક્ષા ચલાવતો બીજો ભાઈ અતુલ સાથે રહે છે. સંગીતાબેન ત્રણ વર્ષ પહેલાં જયારે ટીફિન બનાવવાનો ધંધો કરતા ત્યારે તેઓને ધંધા માટે પૈસાની જરૂર પડતાં તેમણે તેમની બહેનપણી ઓળખાણથી પાટણમાં કુસુમબેન પાસેથી માસિક ૧૦ ટકાના વ્યાજે રૂ.૧.૬૦ લાખ લીધા હતા જેની સિકયુરિટી પેટે તેમણે બેંકનો કોરો ચેક તેમની સહી કરાવીને લીધો હતો તે પછી તેઓ દર મહિને કુસુમબેનને મહિને રૂ.૧૬૦૦૦ વ્યાજ ચુકવતા હતા.

આ દરમિયાન તેમનો ટિફિનનો ધંધો બરાબર ચાલતો ન હોવાથી ને વ્યાજના હપ્તા આપવાના ચુકી જતા હોવાથી કુસુમબેને તેમની પાસેથી બીજા ચેકો તેમની સહી કરાવીને લેતા હતા. આમને આમ સતત બે અઢી વર્ષ સુધી એટલે કે, ડિસેમ્બર ૨૦૨૩ સુધી સંગીતાબેને કુસુમબેનને વ્યાજ ચુકવતા હતા. દરમિયાન સંગીતાબેનની માતાનું મૃત્યુ થતાં અને ભાઈ સંજયને લકવાની અસર થતાં તેમને દવાખાનાનો ખર્ચો આવી જતાં ડિસેમ્બર ૨૦૨૩ પછી તેઓ કુસુમેબનને વ્યાજ ચુકવી શક્યા નહોતા.

આથી કુસુમબેનની બેન અને પિતા તેમના ઘેર અવાર-નવાર આવીને તેમને અને તેમના પરિવારને ધમકીઓ આપીને તેમની પાસેથી પેનલ્ટી અને વ્યાજ ગણીને રૂ.૨.૬૦ લાખની માંગણી કરતા હતા અને ફોન પર ધમકીઓ આપીને પૈસાની માંગણી ઓ કરીને સંગીતાબેન પાસેથી કોરા ચેકો પડાવી લીધા હતા. આ બનાવ અંગે સંગીતાબેનની ફરિયાદ આધારે પોલીસે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

વજાપુર ગામમાં દરોડો પાડી પોલીસે ચાર જુગારીને ઝડપ્યા

ગાંધીનગર, ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જુગારની બદી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે ડભોડા પોલીસે વજાપુરા ગામમાં દરોડો પાડીને જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લીધા હતા. જેમની પાસેથી ૧૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરીને તેમની સામે જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.આમ તો ગાંધીનગર જિલ્લામાં શ્રાવણ મહિના દરમિયાન જુગાર વધુ જોવા મળતો હોય છે પરંતુ છેલ્લા ઘણા સમયથી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખૂણે ખાચરે જુગારની બદી વધી રહી છે ત્યારે ડભોડા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, વજાપુરા ગામમાં ભાગોળ ખાતે કેટલાક ઈસમો ભેગા મળીને તીન પત્તીનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના પગલે પોલીસ દ્વારા દરોડો પાડવામાં આવતા જુગારીઓમાં નાશભાગ મચી જવા પામી હતી.

જોકે પોલીસ દ્વારા અહીં જુગાર રમતા ડભોડા ગામના સંજય ગાંડાજી ઠાકોર, સોનુ શૈલેષભાઈ કવિ, વલાદના ગિરીશ ફકીરજી ઠાકોર અને વીરા તલાવડીના મુકેશ અંબાલાલ ઠાકોરને ઝડપી લીધા હતા. જેમની પાસેથી ૧૧ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો અને આ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નોંધવું રહેશે કે લોકસભાની ચૂંટણી જાહેર થયા પછી પોલીસ દ્વારા દારૂ અને જુગારના કેસો વધારી દેવામાં આવ્યા છે અને હજી ચૂંટણી પૂરી નહીં થાય ત્યાં સુધી પોલીસ દ્વારા આ પ્રકારની કામગીરી કરવામાં આવતી રહેશે.

તલોદ ના. મામલતદારના રૂ.૧૧ લાખ પરત આપવા સુપ્રીમકોર્ટે સ્ટે આપ્યો

હિંમતનગર, બે વર્ષ અગાઉ તલોદ મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદારે લેન્ડ ગ્રેબિંગ એકટ અંતર્ગત થયેલ ફરિયાદ અનુસંધાને રૂ.૫૦,૦૦૦ લાંચ લેતાં ઝડપાઈ ગયા બાદ એસીબીને તેની ગાડીમાંથી મળી આવેલ ૧૧ લાખ પરત લેવા હાઈકોર્ટમાંથી મંજૂરી મેળવતા એસીબીએ સુપ્રીમ કોર્ટમાં રિવિઝન અરજી દાખલ કરતાં સુપ્રીમ કોર્ટે સ્ટે નો હુકમ કર્યો હતો.

૫૦ હજારની લાંચ લેતાં ઝડપાતા ગાડીમાંથી ૧૧ લાખ મળ્યા હતા

તલોદના અણીયોરના બિપિનસિંહ લાલસિંહ ઝાલાના પિતાએ લેન્ડ ગ્રેબિંગ એકટ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી. જેના અનુસંધાને તા.૧૯.૫.૨૨ના રોજ મુદત હોય જવાબ લખવા બોલાવતા બિપિનસિંહ અને તેમના પિતા તલોદ મામલતદાર કચેરીમાં ગયા હતા ત્યારે નાયબ મામલતદાર ધર્મેન્દ્રભાઈ ઉર્ફે ધર્મેશભાઈ ભીખાભાઈ દેસાઈએ ચાર વાગ્યા સુધી રાહ જોવા કહેતા થોડીવાર બેઠા પછી લગ્ન પ્રસંગ હોય પરત જતા રહ્યા હતા અને થોડા દિવસ પછી ૨૭.૫.૨૨ના રોજ તલોદ મામલતદાર કચેરીમાં જતાં ધર્મેશભાઈ દેસાઈએ રૂપિયા દોઢ લાખની માગણી કરી હતી અને રકઝક બાદ રૂ.૫૦,૦૦૦માં નકકી કર્યું હતું ત્યારબાદ તા.૩૧-૫-૨૨ના રોજ એસીબીએ ધર્મેન્દ્રભાઈને રૂ.૫૦,૦૦૦ લેતાં રંગે હાથ ઝડપી પાડયા હતા અને ટ્રેપ દરમિયાન તેમની ગાડીમાંથી રૂ.૧૧ લાખ રોકડા મળતાં એસીબીએ કબજે લીધા હતા.

લીવર, કિડની અને આંખોનું અમદાવાદની હોસ્પિટલને દાન

મહેસાણાનાં વૃદ્ધાનાં અંગદાનથી ચાર વ્યકિતને નવજીવન મળ્યું

મહેસાણા, મહેસાણામાં બ્રેઈનડેડ વૃદ્ધાનાં લીવર, બંને કીડની અને ચક્ષુઓનું પરીવાર દાન કરતાં ચાર વ્યકિતઓને નવજીવન મળ્યું છે. મોઢેરા રોડ પર ગૌતમનગરમાં રહેતા ૬૬ વર્ષીય ચંદ્રીકાબેન મુલચંદભાઈ સુથારને રામનવમીના દિવસે બ્રેઈનસ્ટ્રોક આવતાં સારવાર માટે લાયન્સ હોસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. જયાં તેમનું અવસાન થયું હતું. ત્યારબાદ વૃદ્ધાના પરીવારરના લોકોએ અંગદાનનો નિર્ણય લઈ ડોકટરનો સંપર્ક કરી એક લીવર, બે કીડની અને આંખોનું દાન કર્યું હતું. પરીવારે અંગદાન કર્યું અમદાવાદ સીમ્સ હોસ્પિટલમાં અંગદાન કરાયું હતું. જયપુરની એક વ્યકિતને લીવર, રાજકોટ અને ભુજના બે લોકોને કિડની ડોનેટ કરવામાં આવી હતી. વડોદરામાં છાણી ગામમાં રહેતાં ખુશાલભાઈ મીસ્ત્રીનું નિધન થતાં તેમના દીકરા દીનેશભાઈએ પીતાના ચક્ષુઓનું ડો.ઈન્દુમતી ટી.પટેલે આઈબેકને દાન કર્યું હતું. ૨૦૧૫માં દીનેશભાઈની માતા મણીબેન અને ૨૦૨૨માં બહેન લતાબેન રમણભાઈ પરમારની આંખોનું પણ ચક્ષુદાન કરવામાં આવ્યું હતું.

વડોદરામાં ૨૦૧૫માં માતા , ૨૦૨૨માં બહેન , હવે પિતાના ચક્ષુનું દાન

કાર શીખતી મહિલાએ સાત વાહનોને ઠોક્યાં, ૬ને ઈજા

મહેસાણા, મહેસાણા શહેરમાં વિસનગર રોડ પર ઉ.ગુ. વીજ કંપનીની કચેરીની સામે રવિવારે રાત્રે કાર શીખી રહેલી મહિલાએ રોડ પર ચાલી રહેલા તેમજ બાજુમાં પાર્ક કરેલા છ એક્ટિવા અને એક કાર સહિત સાત વાહનોને ટકકર મારી અકસ્માત સર્જયો હતો. આ અકસ્માતમાં સામાન્ય ઈજા પહોચેલા ૬ વ્યક્તિઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી.

મહેસાણામાં અકસ્માત કર્યા બાદ મહિલા ભાગી ગઈ

મહિલાએ અચાનક સ્ટિયરિંગ ઉપરથી કાબુ ગૂમાવતાં રોડ પર પસાર થઈ રહેલા એક્ટિવાને ટકકર માર્યા બદા પાર્લર નજીક પાર્ક કરેલા અન્ય એક્ટિવા અને એક કાર મળી કુલ ૭ વાહનોને ઠોકી અકસ્માત સર્જયો હતો.

રોડ ઉપરથી અચાનક જ પાર્ક કરેલા વાહનો સુધી પહોંચી ગયેલી ચાલુ કારને પગલે આસપાસના લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં છ જણાને સામાન્ય ઈજાઓ પહોંચતા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. જયારે અકસ્માત કરનાર મહિલા પોતાની કાર મુકી ભાગી છૂટી હતી.

કલોલમાં મિલ કંપાઉન્ડમાંથી બાઈક ચોરાયું

ગાંધીનગર, કલોલ શહેરીજનો છેલ્લાં ઘણાં સમયથી વાહનચોર ટોળકીનો ત્રાસ વેઠી રહ્યા છે. ત્યારે વાહનચોરીનો વધુ એક બનાવ નવજીવન મિલ કંપાઉન્ડમાં બન્યો હતો. ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

કલોલ શહેરના આયોજન નગર વિસ્તારમાં રહેતા હન્નાખાન ઐયુબખાન મોગલ કલોલ નવજીવન મિલ કમ્પાઉન્ડમાં આવેલી એક મોબાઈલની દુકાનમાં નોકરી કરે છે. તા.૪ મેના રોજ સવારે નોકરી પર ગયો ત્યારે તેનું બાઈક દુકાનની બહાર ખુલ્લી જગ્યામાં પાર્ક કર્યું હતું. નોકરી પરથી તે બપોરે જમવા માટે ઘરે જવા નીકળ્યો ત્યારે બાઈક પાર્ક કરેલી જગ્યાએ ન હતું તેની શોધખોળ કરવા છતાં મળી ન આવતા આ અંગે કલોલ શહેર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પથરીના ઓપરેશન બાદ દર્દીના મૃત્યુ કેસમાં વળતરની અરજી નામંજૂર થઈ

પાટણ, બનાસકાંઠાના ભાભર તાલુકાના ચચાસણા ગામના વતની શખ્સનું પથરીનું ઓપરેશન કરાયા પછી મૃત્યુ થયું હતું જે સંબંધે સેવાઓની ખામી બદલ વળતર મેળવવા માટે કરાયેલ અરજનો કેસ ચાલી જતાં હોસ્પિટલ કે તબીબની બેદરકારી પુરવાર ન થતાં જિલ્લા ગ્રાહક કમિશન દ્વારા અરજ નામંજૂર કરાઈ હતી. ઠાકોર ભાવેશજી સામાજીને પેટમાં દુખાવો ઉપડતાં પાટણ ખાતે જનતા હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરીને યુરોલોજિસ્ટ ડો. કૃતિક રાવલ દ્વારા પથરીનું ઓપરેશન કરાયું હતું. પણ ઘરે ગયા પછી બ્લડીંગ શરૂ થયું હતું અને પેશાબ બંધ થઈ ગયો હતો. તેઓને ફરીથી હોસ્પિટલમાં લાવતા ટેબ્લેટ આપી હતી પણ તેનાથી કોઈ ફરાક પડ્યો નહોતો તેથી કોયલ મૂકવા ઓપરેશન દરમિયાન ડાયાલિસીસ પછી હૃદય બંધ પડી જવાથી મૃત્યુ થયું હતું. જે સંબંધે મૃકના પત્ની જસીબેન ઠાકોરે પાટણ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશનરમાં ડો. કૃતિક રાવલ અને જનતા હોસ્પિટલ પાસેથી રૂ.૫૦ લાખ વળતર અને વકીલ ફીના રૂ.૨૫ હજાર મેળવવા દાવો કર્યો હતો. આ કેસ કમિશન પ્રમુખ એન.પી.ચૌધરી સમક્ષ ચાલી જતાં બંને પક્ષની રજૂઆતો સાંભળી વકીલ ડી.એન.ત્રિવેદીની રજુઆતો ગ્રાહ્ય રાખી વળતરની અને ખર્ચની માંગણી નામંજૂર કરવા હુકમ કર્યો હતો.

પાટણની હોસ્પિટલ કે તબીબની બેદરકારી પુરવાર ન થઈ

જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર પેટ્રોલ પંપને તસ્કરોએ નિશાન બનાવ્યું

જામનગર, જામનગર- રાજકોટ ધોરી માર્ગ પર જાયવા ગામના પાટીયા પાસે આવેલા એક પેટ્રોલ પંપને ગઈ રાત્રિ દરમિયાન તસ્કરોએ નિશાન બનાવી લીધું હતું, અને અંદરથી રૂપિયા એક લાખ તેર હજારની રોકડ રકમની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવાઈ છે. પોલીસ તપાસ દરમિયાન સીસીટીવી કેમેરામાં ચાર તસ્કરો દેખાયા હોવાથી પોલીસ દ્વારા તેઓની શોધખોળ ચલાવાઈ રહી છે.

આ બનાવની વિગત એવી છે કે રાજકોટમાં રહેતા ગીરીરાજસિંહ હરિશ્ચંદ્ર સિંહ ગોહિલ કે જેઓની માલિકીનો વિરાજ પેટ્રોલિયમ નામનો પેટ્રોલ પંપ જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર ધ્રોલ નજીક જાયવા ગામના પાટીયા પાસે આવેલો છે. જે પેટ્રોલ પંપના કર્મચારીઓ ગઈ રાત્રિના ઓફિસના તાળા મારીને બહાર સુતા હતા, જે દરમિયાન પાછળથી કોઈ તસ્કરોએ પેટ્રોલ પંપના દરવાજાના લોક તોડી નાખી, અંદર પ્રવેશ મેળવી લીધો હતો અને ટેબલના ખાનામાં રાખેલી પેટ્રોલ પંપના હિસાબની એક લાખ તેર હજારની રોકડ રકમની ચોરી કરી લઈ ગયા હતા.સવારે છ વાગ્યે પેટ્રોલ પંપના કર્મચારીઓએ જાગીને ચેક કરતાં ઓફિસના દરવાજાના તાળા તૂટેલા જણાયા હતા, જયારે અંદર ટેબલના ખાના તથા અન્ય માલ સામાન વેરણ છેરણ જણાયો હતો. તેથી તેઓએ તુરતજ પેટ્રોલ પંપ ના માલિક ગીરાજસિંહ ગોહિલ ને જાણ કરતાં તેઓ રાજકોટ થી જાયવા ગામે આવી પહોંચ્યા હતા, અને પેટ્રોલ પંપમાં લગાવેલા સીસીટીવી કેમેરા વગેરે ચેક કરતાં રાત્રિના ત્રણ વાગ્યાથી ચાર વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન ચાર તસ્કરો આવ્યા હોવાનું, જેમાં બે તસ્કરો બહાર રેકી કરતા હોવાનું અને બે તસ્કરો અંદર ચોરી કરવા માટે ઘૂસયાનું જોવા મળ્યું હતું. જેથી તેઓએ ધ્રોલ પોલીસને જાણ કરી હતી, અને રૂપિયા ૧ લાખ ૧૩ હજારની રોકડ રકમની ચોરી થઈ ગયા અંગેની ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.જે ફરિયાદના અનુસંધાને ધ્રોલના પી.એસ.આઇ પી.જી. પનારા તેઓના સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા, અને પેટ્રોલ પંપમાં લગાવેલા સીસીટીવી કેમેરા ના ફૂટેજ નિહાળીને ચોર ટોળકી ને શોધવા માટેની કવાયત હાથ ધરી છે.

થરાદ નજીક રિક્ષા કાંઠે મૂકી બે યુવકનો કેનાલમાં કૂદી આપઘાત

બંને યુવકની આત્મહત્યાનું રહસ્ય અકબંધ

થરાદ, થરાદની મુખ્ય નર્મદા કેનાલ ખાનપુર ફાટક અને ડેરી પૂલ વચ્ચે સોમવારે સવારે અજાણ્યા બે યુવકો પોતાની રિક્ષા કેનાલની બહાર મુકે કેનાલમાં ઝંપલાવ્યું હતું આ અંગેની જાણ લોકોને થતાં ફાયર બ્રિગેડને જાણ કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી શોધખોળ હાથ ધરી હતી. જેમાં એક મૃતદેહ ઢીમા પુલ અને ચુડમેર વચ્ચે મળી આવ્યો હતો જયારે બીજો મૃતદેહ ચુડમેર નજીકથી મળી આવ્યો હતો. બંને મૃતદેહ કેનાલ બહાર નીકાળી અને તેની ઓળખ કરતાં તે યુવક કાંકરેજ તાલુકાના રવિયાણા ગામનો દિપકભાઈ માજીરાણા (૨૧) હોવાનું જાણવા મળ્યું હતું. જયારે બીજો મૃતદેહ થરાદ સર્વોદય સોસાયટીના મહેન્દ્રભાઈ માજીરાણા (૨૦) હોવાનું જાણવા મળ્યું હતું. બંનેએ ક્યા કારણોસર આત્મહત્યા કીર તે રહસ્ય અકબંધ છે.

કલોલની હોસ્પિ.ના ડ્રોઅરમાંથી તસ્કર ૧.૭૫ લાખની ચોરી કરી ગયો

ગાંધીનગર, ઉનાળો બરાબરનો જામી રહ્યો છે તેની સાથે તસ્કર ટોળકીઓ પણ ચોરીના બનાવોને અંજામ આપવા લાગી છે. ગાંધીનગર જિલ્લામાં એક પછી એક ચોરીના બનાવો બની રહ્યાં છે. આવો જ એક ચોરીનો બનાવ કલોલ શહેરમાં મહેન્દ્ર મિલ રોડ પર આવેલી ઓર્થોપેડિક હોસ્પિટલમાં બન્યો હતો. હોસ્પિટલમાં ઘુસેલો ચોર શખસ ઓફિસમાં પ્રવેશી ડ્રોવરમાંથી ૧.૭૫ લાખની રકમ ચોરી પલાયન થઈ ગયો હતો. હોસ્પિટલના કેમેરામાં કેદ થયેલા દશ્યોના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ બનાવની વિગત એવી છે કે કલોલ શહેરના વર્ધમાનનગર વિસ્તારમાં સારદા સર્કલ પાસે આવેલા ગૌરીવિલા એપાર્ટમેન્ટમાં ડો.ઋત્વિજ હિતેન્દ્રકુમાર પંચોલી પરિવાર સાથે રહે છે. જેઓ કલોલ શહેર મહેન્દ્ર મિલ રોડ ઉપર ત્રણ આંગળી સર્કલ પાસે ઋગ્વેદ હોસ્પિટલ ધરાવે છે અને તેઓ ઓર્થોપેડીક ડોકટર તરીકે સેવા આપે છે. ગત તા.૪ મેના રોજ રાત્રિના આઠ વાગ્યે પોતાની હોસ્પિટલથી ઘરે જઈ જમઈને સુઈ ગયા હતા.

બીજા દિવસે સવારે તેમની હોસ્પિટલમાં રિસેપ્શન કાઉન્ટરના મનીષાબેનનો ફોન આવ્યો હતો કે તેમની ઓફિસના ટેબલનું ડ્રોઅર તૂટેલું છે તેવુ જાણી હોસ્પિટલ પહોંચેલા ડોકટરે તપાસ કરતાં ડ્રોઅરનું લોક નીચે પડેલુ હતું અને અંદરથી રૂ.૧,૭૫,૦૦૦ રોકડ ચોરાઈ ગઈ હતી. હોસ્પિટલના સીસીટીવી કેમેરાના ફુટેજ ચેક કરતા એક યુવાન ઓફિસમાં પ્રવેશી લાકડાના ટેબલનું ડ્રોઅર તોડી પૈસા લઈ જતો દેખાતો હતો. આ અંગે ડોકટરની ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કીર તપાસ હાથ ધરી છે.

સાબરકાંઠા, બનાસકાંઠા, સુરેન્દ્રનગર અને અરવલ્લીમાં ગુના આચર્યા હતા

ઈડરમાં રોકડની થેલી ચોરનારી ગેંગના 3 ઝબ્બે

હિંમતનગર, સાબરકાંઠા જિલ્લામાં ચોરી, લૂંટફાટ અને ઘરફોડ તથા વાહનોની ચોરીને અંજામ આપવા માટે પરપ્રાંતિય ગેંગ સક્રિય છે ત્યારે બે દિવસ અગાઉ ઈડરની સરપ્રતાપ હાઈસ્કૂલ સામે બેન્કમાંથી રૂ.૨.૪૦ લાખની રોકડ લઈને જતા હતા ત્યારે અજાણ્યા વ્યક્તિઓએ આવી આ રોકડની ચોરી કરી લીધી હતી. આ અંગે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ બાદ તપાસ એલસીબીને સોંપાઈ હતી. બાતમી તથા સીસીટીવી ફુટેજ તપાસીને ઈડરથી અંબાજી જતા રોડ પરથી ત્રણ હિન્દી ભાષીઓને ઝડપી લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન તેઓ મધ્યપ્રદેશની ગેંગના સાગરીતો હોવાનું બહાર આવ્યા બાદ પોલીસે તેમની પાસેથી અંદાજે રૂ.૨.૯૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

આ અંગે એલસીબી સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, લૂંટ અંગે તપાસ કરી રહેલો એલસીબીનો સ્ટાફ ઈડર જઈ

દક્ષિણ ગુજરાત

સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

વાલિયા તાલુકા પ્રમુખની દાદાગીરીનો વીડિયો વાયરલ

અંકલેશ્વર, વાલિયા તાલુકા પ્રમુખની દાદાગીરી કરી હોવાની વિગતો સામે આવી છે. ક્ષત્રિયો અને આદિવાસી આગેવાન રજૂઆત કરતા જાહેરમાં ગાળાગાળી સાથે મુક્કાવારી કરી હતી. સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. સોડગામ ખાતે કાર્યકરોની મીટિંગ દરમિયાન રજૂઆત કરવા આવેલ રજૂઆતકર્તા સાથે માથાકૂટ સર્જી હતી. ઘટનાના પગલે ભાજપના તાલુકા પંચાયત પ્રમુખ ભારે રોષ ભભૂકી ઉઠયો હતો.

આજથી પ્રચાર પડઘમ શાંત થઈ રહ્યા છે. આ વચ્ચે અંતિમ તબક્કામાં કાર્યકરો સાથે બેઠકોનો દોર શરૂ થયો છે. જે વચ્ચે આજરોજ ભાજપના વાલિયા તાલુકા પંચાયત પ્રમુખ સેવંતુ વસાવા સોડગામ ખાતે કાર્યકરો સાથે બેઠક કરવા પહોંચ્યા હતા જ્યાં ક્ષત્રિય સમાજ અને આદિવાસી સમાજના આગેવાનો રજૂઆત કરવા પહોંચ્યા હતા જે રજૂઆત દરમિયાન વાતચીત દરમિયાન મામલો બિચક્યો હતો. પ્રથમ અભદ્ર ગાળો સામે આવી હતી પછી સેવંતુ વસાવા રજૂઆતકર્તા સામે રીતસરના તૂટી પડયા હતા અને ગાળાગાળી કરી રીતસર માસ મુક્કાબાજી કરતાં નજરે પડયા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો. ક્યા મુદ્દે રજૂઆત કરવા આવ્યા હતા અને કેમ અચાનક તાલુકા પંચાયત પ્રમુખ સેવંતુ વસાવા ભડકી ઉઠયા હતા તે હજુ સામે આવ્યું નથી પણ હાલ ક્ષત્રિય સમાજ દ્વારા પુરષોત્તમ રૂપાલાને ચાલી રહેલા વિરોધ વચ્ચે બનેલી ઘટનાએ ભારે વિવાદ સર્જ્યો છે અને લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. તાજેતરમાં અંકલેશ્વરમાં બનેલી બે ઘટના બાદ જિલ્લામાં ત્રીજી ઘટના સામે આવી છે જેને લઈ ભાજપ મોવડીની ચિંતા વધારી છે.

સુરતમાં એમ.ડી. ડ્રગ્સ-સીરપનું વેચાણ કરતી બેલડી ઝડપાઈ

સુરત, સુરત પોલીસે યુવાધનને ડ્રગ્સની લતથી બચાવવા સુરત શહેર પોલીસે હાથ ધરેલી ઝુંબેશ હેઠળ રૂસ્તમપુરા અકબર સઈદના ટેકરા ઉપર આવેલ શેરઅલી બાવાની દરગાહ પાસેથી ૨.૬૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ તેમજ ૧૨૨ પ્રતિબંધિત સીરપની બોટલ સાથે બેની ધરપકડ કરી હતી જ્યારે ત્રણને વોન્ટેડ જાહેર કર્યા હતા.

સલાબતપુરા પોલીસે મળેલી બાતમીના આધારે અકબર સઈદના ટેકરા ઉપર એક ઘરમાં રેડ કરતાં પોલીસને કાલીમ સુલેમાન શેખ અને રિઝવાન ઈકબાલ શેખ એમ.ડી. ડ્રગ્સનું વેચાણ કરતાં હોય, કાલીમ શેખના પેન્ટના ખિસ્સામાંથી ૨.૬૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ, ડ્રગ્સના વેચાણના રોકડા રૂપિયા ૩૪૦૦/- રિઝવાન પાસેથી મળ્યા હતા જ્યારે ઘરમાં તપાસ કરતાં વોશિંગ મશીનમાં કોરેક્ષ અને કોડીન સીરપની ૧૨૨ નંગ બોટલ મળી આવી હતી.

પોલીસે આ બન્નેની પૂછપરછ કરતાં ખટોદરા કોલોની ગાંધીનગર ઝૂંપડપટ્ટીમાં રહેતા વીકી શાંતારામ ભાલે પાસેથી એમ.ડી. ડ્રગ્સ લાવતા હતા તેમજ ઉમરવાડાના પેડલર સાહિલ ઈસ્માઈલ ખંજરને વેચાણ કરવા આપતો હતો જ્યારે સીરપ તેઓ સઈદ નામના શખ્સ પાસેથી લાવ્યા હોવાનું કબૂલ્યું હતું. પોલીસે ત્રણને વોન્ટેડ જાહેર કર્યા હતા.

સુરતના કઠોરમાં રહેતા મૌલવીને ઘરે પણ સર્ચ ઓપરેશન હાથ ધરાયું

પાકિસ્તાની આકાના ઈશારે હિન્દુ નેતાઓને ધમકી : એનઆઈએ-આઈબી દ્વારા મૌલવીની પૂછપરછ

સુરત, પાકિસ્તાન અને નેપાળના આકાઓના ઈશારે હિન્દુવાદી નેતાઓને ધમકી આપી હત્યા કરવાના કાવતરા ઘડી રહેલા મૌલવી સોહેલની એનઆઈએ અને સેન્ટ્રલ આઈબીની ટીમે સઘન પૂછપરછ શરૂ કરી છે. બીજી તરફ સુરત ક્રાઈમ બ્રાન્ચે મૌલવીને લઈ કઠોર સ્થિત તેના ઘરે જઈ બે કલાક સર્ચ ઓપરેશન કર્યું હતું.

મળતી વિગતો પ્રમાણે દેશદ્રોહી કૃત્ય સાથે સંકળાયેલા કઠોરના મૌલવી મહમ્મદ સોહેલ અબુબકર ટિમોલ (ઉ.વ.૨૭, રહે.સ્વાગત રેસિડેન્સી કઠોર, કામરેજ-મૂળ રહે.દેવળ ફળિયું, નવાપુર, જિ.નંદુરબાર)ની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. મદ્રેસામાં હાફિઝ બની મુસ્લિમ પરિવારના બાળકોને ધાર્મિક જ્ઞાન આપતો મહંમદ સોહેલ પાકિસ્તાનના ડોગર અને નેપાળની શેહનાઝ નામની વ્યક્તિ સાથે સોશિયલ મીડિયા થકી સતત સંપર્કમાં હતો. ડોગર અને શેહનાઝ મૌલવીને સતત ઉશ્કેરીને હિન્દુ ધર્મ વિરૂદ્ધ ઉચ્ચારણો કરતા હતા.

સુરતના હિન્દુવાદી નેતા ઉપદેશ રાણા, સુદર્શન ચૌહાણ, રાજા સિંઘ વગેરેની હત્યા કરવાનું કાવતરું ઘડાયું હોવાનો ઘટસ્ફોટ પણ થયો હતો. છેલ્લા દોઢેક વર્ષથી તે વર્ચ્યુઅલ નંબરથી પાકિસ્તાન અને નેપાળના હેન્ડલર સાથે મળી સુરતમાં હિન્દુવાદી નેતાની હત્યાનું કાવતરું ઘડી રહ્યો હતો. ઉપરાંત તે યુ-ટ્યુબ ચેનલ પર પણ હિન્દુવાદી નેતાઓ સામે ઝેર ઓકી જમાતના લોકોને ઉશ્કેરણી કરતો હોય કોર્ટે તેના ૧૧ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમ સોમવારે બપોરે ૧૨ વાગ્યે મૌલવી સોહેલને કઠોર લઈ ગઈ હતી. અહીં સ્વાગત રેસિડેન્સીમાં તેના ઘરમાં ક્રાઈમ બ્રાન્ચે સર્ચ કર્યું હતું. દોઢથી બે કલાક સુધી ક્રાઈમ બ્રાન્ચે મૌલવીના ઘર ફંફોસી નાંખ્યું હતું. જ્યાંથી કેટલાક મહત્ત્વના પુરાવા પણ હાથ લાગ્યા હતા. ત્યારબાદ પાકિસ્તાન અને નેપાળના આકા અંગે દેશદ્રોહી પ્રવૃત્તિ સાથે અન્ય કોણ-કોણ સંડોવાયેલા છે તે દિશામાં પૂછપરછ કરવામાં આવી હતી.

કાશીબા હરિભાઈ ગોટી ટ્રસ્ટ દ્વારા

મધ્યપ્રદેશમાં દેશના ૧૯૮માં સરસ્વતી ધામનું લોકાર્પણ કરાયું

સુરત, માતૃશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભારતભરમાં સરસ્વતીધામ (શાળાભવન-છાત્રાલય) નિર્માણનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. તે પૈકી ૧૯૮માં સરસ્વતી ધામનું લોકાર્પણ મુ.ગોલપરા, મધ્યપ્રદેશમાં કરવામાં આવ્યું છે.

સુશીલ સંસ્કાર આદિવાસી આશ્રમ પરિવાર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં આવેલા મહેમાનોનું શબદપુષ્યથી સ્વાગત જગદીશ બોરિયાલાએ કર્યું હતું. ૧૯૮માં સરસ્વતી ધામ (સ્વ.વલ્લભભાઈ ખીમજીભાઈ ગજેરા કુમાર-કન્યા છાત્રાલય)ના સહયોગી દાતા પુરૂષોત્તમભાઈ ગજેરા અને એમના ધર્મપત્ની જ્યોત્સનાબહેનનું સન્માન કરવામાં આવ્યું હતું. માતૃશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરિટેબલ ટ્રસ્ટનો પરિચય અને કાર્ય વિશે રાજેશકુમાર ધામેલિયાએ જણાવ્યું હતું કે, આ ટ્રસ્ટ વિનોબા ભાવેના સર્વોદયી વિચારો પ્રમાણે કાર્ય કરે છે. ટ્રસ્ટના પ્રમુખ કેશુભાઈ ગોટીએ ૩૦૯ સરસ્વતી ધામ નિર્માણનો સંકલ્પ કર્યો છે. હાલમાં ૧૮ રાજ્યમાં ૧૯૮ ભવનો નિર્માણ પામ્યા છે. ૩૦ જેટલા ભવનનું નિર્માણ કાર્ય શરૂ છે. આગામી સમયમાં અન્ય સ્થળોની પસંદગી કરીને નિર્માણ કરવામાં આવશે. પુરૂષોત્તમભાઈ ગજેરા પરિવાર આ ૧૯૮માં ભવનના સહયોગી દાતા બન્યા છે અને પરિવાર સાથે આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

ડીઝલની ચોરીનો આક્ષેપ કરી કંપનીના સુપરવાઈઝરોએ બસચાલકને માર માર્યો

ભરૂચ, ભરૂચના દહેજની એસઆરએફ કંપનીમાં કામ કરતા એમ્પલોઈઝ કંપનીથી સેકન્ડ શીપમાંથી પરત લાવતી વેળાએ રાવ ટ્રાવેલ્સન બસ નંબર જી.જે.૩૮ એ-૦૮૫૦ની ડીઝલ પાઈપ લીકેજ થતા બસ ચલાવનાર ડ્રાઈવર મોડાસર મહંમદ અમીન મલિકે ટ્રાવેલ્સના સુપરવાઈઝરને ડીઝલ પાઈપ લીકેજ હોવાની જાણકારી આપી. બસમાંથી પર ડીઝલ ઢોળાય તે માટે ડ્રાઈવરે પોતાની યુક્તિ પ્રમાણે ડીઝલ પાઈપ પર કપડાનું ચીંથરૂ મારીને ભરૂચના મધુરમ પાર્ટી પ્લોટ સુધી બસને લઈ આવી પાર્ક કર્યા બાદ ડીઝલ પાઈપની ખામીને રીપેર કરી રહ્યો હતો તે સમયે પાઈપમાંથી ડીઝલ જમીન પર ન પડે અને ડીઝલનો બગાડ ન થાય તે માટે ડ્રાઈવરે નીચે ડોલ મૂકી હતી. તે જ સમયે રાવ ટ્રાવેલ્સના સુપરવાઈઝર દુષ્યંત, કિરણ અને યુસુફે આવી તું ડીઝલની ચોરી કરે છે તેમ આક્ષેપ કરી બસ ડ્રાઈવર મોડાસર મહંમદ અમીન મલિકને લાતોથી માર માર્યો હતો. આ માર મારતી વખતે સુપરવાઈઝરો દ્વારા તેમના સાથી યુસુફ નામના વ્યક્તિ પાસે માર મારવાનો વીડિયો બનાવડાવ્યો હતો.

ગોડાઉનમાંથી ૧૫૦૦ બેરલ મળી આવ્યા

અંકલેશ્વરમાં રાસાયણિક ડ્રમનું વેચાણ કરતો દુકાનદાર ઝડપાયો

ભરૂચ, ભરૂચ એસઓજી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગ માં હતી તે દરમિયાન માહિતી આધારે તાપી હોટલ નજીક ગુલશન બેરલ નામના પ્લાસ્ટિક ભંગારના ગોડાઉનમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જ્યાં રાસાયણિક બેરલની સફાઈ કરવામાં આવી રહી હતી. તેમજ ૧૫૦૦ અંદાજિત બેરલ મળી આવ્યા હતા.

પોલીસે ગોડાઉન સંચાલક મહંમદ આમીર ચૌધરી પાસે બેરલ ધોવા અને વેચવા અંગે જરૂરી સક્ષમ અધિકારીની પરવાનગી લેટર માંગતા તેને ગલ્લા-તલ્લા કરી જવાબ આપતાં આ અંગે જીપીસીબીને એસઓજી પોલીસે જાણ કરી હતી. જીપીસીબીની ટીમ સ્થળ પર આવી હતી અને જરૂરી સેમ્પલ લીધા હતા. તેમજ બેરલ વોશિંગ અને તેના વેસ્ટ નિકાલ અંગે ગોડાઉન સંચાલક દ્વારા જીપીસીબીમાંથી જરૂરી કોઈ મંજૂરી લીધી ના હોવાનું જણાવ્યું હતું જે આધારે એસઓજી પોલીસે ગોડાઉન સંચાલક મહંમદ આમીર ચૌધરીની ધરપકડ કરી હતી તેમજ ૧૫૦૦ બેરલ સીઝ કરી આ અંગે જીઆઈડીસી પોલીસ મથકે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

મુંબઈની મહિલાએ સુરતની પ્રોપર્ટી ખરીદી હતી

કેન્સલ પાવરથી ભાગીદારે છ કરોડની મિલકત પચાવી પાડી

સુરત, સલાબતપુરા બદરમિયાં સ્ટ્રીટ ખાતે યાસીન પેલેસ તેમજ હાલ મુંબઈ અંધેરી ખાતે રહેતા રૂબી તસ્નીમ મહેંદી હસન શેખે વર્ષ ૨૦૧૨માં તેના કૌટુંબિક સગા એવા જાવેદ શેખ, જુનેદ શેખ, સાલેહાબાનુ શેખ, નુરજહાં શેખ, શાહીનબાનુ શેખ અને ભાગીદારીમાં ગેલેક્ષી ઓર્ગેનાઈઝર્સના નામે પ્રોપર્ટી લે-વેચની પેઢીએ નાની બેગમવાડી ખાતે ૬ કરોડની એક મિલકત ખરીદી હતી. આ ભાગીદારો પૈકીના જાવેદ શેખ, જુનેદ શેખ (રહે.યાસીન પેલેસ, રેશમવાડ)એ રૂબીની જાણ બહાર પાવર ઓફ એટર્ની બનાવી હતી. આ અંગે રૂબી સહિતના ભાગીદારોને જાણ થતાં તેમણે ૨૬ જૂન ૨૦૧૯ના રોજ જુનેદ અને જાવેદને નોટિસ આપી પાવર રદ કરાવી દીધો હતો તે છતાં આ બન્ને ભાઈઓએ પાવર ઓફ એર્ટનીનો દુરૂપયોગ કરીને પાલિકામાં પાવર રજૂ કરીને ૨૦૨૨માં પ્લાન મંજૂર કરાવીને રજા ચિઠ્ઠી મેળવી લઈ બાંધકામ શરૂ કર્યું હતું જેની સામે ફરિયાદ નોંધાઈ છે.પ્રાંત અધિકારીની કચેરીની બાજુમાં આવેલી ઓફિસનો બનાવ

શહેરા તાલુકાના સીમલેટ ટાપુના મતદારોએ પાનમ નદીમાં જળયાત્રા કરીને કર્યો પોતાના મતાધિકારનો ઉપયોગ

શહેરા, પંચમહાલ જીલ્લામાં લોકસભાની ચુટણીને લઈને મતદાન યોજાયુ હતુ. શહેરા તાલુકાના સીમલેટ બેટના રહીશોએ પાનમ નદીમાં જોખમી જળયાત્રા કરીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સીમલેટ બેટના મતદારો જુના મહેલાણ ખાતે આવેલા મતદાન મથકે આવી પહોચ્યા હતા અને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને પ્રાથમિક સુવિધાઓની માંગ કરી હતી.તેમના દ્વારા સીમલેટ ટાપુ પર વીજળી અને પુલની સુવિધા કરવામા આવે તેવી માંગ કરવામા આવી હતી. મતદાનને પોતાની પવિત્ર ફરજ સમજી મતદાન કર્યુ છે.ત્યારે સરકાર પણ પોતાની જવાબદારી સમજે તેમ જણાવ્યુ હતુ.

દેશમા આજે લોકસભાની ચુટણીને લઈને ત્રીજા તબ્બકાનુ મતદાન શાંતિપુર્ણ માહોલમા સંપન્ન થયુ હતુ. જેમા ગુજરાત રાજયમા ૨૫ સીટ પર મતદાન યોજાયુ હતુ. પંચમહાલ લોકસભા બેઠક માટે આઠ ઉમેદવારો વચ્ચે ટક્કર છે. સવારથી મતદાન મથકો પર મતાધિકારનો ઉપયોગ મતદારો દ્વારા કરવામા આવ્યો હતો. પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાનમા સીમલેટ બેટ આવેલો છે તેના પર વર્ષોથી લોકો વસવાટ કરે છે અને ૨૪૯ જેટલા મતદારો છે. સ્થાનિક ગ્રામ પંચાયત, જીલ્લા અને તાલુકા પંચાયત અને વિધાનસભા અને લોકસભા સહિતની તમામ ચુટણીમા સીમલેટ બેટના લોકો મતદાન કરે છે. સીમલેટ ગામના લોકોએ પણ આ લોકસભાની ચુટણીમા મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સીમલેટ ટાપુ પરથી તેઓ પાનમ નદીમાં જોખમી જળયાત્રા કરીને તેઓ જુના મહેલાણ ખાતે આવેલી પ્રાથમિક શાળામા ઉભા કરવામા આવેલા મતદાન મથક ખાતે પહોચી ને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.સીમલેટ ગામના ગ્રામજનોનુ જણાવુ છે કે ઘણા વર્ષોથી અમારે જોખમી જળયાત્રા કરીને અમે દરેક ચુટણીમા મતદાન કરીએ છે. પણ અમારી વીજળી અને પુલની માંગ પુરી થતી નથી. અમારી પ્રાથમિક સુવિધાઓની માંગ પુરી કરવામા આવે તેવી અમારી માગં છે.

૮૬ વર્ષીય ઈન્દુબેન દેસાઈએ મતદાન કરી બતાવ્યો અનેરો ઉત્સાહ

(માહિતી)વડોદરા, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ને લઈ વડોદરા જિલ્લામાં આજ સવારથી જ મતદાન મથકો ઉપર મતદારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેમાં ૮૬ વર્ષીય ઈન્દુબેન દેસાઈમાં ચેહરા પર મતદાન કર્યાનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વયોવૃદ્ધ ઈન્દુબેન દેસાઈ વહેલી સવારે જ પોતાનો પવિત્ર મત આપ્યો હતો અને અન્ય મતદારોને પણ અચૂક મતદાન કરવા આગ્રહભરી વિનંતી કરી હતી. આ અંગે ઈન્દુબેનના પુત્રએ જણાવ્યું કે, જિલ્લા વહિવટી તંત્ર દ્વારા તમામ પ્રકારની સુવિધાઓ મતદાન મથક પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે, એ જોઈને અમેને ખૂબ આનંદ થયો છે.

મારી માતા ઉંમર લાયક હોવાની જાણ થતા મતદાન મથક પર વ્હિલચેરની સુવિધા અમને તરત મળી ગઈ હતી. અમને તરત જ એક વ્યક્તિ વ્હિલચેર સાથે ફાળવી દેવામાં આવ્યો હતો. એટલું જ નહીં, મારા માતા સવારથી જ મતદાન કરવા માટે ઉત્સાહી હતા અને અમને પણ માટે આપવા જવાનું કહેતા હતા. જો ૮૬ વર્ષીય મારા માતા મતદાન કરવા માટે ઉત્સાહી હોય તો તમામ મતદાતાઓએ ઉત્સાહથી મતદાન કરવું જોઈએ. ઈન્દુબેનએ કહ્યું કે, મારી ઉંમર ૮૬ છે હું દરેક ચૂંટણીમાં મતદાન કરવા જરૂર આવું છું. ૨૦૧૪માં માતા પતિ દેવલોક પામ્યા હતા. તે સમયે પણ મારા પરિવારના સભ્યોએ આવીને મતદાન કર્યું હતું. હું દેશ માટે મત આપી રહી છું. ત્યારે મારે એક જ સંદેશો લોકોને આપવો છે કે, આપણે જે પક્ષ કે ઉમેદવારને મત આપવા ઈચ્છતા હોઈએ તેને આપણો અમૂલ્ય મત આપવો જોઈએ. કારણ કે આપણા મતનો અધિકાર આપણને બંધારણે આપ્યો છે. આપણે શરીરથી ભલે અશક્ત હોઈએ પરંતુ સરકાર તો સશક્ત ચૂંટવી આપણો અબાધિત અધિકાર છે.

પ્રાંત અધિકારીની કચેરીની બાજુમાં આવેલી ઓફિસનો બનાવ

નડીયાદમાં સરકારી કચેરીમાં આગ ભભૂકતા મહત્ત્વના કાગળો સળગી ગયા

નડીયાદ, નડીયાદના ડભાણ રોડ સ્થિત જિલ્લા કલેકટરની કચેરીમાં પ્રાંત અધિકારીની કચેરીની બાજુની ઓફિસમાં આગ ભભૂકી હતી. જ્યાં નડીયાદ ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે, આગમાં મહત્ત્વના કાગળો ભસ્મિભૂત થઈ ગયા છે.

ઘટના સમયે ઉચ્ચ અધિકારીઓ સ્થળ આવ્યા હતા. ફાયર વિભાગની ટીમે સૌપ્રથમ જે રૂમમાં આગ લાગી હતી તે વધુ પ્રસરે નહીં તે માટે રૂમના બારીના દરવાજા ખોલી દીધા હતા. આ બાદ સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળ્યો હતો. ઘટનાની જાણ ખેડા જિલ્લા નાયબ કલેકટર અને નડીયાદ પ્રાંત અધિકારી, નડીયાદ નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત કલેકટર કચેરીના અધિકારીઓ રાત્રે કલેકટર ઓફિસ ખાતે આવ્યા હતા.

આ ઉપરાંત એમજીવીસીએલની ટીમ આવી પહોંચી હતી. ચીફ ફાયર ઓફિસર નડીયાદ ફાયર બ્રિગેડના દીક્ષિત પટેલે જણાવ્યું કે સ્થાનિક વ્યક્તિ દ્વારા કોલ મળતા બ્રિગેડના બે વોટર બ્રાઉઝર સહિત રેસક્યુ ટેન્ડર લઈને અહીંયા આવ્યા હતા. આગ બીજા માળની રૂમમાં લાગેલ હોય સૌપ્રથમ તો આગ વધુ પ્રસરે નહીં નહીં તે દિશામાં પગલાં લીધા હતા અને આગ પર પાણીનો મારો ચલાવી બુઝાવી દીધી છે. રૂમમાં રાખવામાં આવેલ કાગળો, ફાઈલો સહિત અન્ય માલાસામાનનો નુકસાન થયું છે. ધૂમાડો એટલો અસહ્ય હતો કે તમામ ફાયર કર્મીને મોઢે રૂમાલ બાંધી કામગીરી કરવી પડી છે. આગનું કારણ અકબંધ છે.

આઈ.જે.પટેલ અને ડો. યજ્ઞેશ પુરોહિત દ્વારા લેખિત

ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી દ્વારા પુસ્તકોનું વિમોચન કરાયું

આણંદ, ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ.જે.પટેલ એમ.એડ્ કોર્સના પ્રોફેસર અને હેડ ડૉ.યજ્ઞેશ પુરોહિત દ્વારા લિખિત બે પુસ્તકો ''સ્વાસ્થ્ય શિક્ષણ, શારીરિક શિક્ષણ અને યોગ'' તથા આઈ.જે.પટેલ બી.એડ્ કોલેજના અધ્યાપક ડૉ.અમૃતભાઈ તીરગર લિખિત બે પુસ્તકો ''બાલાસિનોર ગામનો પૌરાણિક ઈતિહાસ'' તથા ''બાલાસિનોરમાં બાબી સામ્રાજ્યનો ઉદય'' ડૉ.અનુ પાંડે લેખિત બે પુસ્તકો ''મૃદુલા ગર્ગ કે કથા સાહિત્યમે પારિવારિક એવમ સામાજિક જીવન'' તથા ''સમકાલીન સાહિત્યમે કિન્નર વિમર્શ ઔર અન્ય સંદર્ભ''નું ક્રમશ વિમોચન ચરોતર એજ્યુકેશન સોસાયટીના મંત્રી કેતનભાઈ પટેલ દ્વારા કેમ્પસ ડાયરેકટર મહેશભાઈ પટેલ તેમજ આઈ.જે.પટેલના આચાર્યા અને શૈક્ષણિક સ્ટાફની ઉપસ્થિતિમાં સંપન થયું હતું. કેતનભાઈ પટેલ તથા મહેશભાઈ પટેલે લેખકોને બિરદાવ્યા હતા.

મધ્ય ગુજરાત

ખેડા, આણંદ, વડોદરા જિલ્લાના સમાચારો

વડોદરામાં સંગમ ચાર રસ્તા પાસે પતંજલિ સ્ટોરમાં એકાએક આગ લાગી

વડોદરા, વડોદરા શહેરના સંગમ ચાર રસ્તા પાસે આવેલા કોમ્પ્લેક્સમાં પતંજલિ સ્ટોરમાં એકાએક આગ લાગી હતી. ફાયર બ્રિગેરની ટીમે સ્ટુડન્ટ સ્થળ પર પહોંચી પાણીનો સતત મારો ચલાવીને ભારત જહેમત બાદ આંગ પર કાબુ મેળવી લીધો હતો. આગમાં સ્ટોરમાં મુકેલો સામાન બળીને ખાસ થઈ ગયો હતો.

વડોદરા શહેરના હરણી વારસિયા રિંગ રોડ પર સંઘન ચાર રસ્તા પાસે એ કોમ્પ્લેક્સમાં આવેલા પતંજલિ સ્ટોરમાં સોમવારે અચાનક આગ લાગી હતી. ધુમાડાના ગોટે ગોટા નીકળતા કોમ્પ્લેક્સના અન્ય વેપારીઓ અને રાહ દારિયો સહિત વાહનચાલકોમાં પણ ભયનો માહોલ ફેલાયો હતો. આગની ઘટના અંગે વડોદરા ફાયર બ્રિગેડ ટીમને જાણ કરાતા લાસ્કરો તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા અને પાણીનો સતત મારો ચલાવીને આંખ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ફાયર બ્રિગેડને ભારે જહેમત બાદ બાદ આંગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં પડી રહેલી આકરી ગરમીના કારણે શોર્ટ સર્કિટની ઘટનાઓ બનતી હોય છે. પતંજલિ સ્ટોરમાં કયા કારણસર આગ લાગી તે ચોક્કસ રીતે જાણી શકાયું નથી.

લોકશાહીને વધુ મજબૂત બનાવતા રાખસકુંડીના ગ્રામજનો

(માહિતી)રાજપીપલા, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ ભરૂચ-૨૨ માં સમાવિષ્ટ નર્મદા જિલ્લાના ૧૪૯ દેડિયાપાડા વિધાનસભા મતવિસ્તારના રાખસકુંડી મતદાન મથક ખાતે ગ્રામજનો પોતાની જવાબદારી સમજીને મતદાન કરવા પહોંચ્યા હતા. આ મતદાન મથકે મહિલાઓની ભાગીદારી સવિશેષ જોવા મળી હતી.

મહિલા કર્મીઓ દ્વારા સંચાલિત સખી મતદાન મથક તંત્ર દ્વારા ખાસ ઉભું કરવામાં આવ્યું છે.

જેમા રાખસકુંડી મતદાન મથક ખાતે પધારેલા તમામ વયજુથના મતદાતાઓએ પોતાના અમૂલ્ય મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીને મજબૂતી પ્રદાન કરી છે. લોકોનો ઉત્સાહ ઉમંગ ''લોકશાહી પર્વ દેશ કા ગર્વ'' દેશ માટે ૧૦ મીનિટના કર્તવ્યને નાગરિકોએ મતદાન કરીને નિભાવ્યું હતું.

Movie મસાલા

કલાકારોએ આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ નિમિત્તે માતા માટે વિવિધ યોજનાઓ બનાવી

માતાઓ આપણી માર્ગદર્શક હોય છે, જે આપણને યોગ્ય દિશામાં લઈ જાય છે અને નવી ઊંચાઈ સર કરવા માટે સશક્ત બનાવે છે. ઉપરાંત તે હંમેશાં આપણી પડખે રહે છે! તો આ આંતરરાષ્ટ્રીય માતૃ દિવસ નિમિત્તે એન્ડટીવીના કલાકારોએ તેમની માતાઓને વિશેષ મહેસૂસ કરાવવા માટે વિવિધ યોજનાઓ ઘડી કાઢી છે. તેમાં વ્યોમ ઠક્કર (અટલમાં યુવા અટલ), ગીતાંજલી મિશ્રા (હપ્પુ કી ઉલટન પલટનની રાજેશ સિંહ) અને શુભાંગી અત્રે (ભાભીજી ઘર પર હૈની અંગૂરી ભાભી)નો સમાવેશ થાય છે. અટલમાં યુવા અટલ બનેલો વ્યોમ ઠક્કર કહે છે, ''મારા માતા મારી સુપરહીરો છે. તે શૂટિંગ માટે સેટ પર મારી જોડે આવે છે છતાં ઘરનાં કામોનો સમન્વય પણ રાખે છે અને ઘરમાં બધું જ સહજ રીતે પાર પડે તેની ખાતરી પણ રાખે છે. તે મારા અને મારા ભાઈના અભ્યાસની કાળજી રાખે છે અને તેની અભિનયની કારકિર્દીમાં પણ મદદ કરે છે. તેની સમર્પિતતા મને પ્રેરિત કરે છે. તેની હકારાત્મકતા મને પોતાની અંદર વિશ્વાસ કરાવે છે અને સફળતા હાંસલ કરવા દોરે છે. હું આ માતૃ દિવસ પર તેને આશ્ચર્ય આપવાનો છું. મારી ઓનસ્ક્રીન માતા (અટલમાં કૃષ્ણા દેવીની ભૂમિકા ભજવતી નેહા જોશી) સાથે હું ગીત શીખી રહ્યો છું જે મારી રિયલ લાઈફની માતાને સમર્પિત કરીશ. મારા પિતા અને ભાઈની મદદથી અમે વિશેષ ડિનર આઉટિંગ પર જવાનું નિયોજન પણ કરી રહ્યા છીએ અને તેની બધી જ મનગમતી વાનગીઓ મગાવીશું. મારી માતા અને દુનિયાભરની સર્વ સુપરમોમને હેપ્પી મધર્સ ડે!'' હપ્પુ કી ઉલટન પલટનમાં રાજેશ બનેલી ગીતાંજલી મિશ્રા કહે છે, ''મારી માતાએ વ્યક્તિ તરીકે મને ઘડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેણે મને પોતાની પર વિશ્વાસ રાખવાનું મહત્ત્વ શીખવ્યું છે અને અનુકંપા તથા માનવતાનાં મૂલ્યોની મારી અંદર કેળવણી કરી છે. હું તેના માર્ગદર્શન માટે તેની ઋણી રહીશ. આ વર્ષે હું માતૃ દિવસને ખરા અર્થમાં ઉત્તમ બનાવવા માટે કટિબદ્ધ છું. મારા વ્યસ્ત શૂટિંગના શિડ્યુલને કારણે તાજેતરમાં તેની સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવી શકી નથી. આથી હું તેને માટે અને મારા ભત્રીજાઓ માટે આખો દિવસ સમર્પિત કરવા માગું છું. અમે માતાને સૌથી વધુ શ્રદ્ધા છે તે મંદિરમાં સૌપ્રથમ જઈશું.

'પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિ'ના સેટ પર અર્જુન બિજલાની ગાયક બન્યો

ઝી ટીવીનો પ્યાર કા પહેલા અધ્યાય શિવશક્તિ એ તેની રસપ્રદ વાર્તાથી દર્શકોને સ્ક્રીન સામે જકડી રાખ્યા છે. શિવ (અર્જુન બિજલાની) અને શક્તિ (નિક્કી શર્મા) વચ્ચેની પ્રેમકથાએ તેમની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રીથી દર્શકોના દિલ પર છવાઈ ગયા છે. તાજેતરના એપિસોડમાં દર્શકોએ જોયું કે, કઈ રીતે મંદિરા (પરિનીતા બોરઠાકુર) એ શિવનું અપહરણ કર્યું પણ શક્તિએ પરિવારના અન્ય સભ્યોની મદદથી તેને બચાવી લીધો. ટીમ જ્યારે આ તનાવગ્રસ્ત ઓન-સ્ક્રીન નાટકનું શૂટિંગ કરી રહી હતી, આ દરમિયાન શોટ્સની વચ્ચે અર્જુન એ તેના સુમધુર અવાજથી ટીમનું મનોરંજન કરતો હતો.

અર્જુન બિજલાનીએ આટલા વર્ષોમાં પૂરવાર કર્યું છે કે, તે અદ્દભુત કલાકાર અને હોસ્ટ છે, પણ હવે આપણી સામે તેની વધુ એક છૂપી પ્રતિભા સામે આવી છે. અર્જુન એ તાજેતરમાં જ તેના સોશિયલ મીડિયા પર એક સુંદર ગીતથી તેની ટીમનું મનોરંજન કરતો હોય એવો સુંદર વિડીયો શેર ક

ગામે ગામના સમાચાર

જામનગરમાં એક જ એપાર્ટમેન્ટના ત્રણ ફલેટને તસ્કરોએ નિશાન બનાવ્યા

જામનગર, જામનગરમાં હરીયા કોલેજ રોડ પર આવેલી પ્રકાશ એવન્યુમાં એકી સાથે ત્રણ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યા હતા અને ત્રણેય મકાનમાંથી રૂા.૨૫,૦૦૦ની રોકડ રકમ સોનાની બુટી, પેન્ડલ તેમજ વિદેશી કરન્સી સહીત રૂપિયા ૧,૮૯,૫૦૦ની માલમત્તાની ચોરી થઈ હોવાની સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવાઈ છે.

જામનગરમાં હરીયા કોલેજ રોડ પર જકાતનાકા સામે પ્રકાશ એવન્યુમાં રહેતા મહેશભાઈ રણછોડભાઈ પટેલનાં બંધ રહેણાંક મકાનને રાત્રીના સમયે કોઈ તસ્કરોને નિશાન બનાવી લીધું હતું. અને પોતે ઓફીસે ગયા હતા ત્યારે પાછળથી કોઈ તસ્કરોએ તેમનાં મકાનમાંથી રૂપિયા ૨૫,૦૦૦ ની રોકડ રકમની ચોરી કરી લીધી હતી.

ઘરેણાં, રોકડ અને વિદેશી ચલણ સહિત રૂા.૧.૮૯ લાખની ચોરી

આ ઉપરાંત પાડોશમાં રહેતા મનીષાબેન સંતોષભાઈનાં મકાનમાં તસ્કરો ૬૫૦ ગ્રામ વજનની સોનાની કાનની બુટી અને ગણપતીનું પેન્ડલ વગેરેની ચોરી ગયા હતા અને તેની બાજુમાં જ આવેલા રવીન્દ્રસિંહ ભુદેવસિંહના બંધ રહેણાંક મકાનને પણ નિશાન બનાવી લઈ તેમના મકાનમાંથી ૨૫૦૦ યુએસ ડોલર ઉઠાવી હતી. કુલ મળી ૧,૮૯,૫૦૦ની માલમત્તાની ત્રણેય મકાનમાંથી તસ્કરો ચોરી કરી લઈ ગયા હોવાની ફરીયાદ થઈ હતી.

પાલિતાણામાં ખાદ્ય પદાર્થોમાં બેફામ ભેળસેળ: કાનૂની રાહે પગલાંની જરૂર

પાલીતાણા, શહેરમં વેચાતા ખાધ પદાર્થોમાં ખુલ્લેઆમ મિલાવટ થઈ રહી છે. જન આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહેલા તત્વો સામે કાનુની રહે પગલાં ભરવામાં સરકારી તંત્ર લાજ કાઢતું હોવાથી ભેળસેળીયા તત્વો બેલગામ બન્યા છે.

ખોરાક અને ઔષધ નિયમન વિભાગ, ફૂડ વિભાગ, તોલમાપ વિભાગ, આરોગ્ય શાખા, નગરપાલિકા તેમજ જવાબદાર તંત્રના અધિકારીઓ કર્મચારીઓ ઓફીસમાં આરામ ફરમાવી જન આરોગ્યની ખેવના કરતા ન હોવાના કારણે શહેરમાં ખાધ પદાર્થોમાં ખુલ્લેઆમ ભેળસેળ થઈ રહી છે.

માત્રને માત્ર રૂપિયા કમાવવાની લ્હાયમાં ખોરાક ખાધ નિયમોનો સરેઆમ ઉલાળ્યો કરવામાં આવતો હોવા છતાં પણ સંબંધિત તંત્ર દ્વારા પગલાં ભરવામાં આવતા નથી.

અધિકારીઓ ઓફિસમાં બેઠા બેઠા જ નિર્ણય લેતા હોવાની રાવ

શહેરમાં મુખ્ય બજાર તેમજ ગલીઓમાં શેરીઓમાં ઠેરઠેર ધમધમી રહેલ પાણીપુરીની લારીઓ, નાસ્તાની, રેકડીઓ, ફરસાણની, દુકાનો, ભોજનાલયો, રેસ્ટોરેન્ટોની આજદીન સુધી તપાસ થઈ નથી. પાણીપુરીની રેકડીઓ ઉપર આપવામાં આવતું પાણી જન આરોગ્ય માટે નુકશાનકારક છે. સરકારી તંત્રની લાપરવાહીના કારણે ખુલ્લેઆમ કોઈ જાતના ડર વગર જન આરોગ્ય સાથે ચેડા થઈ રહયા છે. આવી જ રીતે ફરસાણના વેપારીઓ ફરસાણ તળવાની કડાઈમાં બેરોકટોક દાજીયા તેલનો ઉપયોગ કરી રહયા છે. કલરવાળા ગાંઠીયા તેમજ મીઠાઈ તપાસ માંગી લે છે. મીઠાઈ બનાવવામાં વપરાતા માવાની ગુણવત્તા સામે પણ સવાલો ઉભા થઈ રહયા છે.

આવી જ રીતે ફાસ્ટ ફુડની દુકાનો, લારીઓમાં આરોગ્ય લક્ષી નિયમોનો ખુલ્લેઆમ ઉલાળીયો કરવામાં આવી રહયા છે. અનેક ખાધ વસ્તુઓમાં ભય વગેરે ભેળસેળ કરવામાં આવી રહી છે. આવું જ ખાધતેલોમાં પણ બની રહયું છે. ખાધતેલોમાં મોટાપાયે ભેળસેળ થતી હોવાની ચોકાવનારી વાતો લોકોમાં ચર્ચા રહી છે. જન આરોગ્ય અર્થે પ્રજાના હિતમાં સંબંધીત તંત્ર દ્વારા કડક પગલાં ભરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. ગમે તે કારણોસર ખાધ પદાર્થોમાં મીલાવટના પક્ષે નગરસેવકો ચુપકીદી સેવી રહયા છે. જેની લોકોમાં ટીકા થઈ રહી છે.

જામનગર પંથકમાં જૈન સંગઠન દ્વારા તળાવો બનાવાશે

જામનગર, જામનગર શહેર-જીલ્લામાં ચોમાસા અગાઉ ભારતીય જૈન સંગઠન દ્વારા ચાર ગામમાં તળાવ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. રોટરી કલબ દ્વારા છેલ્લા મહીનાઓથી વરસાદી પાણીના વેડફાટને અટકાવવા જયાં જયાં ડંકીઓ છે તેવા ઘરમાં અગાશીમાંથી બોરમાં પાણી ઉતરે તે માટે વોટર હાર્વેસ્ટીગ કરાવી લેવા અનુરોધ કરાયો છે.

કોલેજોએ સેમીનાર યોજવામાં આવ્યા હતા તેમજ મેસેજ કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવતા શહેરના હજારો વિધાર્થીઓમાં મોબાઈલમાં આ સંદેશ પહોચ્યયો છે. બીજી તરફ મહાપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં અગાઉ કરવામાં આવેલા વોટર હાર્વેસ્ટીગના કામની ચકાસણી કરવાની તેમજ નવા નવા વરસાદી પાણીના નિકાલના કામમાં ૨૦થી વધુ જગ્યાએ બોર કરીને પાણી જમીનમાં ઉતારવાની કામગીરી કરવામાં આવશે.

વિશ્વભરમાં ભૂતળનું જળ સ્તર નીચું જતું જાય છે. ભારતમાં આ સ્થિતી સુધારવા ભારતીય જૈન

વિવિધ કોલેજમાં સેમીનારો યોજાયા: ચોમાસા પહેલા લોકો પોતાના સ્થાનોમાં બોર રીચાર્જ કરાવી લે તેવી અપીલ

સંગઠન દ્વારા જુદા-જુદા રાજયમાં સ્વખર્ચે તળાવ-બનાવવા, વરસાદી પાણી ભુગર્ભમાં ઉતારવાની પ્રવૃત્તિ કરવામાં આવે છે. જીલ્લા કલેકટર સાથે આ કામગીરી માટે સંસ્થાએ તા.૩૧ મે ૨૦૨૩ના રોજ એમઓયુ કર્યા બાદ ભારતીય જૈન સંગઠનના પ્રમુખ જીજ્ઞેશભાઈ શાહ સેક્રેટરી આદેશ મહેતા, કો-ઓડીનેટર શરદભાઈ શેઠ, પ્રોજેકટ-કો ઓડીનેટર નવીનભાઈ કોઠારી વગેરેએ જીલ્લામાં તળાવ બનાવવાનો સર્વે હાથ ધર્યા.

લાલપુર તાલુકાના આરબલુસ પડાણા, આરીખાણા અને જામનગર તાલુકામાં જાંબુડા, ઢીંચડા ગામની પસંદ કરવામાં આવી છે.ડો.અભય ફીરોદીયાના અનુમાદનથી સંસ્થા આ પાંચમાંથી ચાર ગામમાં તળાવ બનાવાશે. મહાપાલીકા દ્વારા પણ આગામી દિવસોમાં વોર્ડ નં.૯ના સેન્ટ્રલ ઝોનના મંગલમય શેરી નં.૧થી ૪ના વિસ્તારની રોડની સામેની બાજુ આહીર વિધાર્થી ભુવન તરફના નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય તે માટે વોટર હાર્વેસ્ટીગ સીસ્ટમ સાથે યોજના અમલમાં મુકવામાં આવશે. આ ગલીઓમાં તંત્ર દ્વારાકુલ ૨૦થી વધુ બોર કરવામાં આવશે.

ભારતીયય જૈન સંગઠનના કો-ઓડીનેટર અને રોટરી કલબના હોદેદારો શરદભાઈ શેઠે જણાવ્યું હુતં કે લોકો પોતાના રહેણાંક અથવા કોમર્શીયયલ વપરાશના સ્થળોએ બોર રીચાર્જ કરવાની નાની એવી કામગીરી છે તે કરાવી લ્યે તો વરસાદી પાણી બોરમાંથી ભુતકાળમાં ઉતરતું થઈ જશે. હાલ આ કામગીરી માટે યોગ્ય સમય છે. ઉપરાંત જામ્યુકોએ જયાં જયાં વોટર હાર્વેસ્ટી માટે બોર કે કુવા કર્યા છે. તે પણ પુનઃજીવીત કરાવી લેવાની કામગીરી વેગવંતી બનાવવામાં આવે તે જરૂરી છે.

જૂનાગઢ સુભાષ યુનિ.માં મેગા જોબ ફેર

જુનાગઢ, અહીની ડો.સુભાષ યુનિવસીટી ખાતે મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવસીટીના ટ્રેનીગ અને પ્લેસમેન્ટ વિભાગ દ્વારા આયોજીત આ મેગા જોબ ફેરમાં જુનાગઢ તેમજ આસપાસના વિસ્તારોના ૨૦૦૦થી વધારે વિધાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

વિવિધ વિધાશાખાના આ વિધાર્થીઓને નોકરી માટેની તક પુરી પાડવા માટે બે દિવસ દરમ્યાન

બે હજાર વિધાર્થીઓ અને ૭૫થી વધુ કંપનીના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા

૭૫થી વધુ ખ્યાતનામ કંપનીઓ જેમ કે સનફાર્મા, ટોરેન્ટ ગેસ, બજાજ એઅલીયન્સ ઈન્સ્યોરન્સ સેરા સીરામીક પરીન ફનીચર આયુષ હોસ્પિટલ, એચડીએફસી,બેક વારી એનર્જી, કેલ્વીન પ્લાસ્ટીક, સીનોવા, ગિયર્સ, એકસપર્ટ લેબ, ગીરનાર ઈન્ડસ્ટ્રીઝ કે.જે. હોસ્પિટલ, શકિતમાન એકટીલીસ વગેરે કંપની કે સંસ્થાના પ્રતિનીધીઓ ઉપસ્થિત હતા.

આ જોબ ફેરમાં ભાગ લેવા માટે વિધાર્થીઓ દ્વારા વિનામૂલ્યે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. વિધાર્થીઓને માહિતી મળી રહે તે માટે પ્રી-પ્લેસમેન્ટ એકિટવીટીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રભરમાંથી ઉપસ્થિત વિધાર્થીઓમાંથી મોટી સંખ્યામાં વિધાર્થીઓને વિવિધ કંપનીઓ દ્વારા નોકરી આપવામાં આવી હતી. ઘણા વિધાર્થીઓને ઈન્ટરવ્યુના આગામી રાઉન્ડ માટે શોર્ટ લીસ્ટ કરવામાં આવ્યા હતા.

વિધાર્થીઓને આર્થિક રીતે પગભર બનાવવાના હેતુથી આયોજીત આ જોબ ફેરને સફળતા મળી હતી. સમગ્ર જોબ ફેરની ઈવેન્ટને સફળ બનાવવા માટે સંસ્થાના ડો.સંદીપ પંચાલ ટ્રેનીગ અને પ્લેસમેન્ટ ઓફીસર પ્રો. મીતેશ પટેલ સહીતની ટીમે જહેમત ઉઠાવી હતી. મેગા જોબ ફેરની સફળતા બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવસીટીના પ્રમુખ રાજભાઈ ચાવડા, યુનિવસીટીના પ્રોવોસ્ટ ડો.દીપક પટેલે તમામને બિરદાવ્યા હતા. જે વિધાર્થીઓ જોબ ફેર થકી નોકરી મેળવવવામાં સફળ રહયા હતા. તેઓને શુભેચ્છા પાઠવી હતી અને તપાસ ઉમેદવારોને ઉજજવળ ભવીષ્ય માટે શુભકામના પાઠવી હતી.

નર્મદા જિલ્લા ચૂંટણી તંત્રનો નવતર પ્રયોગ
એકતાનગરમાં આદર્શ મતદાન મથકને જંગલ સફારીની થીમ અપાઈ

(માહિતી) રાજપીપલા, છોટાઉદેપુર સંસદિય મતવિભાગમાં સમાવિષ્ટ નર્મદા જિલ્લાના ૧૪૮-નાંદોદ વિધાનસભા મતવિસ્તારમાં આવતા એકતાનગર-૧ મતદાન મથકને આદર્શ મતદાન મથક તરીકે વિકસાવવામાં આવ્યું છે. જેની થીમ જંગલ સફારી રાખવામાં આવી છે. અહીં વન્ય પ્રાણી-પક્ષીઓની આબેહુબ રેપ્લિકા મતદારોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

અહીં મતદારોને આવકારવા માટે ખાસ રેડ કાર્પેટ પણ પાથરવામાં આવી છે. આ સમગ્ર થીમના નિર્માણ કાર્યમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તા મંડળ દ્વારા સહયોગ પુરો પાડવામાં આવ્યો છે. જે મતદારોને ઉત્સાહભેર મતદાન કરવા માટે પ્રેરિત કરી રહ્યું છે. અહીં રીંછ, અજગર, સિંહબાળ, હરણ, મોર, ઝરખ, દીપડાની રેપ્લિકા મૂકવામાં આવી છે. વન્ય જીવો અને જંગલના સંરક્ષણ પ્રત્યે જાગૃતતા આવે તેવી રીતે આ રેપ્લિકા મુકવામાં આવી છે.

આ ઉપરાંત ઉનાળાની સ્થિતિને ધ્યાને રાખી મતદાન મથકમાં મંડપ નાખી છાંયડાની વ્યવસ્થા કરવામાં આવી છે. પીવાના પાણીની પણ સુંદર વ્યવસ્થા છે. આરોગ્યની ટીમ પણ તહેનાત રાખવામાં આવી છે.

મતદાન મથકની અંદર વાંસના ટેબલ અને મત કુટિર પણ વાંસની બનાવવામાં આવી છે. મતદાનકર્મીઓ પણ જંગલ સફારીને અનુરૂપ કેપ પહેરીને બેઠેલા નજરે પડે છે.

સંક્ષિપ્ત સમાચાર

ધોરાજી : વૈષ્ણવ સમાજનો ત્રિદીવસીય મહોત્સવ

ધોરાજી: અહીની ગોવર્ધનનાથજી હવેલી દ્વારા મહાપ્રભુજીનો ૫૪૭ મો ત્રિદીવસીયય પ્રાગટયય ઉત્સવ વિશાળ શોભાયાત્રા સાથે ઉજવાયયો. બાલધા ચોરા પાસે આવેલ ગોવર્ધનનાથજી હવેલીમાં ચંપકલતા બેટીજીના અધ્યક્ષસ્થાને મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં નૃત્ય નાટીકા તેમજ પાઠશાળાના વૈષ્ણવ દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું. પલના દર્શન સવારે ૧૧ વગેરે રાજભોગમાં તિલક નંદમહોત્સવ બપોરે ૧.૩૦ વાગે બાદ વરણાગી શોભાયાત્રા સાંજે ૪.૩૦ વાગે પ્રારંભ થઈ શોભાયાત્રામાં વૈષ્ણવ બાબુભાઈ જાગાણી, નીતીનભાઈ જાગાણી, પરસોતમભાઈ ગુદણીયા, પ્રમોદભાઈ રાખોલીયા વગેરે જોડાયા હતા. શોભાયાત્રા કડવા પાટીદાર સમાજ ખાતે પુર્ણ થઈ ઈબાદ પાદુકાજીના કેસર સ્નાન તેમજ વચનામૃતનો લાભ વૈષ્ણવોને પ્રાપ્ત થયો.

બોટાદમાં વડીલોનો વિસામોમાં પુસ્તક પરબ

બોટાદ: વડીલોનો વિસામો તખ્તસિંહજી જાહેર વાચનાલય ખાતે પુસ્તક પરબનું આયોજન કરાયું હતું. જેમાં ચાંદની રોજેસરા, કુલદીપ વસાણી કુલદીપ ખાચર હીતેશ છાયા અંકીત જે.સોલંકી, ધીરેન્દ્ર વાઘેલા વગેરે મીત્રોએ હાજરી આપી હતી. પુસ્તક પરબના કાર્યવાહક પારસ જી. ઓગાણીયા બટુક રવૈયા રાજેશ શાહ, જયેશ પરમાર અને સમગ્ર વ્યયવસ્થા સમર્પણ ગ્રુપના બાળકો દ્વારા સંભાળવામાં આવી હતી.

વાંકાનેરના જાલસીકા પાસે હોલ માતાજી મંદિરમાં ધર્મોત્સવ

વાંકાનેર: વાંકાનેરથી ૧૭ કિ.મી. દૂર જાલસીકા પાસે આવેલ હોલ માતાજી મંદીરમાં તા.૯મીએ ગુરુવારે ૧૭ માં વૈશાખી બીજ મહોત્સવ ધામધુમથી ઉજવાશે. સવારે ધ્વજારોહણ બાદ નવચંડી યજ્ઞ, બપોરે મહાપ્રસાદ અને રાત્રે સંતવાણીનું આયોજન છે. સંતવાણીમાં દેવાયત ખવડ, કાનાભાઈ હુંબલ, ભુમીબેકન આહીર, વિજયયભાઈ આહીર સહીતના કલાકારો ભાગ લેશે. વૈશાખી બીજ મહોત્સવમાં વવાણીયાના પ્રભુદાસબાપુ, ગરણીના રસીકબાપુ ભાયાસરના વશીષ્ઠનાથબાપુ, લક્ષ્મણગીરીબાપુ વાઘાબાપા ઠાકર, નાથાભાઈ સોનારા વગેરે ઉપસ્થિત રહેશે. તેમ મહંત પ્રભાતભાઈ લોખીલની યાદી જણાવે છે.

બગસરાના બસ સ્ટેન્ડમાં સફાઈના અભાવે દુર્ગંધ આવતી હોવાની રાવ

બગસરા: અહીના એસટી ડેપોની યુરીનલ સફાઈના અભાવે ગંદકીથી ખદબદી રહી છે. દુર્ગંધ મારતી હોવાથી મુસાફરોની હાલાકી વધી છે. બસમાંથી ઉતરતા જ માથું ફાડી નાખે તેવી દુર્ગંધથી લોકો પરેશાન છે. બસની રાહમાં બેસતા પેસેન્જરો તો ત્રાહીમામ પોકારી ગયા છે. ડેપો મેનેજર દ્વારા સફાઈ કર્મીની હકાલપટ્ટી કરવામાં આવી છે. આ સફાઈ કર્મી સામે પેસેન્જરો સાથે મનસ્વી વર્તન અને બેફામ રૂપિયા ઉઘરાવતા હોવાની ફરીયયાદ હતી. તેને સાત દિવસ થયા છે.પરંતુ હજુ સુધી નવા કર્મચારી મુકાયા નથી. તેના કારણે યુરીનલની સફાઈ થતી નથી આખા બસસ્ટેન્ડમાં દુર્ગંધ આવતી હોવા છતાં પગલાં લેવાતા નથી.

ધોરાજી સીટી પોલીસે દોઢ વર્ષથી ફરાર આરોપી પકડયો

ધોરાજી: ભાણવડ પોલીસ સ્ટેશનના દેશી દારૂની સપ્લાયના ગુનામાં છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપી સદામશા હુસેનેશા સફાઈ સોનપુરી ધોરાજી ને ધોરાજી સીટી પોલીસે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

ભાણવડમાં વલ્લભ સાખી રસપાન

ભાણવડ: અહીના ગોવિંદ પ્રભુ સેવા મંડળ અને વૈષ્ણવ નરોતમભાઈ રામજીભાઈ નકુમ મનોરથી પરીવાર દ્વારા વલ્લભ સાખી રસપાનનું આયોજન કરાયું હતું. પાંચ દિવસની શીબીરમાં વૈષ્ણવ સંપ્રદાયના જય વલ્લભલાજી મહોદયય ખાસ હાજર હતા. તેમણે વચનામૃતમાં જણાવ્યું કે જીવનમાં એક ભગવદીયનો સંગ જરૂર રાખવો જોઈએ. કાર્યક્રમને સફળ બનાવવા ગોવિંદ પ્રભુ સેવા મંડળના ભાવીન રાડીયા, જયેશ હીન્ડોચા, યોગેશ સીણોજીયા, વિજય કટારીયા, બાબુભાઈ કરમુર વગેરેએ જહેમત ઉઠાવી હતી.

નવી પીપળી ગામે આધેડનો આપઘાત

મોરબી, નવી પીપળી ગામે રહેતા સિધ્ધરાજસિંહ સુરૂભા ઝાલા નામના આડેધે તેના ઘેર કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

ઢોરના ચારાની આડમાં બોલેરોમાં ૪.૨૪ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

જૂનાગઢ, વંથલી તાલુકાના સોનારડીની સીમમાં ઢોરના ચારાની આડમાં રૂા.૪.૨૪ લાખનો દારૂ ભરેલ બોલેરોમાંથી દારૂનું કટીંગ થાય તે પહેલા પોલીસે ઝડપી લઈ કુલ રૂ.૮ લાખ ૭૪ હજારનો મુદામાલ કબજે કરી તપાસ હાથ ધરીશ છે. વંથલી પોલીસને ચોકકસ બાતમી મળેલ છે. કે બોલેરો નં.જીજે-૦૩બીવી-૯૪૩૬માં દારૂ ભરી સોનારડી ગામ તરફ ગારીમાં ગયેલ છે. ત્યાં કટીગ થનાર છે. તેથી પોલીસ દોડી જઈ તપાસ કરતા ઢોરના ચારા હેઠળ છુપાયેલ દારૂ પેટી--૮૨, ચપલા નંગ૩૯૩૬,કિંમત રૂા.૩૧,૨૦૦ જથ્થો મળી આવ્યો હતો. રૂ.૪.૨૪ લાખનો દારૂ તથા બોલેરો પીકઅપ વાહન મળી કુલ રૂ.૮,૭૪,૮૦૦નો મુદામાલ કબજે કરી વાહનના ચાલક તથા દારૂ મગાવનાર અને મોકલનાર સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે. ચુંટણી સમયેય ચેકપોસ્ટો હોવા છતાં દારૂ ઘુસતા પોલીસે ચોકી ઉઠી છે.

ગોધરા : એન્જિનિયરિંગ કોલેજ ટુવા ખાતે મેગા જોબ ફેરનું આયોજન

(તસ્વીર: મનોજ મારવાડી, ગોધરા)

(પ્રતિનિધિ) ગોધરા, ગોધરા ખાતે આવેલા એન્જિનિયરિંગ કોલેજ ટુવા ખાતે મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૯૦થી વધારે વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં ડીપ્લોમા એન્જિનિયરિંગ તથા ડીગ્રી એન્જિનિયરિંગની જુદી જુદી શાખાઓમાં જેવા કે મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સિવિલ, કોમ્પ્યુટરના વિદ્યાર્થીઓ તથા આઈ.ટી.આઈના જુદા જુદા ટ્રેડ્ના વિદ્યાર્થીઓએ ખુબ જ ઉત્સાહ સાથે રોજગારીની ઉચ્ચ તક મળી રહે એવી આશાથી ભાગ લીધો હતો. જેમાં આદિત્ય બિરલા, સીએટ ટાયર, એલ.એમ વીન્ડ પાવર, એપોલો ટાયર, ITC ઈન્ટરનેશનલ, એનબીસી બેરિંગ, સેફલર, યજાકી, ટિકિટર, લોડ સ્ટાર, નોબલ ઓટોમેટીવ જેવી ૨૫ કંપનીઓએ ભાગ લીધો હતો. અલગ અલગ કંપનીઓએ ૪૧૦થી વધારે વિદ્યાર્થીઓ સિલેક્ટ કર્યા હતા. સંસ્થાના ટ્રસ્ટી, આચાર્ય તેમજ સ્ટાફ ગણે વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન પાવ્યા હતા.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વિવેક ટાંકની ફરજ નિષ્ઠાને બિરદાવતા મુખ્યમંત્રી

(માહિતી) વડોદરા, વડોદરામાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા વિવેક ટાંકના ધર્મપત્નીનું ગત તા.૨૭.૦૪.૨૦૨૪ના રોજ કેન્સરની બિમારીથી દુઃખદ અવસાન થયું હતું.પત્નીના અવસાન બાદ શ્રી વિવેક ટાંક લૌકિક ક્રિયા પૂર્ણ કરી માત્ર ત્રીજા દિવસે પોતાની ફરજ પર હાજર થઈ ફરજનિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શ્રી વિવેક ટાંકના પત્નીને શ્રદ્ધાંજલિ પાઠવી છે.મુખ્યમંત્રીશ્રીએ પાઠવેલ શોક સંદેશ અક્ષરશઃ નીચે મુજબ છે. જીવનના સર્વે સુખદુઃખમાં સહભાગી એવી જીવન સંગિનીની પરલોકની વાટે વસમી વિદાય વજ્રઘાત સમી હોય છે. આપના પત્ની શ્રી પ્રજ્ઞાબેનનું કેન્સરની બીમારીથી થયેલ અવસાન આપ અને આપના પરિવાર માટે અત્યંત દુઃખદ છે. પરિવારની કરોડરજ્જુ સમાન વ્યક્તિ સર્વે પરિજનો માટે આધારરૂપ હોય છે. સ્વયંને ભૂલીને પરિવારના સુખ દુઃખમાં ઓતપ્રોત બની જતી સ્ત્રીની પરલોકની વાટે વિદાય સર્વે પરિવારજનો માટે વિપદામય તેમજ પીડાકારી છે. એમનાં સત્કર્મો સંભારણું બનીને હંમેશાં આપની સાથે જીવંત રહેશે. આપના પત્નીના આત્માને ઈશ્વર ગતિ, મુક્તિ અને શાંતિ પ્રદાન કરે એ જ અભ્યર્થના...

ખંભાળિયાની દેરામોરા શાળામાં શૈક્ષણિક કિટનું વિતરણ

ખંભાળિયા, ખંભાળીયામાં સરકારી દેરામોરા પ્રાથમીક શાળામાં દીક્ષાંત સમારંભ યોજાયો હતો. સ્વાગત ગીત દેશ ભકિત ગીત, વિદાય ગીત બાદ અભ્યાસના સંસ્મરણો બાળકોએ યાદ કર્યા. મારૂતી રામ ધુન મંડળ દ્વારા વિદાય લેતા તમામ બાળકોને સન્માન પત્ર શૈક્ષણીક કિટ આપવામાં આવી. જલારામ અન્નપુર્ણા દ્વારા ભોજન અપાયું, એન.વી.રેડીમેઈડ બોલપેનની ભેટ આપવામાં આવી.

દ્વારકા જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટ મેડમ તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી કનુભાઈ નંદાણીયયા, બી.આર.સી. પંકજભાઈ રાણા, મારૂતી રામ ધુન મંડળના મહંત સુરેશબાપુ, જીલ્લા શૈક્ષણીક સંઘના પ્રમુખ ઘેલુભાઈ છુછર, રાજય શૈક્ષણીક સંઘના આગેવાન રામભાઈ ખુટી, તાલુકા શૈક્ષણીક સંઘના પ્રમુખ વેજાણંદભાઈ માડમ, એચરાટ આચાર્ય સંઘના પ્રમુખ રામભાઈ ચાવડા વગેરે હાજર હતા.

બોટાદ જિલ્લામાં ૨૨ જેટલી વ્યક્તિ સાથે
ઓનલાઈન છેતરપિંડીમાં ગયેલ ૧૬.૬૯ લાખ પરત અપાવતી બોટાદ સાયબર ક્રાઈમ

બોટાદ, બોટાદ જિલ્લામાં એટીએમ ફ્રોડ, લોન, લોટરી, જોબ, શોપિંગ, ઓલ્ડ/ફેસબુક એડમાંથી વસ્તુની ખરીદીની લગતા ફ્રોડ જેવા સાયબર ક્રાઈમના બનાવોમાં સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન બોટાદ એ ભોગ બનનારને તાત્કાલિમ મદદરૂપ થઈ રૂા.૧૬,૬૯,૭૪૯ પરત મેળવી આપી પ્રશંસનીય કામગીરી કરેલ છે. બનાવની વિગત પ્રમાણેક બોટાદ જિલ્લામાં બોટાદના-૯, લાઠીદડ-૨, બરવાળા-૨, રાણપુર-૨, તુરખા-૧, રામપરા-૧, નાગલપર-૧, લાખણકા-૧, ગઢડા-૨, ખસ-૧ મળી કુલ બોટાદ જિલ્લાના ૨ જેટલા અરજદારો સાથે શોપિંગ, ફેક આઈડેન્ટીટી, ફેક પ્રોફાઈલ, ઈન્વેસ્ટમેન્ટ, ક્રેડિટ કાર્ડ, ટ્રેક બુકિંગ, વિધાઉટ ઓ.ટી.પી., ફેક લિંક, ફેક ટ્રાન્જેકશન, બેન્ક કેવાયસી વિગેરેમાં ઓનલાઈન નાણાંકીય છેતરપિંડી છોડ થયેલ જેમાં ગયેલ નાણાં પૈકી કુલ રૂા.૧૬,૬૯,૭૪૭ રૂપિયા બોટાદ સાયબર ક્રાઈમે પરત મેળવી આપી પ્રશંસનીય કામગીરી કરેલ હતી.

ખેડાલોકસભાની ચૂંટણી માટે આજે ઉત્સાહપૂર્વક મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી નડિયાદમાં ભાજપના ઉમેદવાર દેવુસિંહ ચૌહાણ તથા તેમની ધર્મ પત્ની , નડીઆદ ના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ તથા તેમની ધર્મપત્ની મારૂલબેન , માજી કેન્દ્રીય મંત્રી દિનશા પટેલ , શહેર કોંગ્રેસપ્રમુખ હાર્દિકભાઈ ભટ્ટ મહુધા ના ધારાસભ્ય સંજયસિંહ મહિડા વગેરે પણ પોતાના મત અધિકારનો ઉપયોગ કર્યો હતો .

(તસ્વીર :- સાજીદ સૈયદ , નડિયાદ)

ગોધરાના લાલબાગ ટેકરી મેદાનની બાજુમાં આવેલ
બીગ સેલ નામની દુકાનમાં વહેલી સવારે આકસ્મિક આગ લાગી

(એજન્સી) ગોધરા, ગોધરા શહેર ના લાલબાગ બસ સ્ટેન્ડની પાછળ આવેલા કપડાં, પ્લાસ્ટિક અને કટલરીના સાધનોના સેલમાં આકસ્મિક આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. આગના બનાવને લઈને સેલના માલિકે તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડના જવાનોને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી અને આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

ગોધરા શહેરના લાલબાગ ગ્રાઉન્ડ પાસે બીગ સેલ નામની દુકાનમાં આકસ્મિક આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. સેલના માલિકે તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડ જવાનોને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂ લીધી હતી. જ્યારે આગના બનાવને લઈને અંદર રહેલા કપડાં, પ્લાસ્ટિક સહિત સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જ્યારે ફાયર બ્રિગેડની ટીમ સમયસર પહોંચતા સેલમાં લાગેલી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી. જેને લઈને સેલમાં રહેલા સરસમાનમાં ઓછું નુકસાન થતા સેલના સંચાલકે રાહતનો શ્વાસ લીધો હતો.

ઓડદર બાયપાસ પાસે અકસ્માત બાબતે ચાલક સામે ગુનો નોંધાયો

પોરબંદર, ઓડદર બાયપાસ સામે વાહન અકસ્માતે મૃત્યુ નીપજયાના બનાવમાં ચાલક સામે ગુનો નોધાયો છે. સુરતની ગઢપુર ટાઉનશીપમાં રહેતા ધર્મેશ મુકેશભાઈ માંગુકીયા પરીવારના સભ્યો કાર લઈને દ્વારકા દર્શનાથે આવ્યા હતાં. અને ત્યાંથી કેશોદ જતા હતા ત્યારે આ કાર ફેનીલ ભુપતભાઈ માંગુકીયા ચલાવતો હતો. દરમ્યાયન ઓડદર બાયપાસ નજીક રાત્રે ૧૧.૩૦ વાગે અચાનક શ્વાન આડે ઉતરતા ફેનીલ કાર ઓવરસ્પીડમાં ચલાવતો હોવાથી સ્ટીયરીગ પરનો કાબુ ગુમાવતા આ કાર ડીવાઈડર સાથે અથડાયા બાદ સર્વીસ રોડની સાઈડમાં આવેલા મકાનની દીવાલ સાથે અથડાઈ હતી. અને પુજાબેનના મૃત્યુ નીપજયા હતા તેમજ બ્રીજેશભાઈ જુલીબેન તથા ચાલક ફેનીલને પણ ઈજાઓ થઈ હતી. તેથી ધર્મેશ માંગુકીયાએ કાર ચાલક ફેનીલ

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ચોથા તબક્કાના ૩૬૦ ઉમેદવારો પર ફોજદારી કેસ છે

(એજન્સી) નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી (લોકસભા ચૂંટણી ૨૦૨૪)ના ચોથા તબક્કા માટે ૧૩ મેના રોજ મતદાન થશે. આ તબક્કામાં ૧૦ રાજ્યોની ૯૬ બેઠકો પર મતદાન થશે. આ તબક્કામાં ૧૭૧૦થી વધુ ઉમેદવારો મેદાનમાં છે. તેમાંથી ૩૬૦ ઉમેદવારોએ તેમની સામે ફોજદારી કેસો વિશે માહિતી આપી છે, જે ચૂંટણી સુધારણા માટે કામ કરતી બિન-સરકારી સંસ્થા છે, તે સમયે ઉમેદવારોએ આપેલા સોગંદનામાના આધારે આ આંકડા જાહેર કર્યા છે.

ચોથા તબક્કામાં તેલંગાણા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી યોજાશે, આ રાઉન્ડમાં કુલ ૧૭૧૦ ઉમેદવારોમાંથી ૧૫૪૦ પુરુષ અને ૧૭૦ છે મહિલા ઉમેદવારો છે એડીઆર અનુસાર, ચોથા તબક્કાના ૨૭૪ ઉમેદવારોએ જણાવ્યું છે કે તેમની સામે ગંભીર ગુનાહિત કેસ નોંધાયા છે. આ ઉપરાંત, આંધ્રપ્રદેશના ૬૯, મહારાષ્ટ્રના ૫૩ અને ઉત્તર પ્રદેશના ૩૦ ઉમેદવારો સામે ગંભીર ગુનાહિત કેસ નોંધાયા છે, જેમાંથી ચાર આંધ્રપ્રદેશના છે , બે મહારાષ્ટ્રના અને એક તેલંગાણાના છે. સંગઠનનું કહેવું છે કે આ તબક્કામાં ૯૬ સંસદીય મતવિસ્તારોમાંથી ૫૮ ટકા સંવેદનશીલ છે. આ વિસ્તારોમાં ત્રણ કે તેથી વધુ ઉમેદવારોએ તેમની સામે ફોજદારી કેસ નોંધાયા હોવાની માહિતી આપી છે.

એડીઆરના રિપોર્ટ અનુસાર ચોથા તબક્કાના ૧૭ ઉમેદવારોને દોષિત ઠેરવવામાં આવ્યા છે. ૧૧ ઉમેદવારો સામે હત્યાના કેસ નોંધાયા છે અને ૩૦ ઉમેદવારો સામે હત્યાના પ્રયાસના કેસ નોંધાયેલા છે. અને ૫૦ ઉમેદવારો સામે મહિલાઓ વિરૂદ્ધ ગુનાના કેસ નોંધાયેલા છે. આ સિવાય પાંચ ઉમેદવારો સામે બળાત્કારના કેસ નોંધાયેલા છે.

જો આ ઉમેદવારોને રાજકીય પક્ષોના આધારે જોવામાં આવે તો એઆઇએમઆઇએમના ત્રણમાંથી ત્રણ, શિવસેનાના ત્રણમાંથી બે, ભારત રાષ્ટ્ર સમિતિના ૧૭માંથી ૧૦, કોંગ્રેસના ૬૧માંથી ૩૫, ભાજપના ૭૦માંથી ૪૦ ઉમેદવારો. ,બીજેડીમાંથી ૧૭માંથી ડીટીપી,આરજેડીમાંથી ચારમાંથી બે, શિવસેના (ઉદ્ધવ બાલા સાહેબ ઠાકરે)માંથી ૨૫માંથી ૧૨,ટીએમસીમાંથી આઠમાંથી ત્રણ અને સમાજવાદી પાર્ટીમાંથી એક ૧૯ ઉમેદવારોએ તેમની સામે ફોજદારી કેસ નોંધ્યા હોવાની માહિતી આપી છે. જો ઉમેદવારોની શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આ ૧૭૧૦ ઉમેદવારોમાંથી માત્ર ૨૬ જ અભણ છે. શિક્ષિત ઉમેદવારોની સંખ્યા ૩૦ છે. આ ઉપરાંત પાંચમું પાસ ૬૯, આઠમું પાસ ૯૩, દસમું પાસ ૨૩૪, ૧૨મું પાસ ૨૪૮, સ્નાતક ૩૪૮, પ્રોફેશનલ ગ્રેજ્યુએટ ૧૯૫, પોસ્ટ ગ્રેજ્યુએટ ૩૫૬, ડોક્ટરેટ ૪૫, ડિપ્લોમા ૬૬ છે.

સાડી પરંપરાની ઉજવણી : ન્યુયોર્કના ટાઈમ્સ સ્કવેર પર દુનિયાભરની ૫૦૦થી વધુ મહિલાએ ભાગ લીધો

(એજન્સી) ન્યુયોર્ક,

ન્યુયોર્ક સિટીમાં ટાઈમ્સ સ્કવેરમાં 'સારી ગોઝ ગ્લોબલ' કાર્યક્રમમાં સાડીના પોષાકની કાલાતીત ભવ્યતા, હેરિટેજ અને સાંસ્કૃતિક વૈવિધ્યતા પ્રદર્શિત કરવામાં આવી હતી. ભારતીય-અમેરિકી સમુદાય તેમજ બાંગલાદેશ, નેપાળ, યુકે, યુએસએ, યુએઈ, યુગાન્ડા, ટ્રિનિડાડ અને ગુયાનાની પાંચસોથી વધુ મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન બ્રિટિશ વુમેન ઈન સારીઝ દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક સ્રોતો દ્વારા કન્યાઓ, યુવતીઓ અને મહિલાઓના સશક્તિકરણમાં કાર્યરત અન્ય સંસ્થાઓ સાથે ભાગીદારીમાં કરાયું હતું.

અગાઉ લંડનમાં ટ્રાફલગર સ્કવેર ખાતે ઐતિહાસીક સાડી વોકેથોન અને રોયલ એસ્ટોક લેડીઝ જેવા વૈશ્વિક કાર્યક્રમોની સફળતાથી પ્રેરાયેલા આ કાર્યક્રમનો હેતુ સાંસ્કૃતિક વૈવિધ્યતાની ઉજવણી ઉપરાંત ગ્રામીણ ભારતના કારીગરોને ટેકો આપવા અને પરંપરાગત કારીગરીને જાળવવાનો પણ હતો. કાર્યક્રમમાં સાડીને સમગ્ર વિશ્વની મહિલાઓની એકતા અને સશક્તિકરણના પ્રતીક તરીકે ગણાવવામાં આવી હતી. તેમણે વૈશ્વિક સ્તરે આ પોષાકને પ્રોત્સાહન આપવાની હાકલ કરી હતી.

ન્યુ યોર્ક શહેરના આંતરરાષ્ટ્રીય બાબતોના ડેપ્યુટી કમિશનર દિલિપ ચૌહાણે આયોજકોના સંચાલકોનું બહુમાન કર્યું હતું અને તેમના ફાળાને બિરદાવ્યો હતો. તેમણે જણાવ્યું કે આવા કાર્યક્રમો સાંસ્કૃતિક આદાનપ્રદાન અને વૈશ્વિક સમુદાયનો પ્રભાવ દર્શાવવાનું મંચ બની રહે છે. તેમણે જણાવ્યું કે સાડી સૌંદર્યના પ્રતીક ઉપરાંત પરંપરાગત કારીગરી જાળવવા માટે પણ મહત્વની છે. ન્યુ યોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ શ્રુતિ પાંડેએ જણાવ્યું કે સાડી તેની વૈવિધ્યતા અને સૌંદર્ય સાથે માત્ર ભારતમાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં લોકપ્રિય થઈ છે.બ્રિટિશ ચેરિટીની પ્રતિનિધિ ડો. જેસિકા સિમ્સએ સાંસ્કૃતિક વૈવિધ્યતાને પ્રોત્સાહન આપવામાં સાડીના મહત્વને બિરદાવ્યું હતું.

વર્લ્ડ કપમાં ટક્કર પહેલા બાબર આઝમે કબૂલ્યું

પાકિસ્તાનની ટીમ વિરાટ કોહલીથી ડરે છે

(એજન્સી) નવી દિલ્હી,

વિરાટ કોહલી પર બાબર આઝમઃ ભારતીય ક્રિકેટરો હાલમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૪ સીઝનમાં વ્યસ્ત છે. આ પછી, ભારતીય ટીમે જૂનમાં અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝ દ્વારા આયોજિત ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ રમવાનું છે. ન્યૂયોર્કમાં ૯ જૂને વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે શાનદાર મેચ રમાશે.આ અથડામણ પહેલા જ ભારત અને પાકિસ્તાનના ખેલાડીઓ વચ્ચે શાબ્દિક યુદ્ધ શરૂ થઈ ગયું છે.

પાકિસ્તાની ટીમના કેપ્ટન બાબર આઝમે સ્વીકાર્યું છે કે તેમની ટીમ વિરાટ કોહલીથી સૌથી વધુ ડરે છે, તેથી જ તેઓ તેમના માટે ખાસ રણનીતિ બનાવી રહ્યા છે.પાકિસ્તાનના મર્યાદિત ઓવરો કેપ્ટન બાબર આઝમે કહ્યું કે વિરાટ કોહલી ભારતના શ્રેષ્ઠ બેટ્સમેનોમાંનો એક છે અને આવતા મહિને યોજાનાર ટી૨૦ વર્લ્ડ કપમાં તેના બેટને નિયંત્રિત કરવા માટે ચોક્કસ રણનીતિ બનાવવામાં આવશે. પ્રેસ કોન્ફરન્સમાં પૂછવામાં આવ્યું કે શું તે શાનદાર ફોર્મમાં ચાલી રહેલા કોહલી સામે રણનીતિ બનાવશે? આ અંગે બાબરે કહ્યું કે એક ટીમ તરીકે અમે વિરોધી ટીમોના તમામ શ્રેષ્ઠ ખેલાડીઓ સામે રણનીતિ બનાવીએ છીએ. આવી સ્થિતિમાં કોહલી સામે પણ પ્લાન તૈયાર કરવામાં આવશે.

બાબરે કહ્યું, 'અમે અન્ય ટીમોના તમામ ૧૧ ખેલાડીઓ સામે રણનીતિ બનાવીએ છીએ. અમે ન્યૂયોર્કની સ્થિતિ વિશે વધુ જાણતા નથી, પરંતુ તે (કોહલી) શ્રેષ્ઠ ખેલાડીઓમાંથી એક છે અને અમે તેની સામે પણ રણનીતિ બનાવીશું.તેમણે આશા વ્યક્ત કરી કે ગેરી કર્સ્ટનની સફેદ બોલના ફોર્મેટના મુખ્ય કોચ તરીકે નિમણૂક સાથે પાકિસ્તાની ટીમના પ્રદર્શનનો ગ્રાફ ઊંચો જશે. કર્સ્ટનને ગયા મહિને બે વર્ષ માટે પાકિસ્તાનનો મુખ્ય કોચ બનાવવામાં આવ્યો હતો. ભારતે તેમના કોચ હેઠળ ૨૦૧૧નો વર્લ્ડ કપ જીત્યો હતો. તેઓ ૨૦૦૮ થી ૨૦૧૧ સુધી ભારતના અને ૨૦૧૧ થી ૨૦૧૩ સુધી દક્ષિણ આફ્રિકાના કોચ હતા.

બાબરે કહ્યું, 'તે ખૂબ જ અનુભવી કોચ છે. તેની હાજરીથી આપણને ફાયદો થશે. તે વર્લ્ડ કપ માટેની રણનીતિ બનાવવામાં ઘણો રસ લઈ રહ્યો છે અને ટીમ મેનેજમેન્ટ સાથે રણનીતિ અંગે ચર્ચા કરી રહ્યો છે. તેણે એમ પણ કહ્યું કે કેપ્ટનશિપને લઈને ટીમમાં કોઈ મતભેદ નથી અને તે બીજી વખત કમાન સંભાળવા માટે રોમાંચિત છે. તેણે કહ્યું, 'મેં અગાઉ પણ મારા ખેલાડીઓના બળ પર કેપ્ટન તરીકે સફળતા મેળવી છે અને આ વખતે પણ તે જ સાચું છે. મહત્વની વાત એ છે કે બોર્ડ સંપૂર્ણપણે અમારી સાથે છે.

આગામી ૯મીએ પાકિસ્તાનમાં વધુ એક સંઘર્ષ થઈ શકે છે : ઈમરાન ખાન

(એજન્સી) ઇસ્લામાબાદ,

આગામી ૯મીએ પાકિસ્તાનમાં વધુ એક સંઘર્ષ થઈ શકે છે. ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફએ પોતાના કાર્યકરો માટે ગાઈડલાઈન જાહેર કરી છે. પાર્ટીના મહાસચિવ ઉમર અયુબ ખાને જારી કરેલી આ માર્ગદર્શિકામાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે પાર્ટીના સંસ્થાપક અધ્યક્ષ ઈમરાન ખાન દ્વારા આગામી ૯મી મે માટે એક યોજના જારી કરવામાં આવી છે. આ યોજના હેઠળ પાર્ટીના કાર્યકર્તાઓ, તેમના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પાર્ટી અને તન્ઝીમ ઓફિસમાંથી ટિકિટ મેળવનારા લોકો દેશભરમાં રેલીઓ અને સરઘસોનું આયોજન કરશે.

આ સાથે દરેક ઈમારત પર પાકિસ્તાન અને પાર્ટીના ઝંડા લગાવવામાં આવશે. આ રેલીઓ અને મેળાવડાઓ દરમિયાન, પ્લેયિંગ કાર્ડ્સ પર ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનનો ફોટો પણ બતાવવામાં આવશે, જેમાં તેમને કેદી નંબર ૮૦૪ તરીકે બતાવવામાં આવશે. પાર્ટીના તમામ કાર્યકર્તાઓને ૯ મેના રોજ યોજાનાર આ મોટા કાર્યક્રમની સફળતા માટે પ્રાર્થના કરવા કહેવામાં આવ્યું છે.

બીજી તરફ વિપક્ષે આ મામલે ઈમરાન ખાન અને તેના સહયોગીઓની મજાક ઉડાવતા એક પોસ્ટર પણ બહાર પાડ્યું છે, જેમાં ઈમરાન ખાન વિશે કહેવામાં આવ્યું છે કે તે ડ્રગ્સનું સેવન કરે છે અને તેની પત્ની બુશરા બીબી વિશે તે કાળો જાદુ જાણે છે. આ સાથે પાકિસ્તાનના એક જજને પણ આ પોસ્ટમાં વિશેષ અતિથિ તરીકે દર્શાવવામાં આવ્યા છે.

ધ્યાનમાં રાખો કે ગયા વર્ષે ૯ મેના રોજ આયોજિત રાષ્ટ્રવ્યાપી પ્રદર્શન દરમિયાન ઘણી સરકારી ઈમારતોને પણ નિશાન બનાવવામાં આવી હતી, ત્યારબાદ પોલીસ અને સેનાએ ઈમરાન ખાન અને તેમની પાર્ટીના મોટા નેતાઓ વિરુદ્ધ કેસ દાખલ કર્યા હતા અને ઈમરાન ખાન સહિત પાર્ટીના ઘણા લોકોની ધરપકડ કરવામાં આવી હતી. મોટા નેતાઓની પણ ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી ઘણા હજુ પણ જેલમાં છે.

ઈઝરાયેલની રાજધાની તેલ અવીવમાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા

(એજન્સી) નવી દિલ્હી,

સોમવારની સાંજે સેંકડો ઈઝરાયેલીઓ તેલ અવીવની શેરીઓમાં ઉતરી આવ્યા હતા, હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોના પરિવારોમાં જોડાયા હતા અને સરકારને તેમની મુક્તિ માટે ઈસ્લામિક જૂથ સાથે યુદ્ધવિરામ કરાર સ્વીકારવાની માંગ કરી હતી. પ્રદર્શનકારીઓએ તેલ અવીવમાં મુખ્ય રસ્તાઓ બંધ કરી દીધા હતા.

પ્રદર્શનકારીઓએ માઉન્ટ થયેલ પોલીસ ટુકડી સાથે પણ અથડામણ કરી, જેણે તેમને હાઈવે પર આગળ વધતા રોકવાનો પ્રયાસ કર્યો.અગાઉ, પેલેસ્ટિનિયન ઉગ્રવાદી જૂથ હમાસે ઈજિપ્ત-કતાર દ્વારા આપવામાં આવેલા યુદ્ધવિરામ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો હતો. તમને જણાવી દઈએ કે હમાસ ગાઝા પટ્ટી પર શાસન કરે છે. આ ઉગ્રવાદી જૂથે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ઈઝરાયેલ પર અભૂતપૂર્વ હુમલો કર્યો, ત્યારબાદ ઈઝરાયેલે ગાઝામાં જવાબી હડતાલ શરૂ કરી જે હજુ પણ ચાલુ છે. ઈઝરાયલે ઈજિપ્ત-કતાર દ્વારા રજૂ કરાયેલા યુદ્ધવિરામ પ્રસ્તાવ પર સહમત થવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેની શરતો તેની માંગણીઓ પૂરી કરતી નથી. સાત મહિના સુધી ચાલેલા ગાઝા યુદ્ધમાં આ વિકાસ ત્યારે થયો છે જ્યારે ઈઝરાયેલી સેનાએ રફાહમાં ગ્રાઉન્ડ ઓપરેશન શરૂ કરવાની સંપૂર્ણ તૈયારી કરી લીધી હતી. તેણે રફાહના રહેવાસીઓને શહેર ખાલી કરવા કહ્યું. તમને જણાવી દઈએ કે ગાઝાનો આ દક્ષિણી ભાગ ૧૦ લાખથી વધુ વિસ્થાપિત પેલેસ્ટાઈનીઓ માટે આશ્રય બની ગયો છે.

હમાસને લઈને સરકાર પાસે માંગણી કરી

ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયે એક નિવેદનમાં કહ્યું, 'અમે યુદ્ધવિરામ કરાર પર વાટાઘાટો કરવા માટે અમારા મધ્યસ્થીઓને મોકલીશું, કારણ કે હમાસ તરફથી પ્રસ્તાવ ઈઝરાયેલની જરૂરિયાતોને પૂર્ણ કરતું નથી.'ગાઝા યુદ્ધ ત્યારે શરૂ થયું જ્યારે ઉગ્રવાદી જૂથ હમાસના લડવૈયાઓએ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ ઈઝરાયેલ પર હુમલો કર્યો, લગભગ ૧૨૦૦ લોકો માર્યા ગયા અને ૨૫૨ અન્યનું અપહરણ કર્યું. ઈઝરાયેલના ડેટા અનુસાર, બંધક બનાવવામાં આવેલા નાગરિકોમાંથી ૧૩૩ હજુ પણ ગાઝામાં હમાસની કેદમાં છે. ગાઝાના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલની જવાબી કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૩૪,૬૦૦ થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે.સમાચાર એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર, હમાસ એક પ્રસ્તાવ માટે સંમત થઈ છે, જેમાં યુદ્ધવિરામ તેમજ ગાઝાના પુનઃનિર્માણ, વિસ્થાપિત વ્યક્તિઓની વાપસી અને કેદીઓની અદલાબદલીનો સમાવેશ થાય છે. હમાસના સભ્યો યુદ્ધવિરામ કરાર અને તેના પછીના પગલાં અંગે વધુ ચર્ચા કરવા માટે ઈજિપ્તની મુલાકાત લેવાનો પણ ઈરાદો ધરાવે છે. એક ઈઝરાયેલી અધિકારીએ રોઈટર્સને જણાવ્યું હતું કે હમાસે 'સોફ્ટ' ઈજિપ્તની દરખાસ્તને મંજૂરી આપી હતી, જે 'તેલ અવીવને સમાધાન કરવાનો ઇનકાર કરતા પક્ષની જેમ દેખાડવાની એક ષડયંત્ર' હોવાનું જણાયું હતું.

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ શિવપાલ યાદવ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો

(એજન્સી) બદાઉન,

બહુજન સમાજ પાર્ટી (બસપા)ના વડા માયાવતી વિશે અભદ્ર ટિપ્પણી કરવી સપાના રાષ્ટ્રીય મહાસચિવ શિવપાલ યાદવને મોંઘી પડી છે. બદાઉનના બસપા જિલ્લા અધ્યક્ષની ફરિયાદ પર સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ શિવપાલ સિંહ યાદવ વિરુદ્ધ માયાવતી વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવા બદલ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું કે બસપા જિલ્લા અધ્યક્ષ રામ પ્રકાશ ત્યાગીની ફરિયાદ પર રવિવારે મોડી રાત્રે શિવપાલ યાદવ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૪ (ઇરાદાપૂર્વક અપમાન) અને ૫૦૫ (સામાજિક અશાંતિ પેદા કરનાર નિવેદનો) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ગયો છે.

આ મામલામાં ફરિયાદી બસપા જિલ્લા અધ્યક્ષ રામ પ્રકાશ ત્યાગીએ દાવો કર્યો હતો કે તેણે ૩ મેના રોજ પોતાના મોબાઈલ ફોન પર એક ચેનલની ન્યૂઝ ક્લિપિંગ જોઈ હતી, જેમાં શિવપાલે બસપા રાષ્ટ્રીય અધ્યક્ષ માયાવતી વિરુદ્ધ અભદ્ર અને અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો. તેમણે કહ્યું કે માયાવતી ચાર વખત ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન રહી ચૂક્યા છે અને તેમના માટે અપમાનજનક શબ્દોના ઉપયોગને કારણે બસપાના કાર્યકરોમાં ભારે રોષ છે.

બીએસપીના જિલ્લા અધ્યક્ષ રામ પ્રકાશ ત્યાગીના જણાવ્યા અનુસાર, આ કારણોસર તેણે તે ટિપ્પણીનો વીડિયો પોલીસને આપ્યો હતો, જેની તપાસ બાદ શિવપાલ વિરુદ્ધ કોતવાલી સિવિલ લાઈન્સમાં યોગ્ય કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ત્યાગીએ કહ્યું કે રાષ્ટ્રીય મહિલા આયોગ અને અનુસૂચિત જાતિ માટેના રાષ્ટ્રીય આયોગે પણ આ બાબતે સંજ્ઞાન લેવું જોઈએ. તમને જણાવી દઈએ કે શિવપાલના પુત્ર આદિત્ય યાદવ બદાઉન લોકસભા સીટથી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર છે. સમાજવાદી પાર્ટીએ અહીં પોતાના બે ઉમેદવારો બદલી નાખ્યા છે. આ બેઠક પરથી સમાજવાદી પાર્ટીએ અગાઉ ધર્મેન્દ્ર યાદવને મેદાનમાં ઉતાર્યા હતા. બાદમાં, બીજી યાદીમાં, પાર્ટીએ ધર્મેન્દ્ર યાદવની જગ્યાએ શિવપાલ યાદવને બદાઉનથી પોતાના ઉમેદવાર બનાવ્યા. આ પછી, બીજી યાદી જાહેર કરવામાં આવી અને શિવપાલ યાદવની જગ્યાએ બદાઉન બેઠક પરથી તેમના પુત્ર આદિત્ય યાદવને ટિકિટ આપવામાં આવી.

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ માટે સમગ્ર ખેડા મતવિસ્તાર માટે મતદાન ચાલી રહ્યું છે ત્યારે નડિયાદના દિવ્યાંગ મતદાર અંકિત સોનીએ પગથી મતદાન કરીને જિલ્લાના મતદારોને વોટ કરવાની પ્રેરણા આપી હતી. (તસ્વીરઃ- સાજીદ સૈયદ, નડિયાદ)

ભારતની મહિલા રીલે રેસ ટીમ અને પુરુષ ટીમે ઓલિમ્પિક રેસ માટે ક્વોલિફાય

(એજન્સી) પેરિસ,

દેશના ખેલ જગતના તારલાઓ એ ફરી એકવાર ભારતનું નામ રોશન કર્યું છે. દેશની મહિલા રીલે રેસ ટીમ તેમજ પુરુષ ટીમે ઓલિમ્પિકમાં યોજાનાર રેસ માટે ક્વોલિફાય કર્યું છે. તેમના દ્વારા દેશને ફરી એક વાર મોટી સફળતા હાંસલ થઈ છે, ભારતીય મહિલા ૪X૪૦૦ મીટર રિલે ટીમ વર્લ્ડ એથ્લેટિક્સ રિલેમાં બીજા રાઉન્ડની હીટ્સમાં બીજા સ્થાને રહીને પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાઇ થઈ હતી. ભારતીય પુરુષોની ૪૪૦૦ મીટર રિલે ટીમ પણ નાસાઉ, બહામાસમાં વર્લ્ડ એથ્લેટિક્સ રિલેમાં બીજા રાઉન્ડની હીટ રેસ દરમિયાન પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાઇ થઈ હતી. મહિલા ટીમમાં રૂપલ ચૌધરી, એમ આર પૂવમ્મા, જ્યોતિકા શ્રીદાંડી અને સુભા વેંકટેશન ત્રણ મિનિટ અને ૨૯.૩૫ સેકન્ડનો સમય લઈને હીટ નંબર એકમાં જમૈકા (૩:૨૮.૫૪) પછી બીજા સ્થાને રહી હતી. અગાઉ ભારતીય ટીમ રવિવારે પ્રથમ રાઉન્ડની ક્વોલિફાઈંગ હીટમાં ત્રણ મિનિટ અને ૨૯.૭૪ સેકન્ડના સમય સાથે પાંચમા સ્થાને રહી હતી.જ્યારે પુરુષ ટીમમાં મોહમ્મદ અનસ યાહિયા, મોહમ્મદ અજમલ, આરોકિયા રાજીવ અને અમોજ જેકબની પુરુષ ટીમ ૩:૩.૨૩ સેકન્ડ સાથે યુનાઈટેડ સ્ટેટ્સ (૨:૫૯.૯૫) પાછળ બીજા સ્થાને રહી હતી.

લગ્નમાં બહેનની વિદાય થાય તે પહેલાં જ પાંચ ભાઈઓના મોત

(એજન્સી) જબલપુર,

સગીરોની નાદાની લગ્ન વાળા ઘર માટે એટલી ભારે પડી છે કે તેનો ઘા જીવનભર નહીં ભરાશે. લગ્નમાં બહેનની વિદાય થાય તે પહેલાં જ ૫ ભાઈઓના મોત થઈ ગયા છે. બહેનના લગ્નની જાન આવવાની હતી અને ટ્રેક્ટર નીચે કચડાઈ જતાં પાંચ ભાઈઓના મોત થઈ ગયા છે. તેમાં ત્રણ સગા ભાઈ અને બે પિતરાઈ ભાઈઓ હતા. જેમાં ચારની ઉંમર તો ૧૨ થી ૧૫ વર્ષની જ હતી. બીજી તરફ સંબંધીઓના બે બાળકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ગમખ્વાર અકસ્માત જબલપુર-નરસિંહપુર રોડ પર ચારગવાંના તિનેટા ગામમાં થયો હતો. મુખ્યમંત્રીએ મૃતક બાળકોના પરિવારજનોને ૨ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. બાજી તરફ વહીવટી તંત્રએ મૃતકોના પરિવારજનોને ૫૦-૫૦ હજાર રૂપિયા અને ઘાયલોના પરિવારોને ૧૦-૧૦ હજાર રૂપિયાની સહાય રકમ આપી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ચારગવાંના તિનેટા નિવાસી રતન ઠાકુરની પુત્રી પ્રિયંકાના સોમવારે લગ્ન હતા. જાન રાત્રે આવવાની હતી. લગ્ન માટે સવારથી જ પરિવાર પાણીની વ્યવસ્થા કરવામાં વ્યસ્ત હતો. આ દરમિયાન કોઈકે તેમને બાજુના ગામમાંથી ટેક્કરમાં પાણી ભરીને લાવવાની સલાહ આપી. આ સાંભળીને રતનની બહેન રોશનીનો પુત્ર ધર્મેન્દ્ર (૧૮) ટ્રેક્ટર લઈને ટેક્કર લેવા નીકળી પડ્યો હતો. તેની સાથે રતનનો ભાઈ લખન અને લોચનના પુત્ર રાજવીર (૧૫) અને લકી (૧૨) પણ ટ્રેક્ટરમાં બેસી ગયો હતો. તેમને જોઈને પિતરાઈ ભાઈ અનુપ (૧૨) અને દેવેન્દ્ર (૧૫) અને સંબંધીના પુત્રો દલપત (૧૨) અને વિકાસ (૧૦) પણ સાથે જવાની જીદ કરવા લાગ્યા. આ દરેક લોકો ટ્રેક્ટર પર ચઢી ગયા અને ટ્રેક્ટર અડધો કિલોમીટરનો રસ્તો કાપતા જ અનિયંત્રિત થઈને ૧૦ ફૂટ નીચે ખેતરમાં પલટી ગયું. બધા બાળકો તેની નીચે દબાઈ ગયા. જેના કારણે ધર્મેન્દ્ર અને તેના ભાઈઓ રાજવીર, લકી અને અનૂપ અને દેવેન્દ્રના મોત થઈ ગયા. દલપત અને વિકાસ ગંભીર રીતે ઘાયલ થઈ ગયા.

ડ્રાઈવર સિવાય તમામ સગીર હતા, બે બાળકો ઘાયલ

જો પાણીની તંગી ન હોત તો કદાચ આ પાંચ બાળકોના મોત ન થયા હોત. પ્રાપ્ત માહિતી પ્રમાણે તિનેટા ગામમાં જળ સ્રોતના નામે એક કૂવો અને એક હેન્ડપંપ જ છે. જળ મિશનની પાઈપલાઈન પહોંચી નથી. કૂવો સુકાઈ જવાને કારણે પારિવારિક કાર્ય માટે દૂરના ગામમાંથી ટેક્કર દ્વારા પાણી લાવવું પડે છે. આદિવાસી પરિવારના આ બાળકો પાણી લેવા જતા અકસ્માતનો ભોગ બન્યા હતા. ગામલોકોએ પાણીની તંગી અંગે ગામમાં પહોંચેલા એસડીએમ મીશા સિંહને ફરિયાદ કરી છે.આ અકસ્માત પર મુખ્યમંત્રી ડો.મોહન યાદવે શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર તેમણે મૃતક બાળકોના પરિવારજનોને ૨-૨ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે અને ઘાયલોને તમામ યોગ્ય સારવાર આપવા નિર્દેશ આપ્યો છે. બીજી તરફ અકસ્માતની માહિતી મળતાં જ કેબિનેટ મંત્રી રાકેશ સિંહ મેડિકલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને પીડિત પરિવાર સાથે મુલાકાત કરી હતી. તેમણે ઘાયલ બાળકોની સ્થિતિ વિશે પૂછપરછ કરી હતી.

ભાજપની ચૂંટણીમાં જીત થતા ભારતનું બંધારણ બદલવામાં આવશે : રાહુલ ગાંધી

(એજન્સી) નવીદિલ્હી,

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભાજપ પર આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીમાં જીત થતા ભારતનું બંધારણ બદલવામાં આવશે. રાહુલ ગાંધી અનેક વખત ચૂંટણી પ્રચારમાં આક્ષેપ કર્યો છે કે ભાજપ પક્ષ ભારતનું બંધારણ બદલશે. ભાજપના અનેક નેતાઓ દ્વારા રાહુલ ગાંધીના આ દાવાને નકરાવામાં આવ્યો. જ્યારે આજે મતદાનના ત્રીજા તબક્કામાં ભાજપના એક નેતાનું ચોંકાવનારું નિવેદન સામે આવ્યું છે. રાજસ્થાનના એક નેતા દ્વારા હવે બંધારણ બદલવામાં આવશે તેવા સ્વીકારની શરૂઆત કરવામાં આવી છે.ભાજપના નેતાઓ ખુલ્લેઆમ બંધારણ બદલવાની વાત કરી રહ્યા છે. આ સંદર્ભમાં, હવે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી દિયા કુમારીએ કહ્યું છે — આજે બંધારણ બદલવું જરૂરી છે. ભાજપની વિચારસરણી બંધારણ વિરોધી છે, તેઓ અનામત અને બંધારણને ખતમ કરવા માંગે છે. મહત્વનું છે કે લોકસભા ચૂંટણીની જાહેરાત સાથે રાહુલ ગાંધી ભાજપ અને પીએમ મોદી પર અનેક પ્રહાર કર્યા છે. રાહુલ ગાંધીએ પોતાના ચૂંટણી પ્રચારમાં નાગરિકોને અનેક વખત અપીલ કરી હતી કે જો તમારે ભારતનું બંધારણ બચાવવું હોય તો ભાજપને હરાવો અને કોંગ્રેસને મત આપો. રાહુલ ગાંધીના બંધારણ બદલવાના દાવાને લઈને કોંગ્રેસના મહાનુભાવોથી લઈને તમામ સ્ટાર પ્રચારકોએ સ્લોગન કંઠસ્થ કર્યું હતું કે મોદી અને આરએસએસ બંધારણમાં ફેરફાર કરીને દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓના અનામત અને અધિકારો છીનવી લેવા માંગે છે. અમે ભાજપના આ પ્રયાસને નિષ્ફળ બનાવીશું. અમે અમારા જીવનનું બલિદાન આપીશું, પરંતુ બંધારણને અસર નહીં થવા દઈએ.ભાજપના દિગ્ગજ નેતાઓથી લઈને ડેપ્યુટી સીએમ સુધી બધાએ શરૂઆતમાં નકાર્યો હતો. પરંતુ હવે ચૂંટણીના તબક્કા જેમ-જેમ પસાર થાય છે તેમ ભાજપા નેતાના નિવેદનોમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે.

પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન

બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન ના નીચે મુજબના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ માટે બીન ભાડા આવક કોન્ટ્રાક્ટ્સની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિ

ગુજરાતની લોકસભાની ૨૫ બેઠકો માટે મંગળવારે શાંતિપૂર્ણ માહોલ મતદાન યોજાયું હતું. અસહ્ય ગરમીમાં પણ લોકો મતદાન કરવા નીકળ્યા હતા. શહેરના કોટ વિસ્તારમાં અને પશ્ચિમ વિસ્તારમાં મતદાન મથકોની અંદર મતદારોની લાંબી લાઈનો જોવા મળતી હતી. વૃદ્ધ નાગરિકોએ પણ લોકશાહીના આ ઉત્સવમાં ભાગ લીધો હતો **(તસવીરઃ જયેશ મોદી)**

ગુજરાતની ૨૫ બેઠકો ઉપર અંદાજે ૬૦ ટકાથી વધુ મતદાન

૨૬૬ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલઃ સૌથી વધુ વલસાડ અને સૌથી ઓછુ અમરેલીમાં મતદાન , વિધાનસભાની પાંચ બેઠક ઉપર પણ મતદાન યોજાયું

(એજન્સી) અમદાવાદ,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે આજે ગુજરાતની ૨૫ સીટ પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવીહતી. જ્યારે સુરત સીટ બિનહરિફ થઈ જતા ભાજપને ફાળે ગઈ છે. આમ હવે ૨૫ સીટ પર ભાજપ અને ઈન્ડિયા ગઠબંધન વચ્ચે જંગ જામ્યો છે. આ ઉપરાંત પોરબંદર, વિજાપુર, ખંભાત, વાઘોડિયા અને માણાવદર એમ ૫ વિધાનસભા સીટની પેટાચૂંટણી પણ યોજાઈ છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી માટે કુલ ૨૬૬ ઉમેદવારો તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાઈ રહી છે. આ ૨૫ લોકસભા સીટ માટે ભાજપના ૨૫, કોંગ્રેસના ૨૩ અને આપના ૨ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. આ ઉમેદવારોમાં રૂપાલા, અમિત શાહ, દેવુસિંહ ચૌહાણ અને માંડવિયા ૪ કેન્દ્રીય મંત્રી છે. તેમજ નવસારી સીટ પરથી ભાજપના પ્રદેશ પ્રમુખ પાટીલ ઉમેદવાર છે. આમ ૪ કેન્દ્રીય મંત્રી અને એક પ્રદેશ પ્રમુખનું ભાવિ ઈવીએમમાં કેદ થયું છે. શાંતિપૂર્ણ માહોલમાં વોટિંગ પૂર્ણ થયું છે.

ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનર પી.ભારતીએ ૬.૩૦ વાગ્યે વોટિંગ અંગે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, રાજ્યની ૨૫ લોકસભા બેઠકો પર ૫૫ ટકા જેટલું મતદાન થયું છે. સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં રાજ્યની ૨૫ લોકસભા બેઠક પર સરેરાશ ૫૫.૨૨ ટકા તથા વિધાનસભાની ૦૫ બેઠકો પર ૫૬.૫૬ ટકા મતદાન થયું છે. મતદાન આજે સાંજે ૬:૦૦ વાગે સંપન્ન થયું હતું. આજે મોડી રાત્રે ૧૨ વાગ્યે ચોક્કસ ટકાવારી જાણી શકાશે. ભારે ગરમી વચ્ચે પોલિંગ સ્ટાફે ફરજ બજાવી છે. રાજુલામાં એક કર્મચારીનું અકસ્માતમાં મૃત્યુ થયું છે. જ્યારે જાફરાબાદમાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. છોટાઉદેપુરમાં એક પોલીસ કોન્સ્ટેબલનું અકસ્માતમાં મૃત્યુ થયું છે. મુખ્ય નિર્વાચન અધિકારીએ ઉમેર્યું હતું કે, રાજયના ૨૫ સંસદીય મતવિભાગોના ૪૯,૧૪૦ મતદાન મથકો પૈકી ૧,૮૨૦ મતદાન મથકોમાં ૨ BUs નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મતદાન દરમિયાન સાંજના ૫.૦૦ કલાક સુધીમાં ૧૧૬ એટલે કે ૦.૨૩% BU, ૧૧૪ એટલે કે ૦.૨૩%CU અને ૩૮૩ એટલે કે ૦.૭૮ % VVPAT બદલવામાં આવ્યા હતા.

તમામ જિલ્લાઓમાં ઝોનલ ઓફિસર કે જે તે વિસ્તારના ઈન્ચાર્જ પાસે રિઝર્વ મશીન સેટ ઉપલબ્ધ રાખવામાં આવ્યા હતા. જ્યાં પણ નાની મોટી સમસ્યા સર્જાઈ, ત્યાં ત્વરિત EVMના બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ કે વીવીપેટ યુનિટ રિપ્લેસ કરવામાં આવ્યા છે. તા.૭ મે ના રોજ મતદાનના કલાકો દરમિયાન ભારતના ચૂંટણી પંચ દ્વારા ૮ એલટ્ર્સ મળી હતી. જેમાં EVM અંગેના ૩ એલટ્ર્સ, આદર્શ આચારસંહિતા ભંગની ૧ તથા અન્ય ૪ એલટ્ર્સ હતી. c-VIGILના માધ્યમથી મતદાનના દિવસે ૧૮૬ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં કુલ ૫,૧૧૮ ફરિયાદો મળી કુલ ૫,૩૧૫ ફરિયાદો મળી છે. National Grievance Service Protal મતદાનના દિવસે ૭૫૯ ફરિયાદ તથા આદર્શ આચારસંહિતા સમયગાળાની શરૂઆતથી પ્રિ-પોલ ડે સુધીમાં ૧૫,૫૮૧ મળી અત્યાર સુધીમાં કુલ ૧૬,૩૪૦ ફરિયાદો મળી છે. ઈફસ સંદર્ભે ૧૧ અને બોગસ વોટિંગની ૧૮ ફરિયાદો મળી છે.

EVMમાં ખામીઓની ફરિયાદ મળી ત્યાં તુરંત જ ઈવીએમ બદલી દેવામાં આવ્યા હતા. આજે મતદાનના દિવસે ૧૮૬ જેટલી ફરિયાદો મળી હતી. ઓફિસ ખાતેના કન્ટ્રોલ રૂમાં EVM સંદર્ભે ૧૧ અને બોગસ વોટિંગ અંગેની ૧૮ ફરિયાદો મળી હતી. આજના દિવસે ૬ જેટલી FIR કરવામાં આવી છે. જ્યારે મતદાન ઓળખ ભંગની બે ફરિયાદ કરવામાં આવી છે. ગાંધીનગરના વાસણ ગામની ફરિયાદ મળી હતી.વાસણમા એક વ્યક્તિએ ફેવિકવિક લગાવી દીધું હતું. જેથી તે ઉમેદવારનું બટન પ્રેસ થતું ન હતું. પ્રાથમિક માહિતી પ્રમાણે ભરૂચના કેસર, સુરતના સણધરા તેમજ બનાસકાંઠાના ભાખરી ગામે ગ્રામજનોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવાની જાણકારી મળી છે. જ્યારે માંગરોળના ભાટગામ તથા બાલાસિનોરના બોડોલી અને પુંજરા ગામે આંશિક બહિષ્કારની જાણકારી મળી છે. પારદર્શક ચૂંટણી યોજવાના નિર્ધાર સાથે રાજ્યના ૨૫,૦૦૦ જેટલા મતદાન મથકો ખાતેથી વેબ કાસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જ્યાં ફરિયાદો મળી હતી તે મતદાન મથકોનું વેબ કાસ્ટીંગ થકી કોસ વેરિફિકેશન પણ કરવામાં આવ્યું હતું.

મતદાનના દિવસે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ખાતે કંટ્રોલરૂમ સહિત ઈફસ સંબંધી ૧૧, આદર્શ આચારસંહિતા સંબંધી ૨૧ તથા બોગસ વોટીંગ, કાયદો વ્યવસ્થા, ક્રાઉડીંગ વગેરે અંગે ૧૮ અને અન્ય ૪૨ મળી કુલ ૯૨ ફરિયાદો મળી છે. અન્ય માધ્યમો થકી તા. ૬ મે સુધી ૨,૩૮૪ મળી અત્યાર સુધીમાં કુલ ૨,૪૭૬ ફરિયાદો મળી છે. આમ કુલ ૨૪,૧૩૧ ફરિયાદો મળી છે. મતદાન બુથ પર ભાજપના બૂથ એજન્ટ દ્વારા ભાજપની પેન લઈ જવા મામલે શક્તિસિંહ ગોહિલ ફરિયાદ મામલે ચૂંટણીપંચ દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી પાસે રિપોર્ટ માંગ્યો છે. ભાજપે પોલિંગ એજન્ટોને સાહિત્ય કીટ આપી હતી. જે બાદ રાજ્યના બધા જ મતદાન મથક પર સુચનાઓ આપવામાં આવી હતી. પ્રધાનમંત્રી દ્વારા રોડ શો અંગેની કોંગ્રેસ દ્વારા ચૂંટણીપંચને ફરિયાદ કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા તપાસ કર્યા બાદ ફરિયાદનો નિકાલ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાણીપમાં મતદાન કર્યું

(એજન્સી) અમદાવાદ,

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન થયું છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદના રાણીપમાં નિશાન સ્કૂલમાં મતદાન કર્યું હતું. દરમિયાન કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા.

મતદાન બાદ વડાપ્રધાન મોદીએ મીડિયા સાથે વાતચીત કરી હતી. તેમણે મીડિયાકર્મીઓને સ્વાસ્થ્ય સાચવવાની સલાહ આપી હતી. લોકોએ મીડિયાકર્મીઓને વધુમાં વધુ પાણી પીવાની સલાહ આપી હતી. મત આપ્યા બાદ તેમણે કહ્યું કે મતદાન એ સામાન્ય દાન નથી. આવી સ્થિતિમાં તેમાં ભાગ લો.

પીએમ મોદીએ કહ્યું કે લોકશાહીમાં મતદાન એ સાધારણ દાન નથી. આપણા દેશમાં દાનનું ઘણું મહત્વ છે. અને એ જ ભાવના સાથે દેશવાસીઓએ બને તેટલો વધુ મતદાન કરવું જોઈએ. આજે ત્રીજા તબક્કાનું મતદાન છે. હજુ ચૂંટણી ત્રણ અઠવાડિયા સુધી ચાલશે અને ચાર તબક્કા હજુ બાકી છે. મતદાર તરીકે હું અહીં મત આપું છું. અમિતભાઈ અહીંથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે. અત્યારે મારે ઘણા રાજ્યોની મુલાકાત લેવાની છે. હું દેશના મતદારોનો આભાર વ્યક્ત કરું છું. જેઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. હું ચૂંટણી પંચને અભિનંદન આપું છું કે દેશમાં પ્રથમ બે તબક્કામાં હિંસાની કોઈ ઘટના નોંધાઈ નથી. મતદાન અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સ પર લખ્યું હતું કે ×હું ત્રીજા તબક્કાના તમામ મતદારોને વધુમાં વધુ મતદાન કરવા અને મતદાનનો નવો રેકોર્ડ બનાવવા વિનંતી કરું છું. આપ તમામની સક્રીય ભાગીદારી લોકશાહીના આ તહેવારની રોનક વધારશે.

અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ભાજપ નેતા પર જીવલેણ હુમલો થયો

(એજન્સી) મેઘરજ,

લોકસભાની ચૂંટણીનું મતદાન તો ગુજરાતમાં પુરું થઈ ચૂક્યું છે, પરંતુ તેનો ગરમાવો હજું જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ભાજપ નેતા પર જીવલેણ હુમલો થયો છે. પ્રદેશ નેતા હિમાંશું પટેલની કાર પર પથ્થરમારાની ઘટના પ્રકાશમાં આવતા ખળભળાટ

આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે મેઘરજ મામલતદાર કચેરી આગળ અસામાજિક તત્વો દ્વારા હુમલો કરાયો છે. જેમાં કારના કાચ તોડી હુમલાખોરો ફરાર થઈ ગયા હતા.

આ ઘટનાની માહિતી મળતા જ મેઘરજ પોલીસ ઘટના સ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઘટનાની વિગતવાર વાત કરીએ તો અરવલ્લી સાબરકાંઠાના યુવા અને ભાજપ નેતા, હિમાંશુ પટેલ ઉપર આજે સાંજના સુમારે,મેઘરજ નગરની મામલતદાર કચેરી પાસે,પથ્થરો અને લાકડીયો લઈ આવેલા ટોળાએ એકાએક કાર ઉપર હુમલો કરી દીધો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

હુમલાની ઘટનામાં હિમાંશુ પટેલને ઈજાઓ પણ થઈ હોવાનું જાણવા મળ્યું છે. હીચકારા હુમલાની ઘટનાને લઈ ભાજપના આગેવાનો ઘટના સ્થળે દોડી પહોંચ્યા હતા. મળતી માહિતી મુજબ ઘટના સ્થળે પોલીસ હાજર હોવાના છતાં, હુમલો કરતા પોલીસ સામે પણ સવાલો ઉઠ્યા છે. સમગ્ર ઘટનાને લઈ હાલ તો મેઘરજ પોલીસ મથકે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવાની ભોગ બનનાર યુવા નેતાએ તજવીજ હાથ ધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

ગેનીબેન ઠાકોરે નકલી સીઆરપીએફ કર્મચારી બનીને ફરતા યુવકને ઝડપી લીધો

(એજન્સી) ડીસા,

ગુજરાતમાં લોકસભા ૨૫ લોકસભા બેઠક અને ૫ વિધાનસભા બેઠક માટે મતદાન ચાલી રહ્યું છે ત્યારે પ્રકાશ ચૌધરી નામના વ્યક્તિએ કોંગ્રેસ ઉમેદવાર ગેનીબેન ઠાકોર પર ગંભીર આરોપ લગાવ્યા છે. પ્રકાશ ચૌધરી નામના વ્યક્તિએ જણાવ્યું હતું કે ગેનીબેન ઠાકોરે મને પકડી અને મને ખૂબ માર માર્યો છે. ગેનીબેન ઠાકોરે મને ધમકી આપી છે, મને એવું કહ્યું છે કે તને આજે અહીંયાથી અમે જીવતો નહી જવા દઈએ તને મારીને ફેંકી દઈશું. આ સમગ્ર ઘટનામાં બનાસકાંઠા પોલીસ વડાને યોગ્ય પગલા લેવા વિનંતિ કરાઈ છે.આ સમગ્ર ઘટના વિશે વિગતવાર વાત કરીએ તો બનાસકાંઠાના દાંતા તાલુકાના ધરેડા ગામની પ્રાથમિક શાળાના મતદાન મથકમાંથી કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે નકલી સીઆરપીએફ કર્મચારી બનીને ફરતા યુવકને ઝડપી લીધો હતો. ગેનીબેન ઠાકોરે આરોપ લગાવ્યો હતો કે આ યુવક નકલી સીઆરપીએફ કર્મચારી બનીને ફરતો હતો.

કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ભાજપ અને ચૌધરી સમાજના લોકો ઉપર ગંભીર આક્ષેપ કર્યા હતા. ગેનનીબેન ઠાકોરે આરોપ લગાવ્યો કે આ યુવકનું નામ પ્રકાશ ચૌધરી છે અને તે પાલનપુરનો છે. પાલનપુરનો હોવાથી તેને દાંતા તાલુકા સાથે લેવા દેવા નથી છતાં તે દાંતાની ધરેડા પ્રાથમિક શાળાના મતદાન મથકમાં હતો અને તેની પાસેથી સીઆરપીએફનું બોર્ડ મળી આવ્યું છે.

મહિસાગરના બાલાસિનોરમાં મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો

(એજન્સી) મહીસાગર,

ગુજરાતની ૨૫ લોકસભા બેઠક અને પાંચ વિધાનસભાની પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે ત્યારે ગુજરાતનું એક એવું બુથ સામે આવ્યું છે, જ્યાં માત્ર ૩ વોટ જ પડ્યાં છે. મહિસાગરના બાલાસિનોરમાં મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. આ મતદારના દિવસે મતદાન બુથ પર અધિકારીઓ મતદાતાઓની રાહ જોઈ રહ્યાં છે, પરંતુ ત્યાં કોઈ મતદાર કરવા પહોંચ્યુ નહી. બાલાસિનોરના બે બુથ પર મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. જેના પગલે બોડોલી બુથ પર માત્ર ૩૪ વોટ પડ્યાં છે, જ્યારે કુંજરા બુથ પર માત્ર ૩ જ વોટ પડ્યાં છે. આ બુથમાં આવતા લોકોએ ડમ્પિંગ સાઈડને લઈને મતદાનનો બહિષ્કાર કર્યો છે. બાલાસિનોર ડમ્પિંગ સાઈડના વિરોધને લઈ મતદાન બહિષ્કાર યથાવત છે. બાલાસિનોરના ગ્રામપંચાયતના બે બુથ બોડોલી, કુંજરા ગામના બુથ પર નહીંવત મતદાન થયું છે. ડમ્પિંગ સાઈડના વિરોધને લઈ મતદારોમાં મોટા પ્રમાણમાં નારાજગી જોવા મળી રહી છે. ડમ્પિંગ સાઈડ પ્રભાવિત ગામોમાં લોકોએ મતદાન કરવાનું સ્વેચ્છિક ટાળ્યું છે. તેમ છતાં બોડોલી બુથ પર ૩૪ મત જ્યારે કુંજરા બુથ પર ૩ જ મત પડ્યા છે.

શક્તિસિંહ ગોહિલે સરકારી કર્મચારીઓની આકરા શબ્દોમાં ઝાટકણી કાટી

(એજન્સી) ગાંધીનગર,

સુવિધા કેન્દ્રના મતદાન મથક ઉપર પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે મતદાન કરવા સમયે ભાજપના પક્ષની સિમ્બોલ વાળી કેસરી પેન લઈને બેઠેલા સરકારી કર્મચારીઓ સામે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. એટલું જ નહીં ગુજરાતના જે જે બુથ્થોની અંદર આવી ભાજપના સિમ્બોલ સાથેની પેન કે અન્ય સાહિત્ય સાથે બેઠેલા સરકારી કર્મચારીઓ સામે ચૂંટણી તંત્ર પોલીસ કેસ કરે તેવી માગણી કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મતદાન સમયે મતદાન મથકની અંદર કેસરી ખેસ પહેર્યો હોવાનો આક્ષેપ શક્તિસિંહ દ્વારા કરવામાં આવ્યો હતો અને તેઓએ પણ રાષ્ટ્ર ધ્વજ જેવો ખેસ પહેરી મતદાન કર્યું હતું.

આ સિવાય તેમણે ગાંધીનગર જિલ્લાના વાસણીયા ગામની અંદર પણ કોંગ્રેસ તરફી મતદાન થતું હતું, જેના કારણે ભાજપના મહિલા ધારાસભ્યના પતિએ આ મતદાન રોક્યું હોવાનો આક્ષેપ શક્તિસિંહ ગોહિલ દ્વારા લગાવવામાં આવ્યો હતો. વધુમાં તેમણે કહ્યું કે વાસણીયા ગામમાં જે ઘટના બની છે, તે બાબતે ચૂંટણી પંચ દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે અને બંધ થયેલું મતદાન પુનઃ શરૂ કરાવવામાં આવે. દરમિયાનમાં ગુજરાતમાં ૨૫ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. ૨૫ બેઠકો માટે ચૂંટણી જંગના મેદાનમાં ૧૯ મહિલા ઉમેદવારો સહિત ૨૬૬ ઉમેદવારો રાજકીય નસીબ અજમાવી રહ્યાં છે. ગુજરાતની ૨૫ બેઠકોમાં ગૃહમંત્રી અમિત શાહની ગાંધીનગર બેઠક વીવીઆઈપી છે. જ્યારે ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલની નવસારી બેઠક પણ વીવીઆઈપી છે. રાજયભરમાં શરૂઆતથી અંદાજે ૫૦,૦૦૦ મતદાન મથકો પર મતદાનની પ્રક્રિયા શરૂ થઈ છે. ચૂંટણીમાં આ વખતે ૪.૯૭ કરોડ મતદારો નોંધાયા છે. સંવેદનશીલ મતદામ મથકો ખાતે પોલીસ, પેરામિલિટ્રી ફોર્સ સહિતના જવાનો તહેનાત કરવામાં આવ્યા છે.

દાણીલીમડામાં યુવકો વચ્ચે મજાક મસ્તીમાં તકરાર થઇ

(એજન્સી) અમદાવાદ,

અમદાવાદના દાણીલીમડામાં યુવકો વચ્ચે મજાક મસ્તીમાં તકરાર થઈ હતી જેને લઈને આરોપીએ ફોન કરીને સગીરને મારવાની વાત કરી હતી જેને લઈને પિતાએ ઠપકો આપતાં આરોપીઓએ સમાધાન માટે બોલાવ્યા હતા અને ગાળો બોલીને પિતાને પકડી રાખીને છરીના ઘા માર્યા હતા આ સમયે છોડાવવા વચ્ચે પડતાં સગીર પુત્ર અને ભત્રીજાને પણ છરીના ઘા માર્યા હતા. આ બનાવ અંગે દાણીલીમડા પાલીસે ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની વિગત એવી છે કે દાણીલીમડામાં રહેતા યુવકે તેમના જ વિસ્તારમાં રહેતા યુવક સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાવી છે કે તા. ૩ના રોજ તેમનો સગીર વયનો દિકરો અને તેના મિત્રો બસ સ્ટેન્ડ પાસે બેઠા હતા આ સમયે મજાક મસ્તીમાં તેમની વચ્ચે તકરાર થઈ હતી. જેને લઈને આરોપીએ સગીરને ફોન કરીને મારવાની વાત કરી હતી જેથી તેના પિતાએ ઠપકો આપતા તેઓને સમાધાન માટે બસ સ્ટેન્ડ પાસે બોલાવ્યા હતા.પિતા-પુત્ર અને તેમનો ભત્રીજો ત્યાં ગયા ત્યારે સગીરના મિત્રના મોટા ભાઈ સહિત ચાર લોકો હાજર હતા તેઓએ ફરિયાદીને ગાળો બોલીને તકરાર કરી હતી. ગાળો બોલવાની ના પાડતાં ફરિયાદીને પકડી રાખીને છરીના ઘા માર્યા હતા આ સમયે છોડાવવા વચ્ચે પડતાં તેમના પુત્ર અને ભત્રીજાને પણ છરીના ઘા મારીને લોહી લુહાણ કરીને આરોપીઓ નાસી ગયા હતા. હાલતમાં તેઓ એલ.જી.હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ ઘટના અંગે દાણીલીમડા પાલીસે ચાર લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પિતા-પુત્ર અને તેમનો ભત્રીજો ત્યાં ગયા ત્યારે સગીરના મિત્રના મોટા ભાઈ સહિત ચાર લોકો હાજર હતા તેઓએ ફરિયાદીને ગાળો બોલીને તકરાર કરી હતી. ગાળો બોલવાની ના પાડતાં ફરિયાદીને પકડી રાખીને છરીના ઘા માર્યા હતા આ સમયે છોડાવવા વચ્ચે પડતાં તેમના પુત્ર અને ભત્રીજાને પણ છરીના ઘા મારીને લોહી લુહાણ કરીને આરોપીઓ નાસી ગયા હતા.

વેરાવળના મતદાનનો વીડિયો વાયરલ કરનાર સામે ફરિયાદ

(એજન્સી) વેરાવળ,

મતદાન એ ગુપ્તદાન છે અને મતદાન કરતા ફોટો કે વિડિઓ ઉતારવો એ ગુનો છે ત્યારે સોમનાથ વિધાનસભા મતવિસ્તારના મતદાન મથક નં ૭૭, વેરાવળ–૧૭, ઘી વાલા સ્કુલ, રૂમ નં.૨ ડાભોર રોડ, વેરાવળના મતદાન મથક ઉપર અજાણ્યા શખ્સે મતદાન કરતી વખતે બેલેટ યુનિટ તથા વીવીપેટ યુનિટના મોબાઈલમાં વીડિયો બનાવીને વાઈરલ કર્યો હતો. આ વાયરલ કરેલા વીડિયો અન્વયે મતદાન મથક નં ૭૭ ના પ્રીસાઈડીંગ ઓફિસર દ્વારા પોલીસ ઈન્સ્પેકટર, વેરાવળ સીટીને પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેકટર, વેરાવળ સીટી દ્વારા વીડિયો બનાવનાર ઈસમની તપાસ કરી તેને પકડી અને તેઓની સામે ફરિયાદ દાખલ કરી હતી. હાર્દિક ઝાલા નામના વીડિયો બનાવનાર શખ્સની અટકાયત કરી અને જાહેરનામા ભંગ બદલ કલમ ૧૮૮ અને RP એક્ટ કલમ ૧૨૮ મુજબ કાયદેસરની ધોરણસરની આગળની કાર્યવાહી કરેલી છે.

ભાજપના દિગ્ગજ નેતાની રસ્તામાં તબિયત લથડી, હોસ્પિટલ લઈ જવાયા

(એજન્સી) રાજકોટ,

લોકશાહીના સૌથી મોટા પર્વ માટે મતદાન થઈ રહ્યું છે. આ વચ્ચે હીટવેવની આગાહી પણ છે. આજે ગુજરાતના મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ઊંચે ચઢ્યો છે. ત્યારે ચૂંટણી પંચ પણ સતત મતદારોને કાળજી રાખવા માટે અપીલ કરી રહ્યું છે. આ વચ્ચે મોટી ખબર આવી છે. રાજયસભાના સાંસદ રામ મોકરિયાની તબિયત લથડી છે. રામ મોકરિયા રાજકોટથી અમરેલી પરસોત્તમ રૂપાલાને મળવા જતા હતા, તે દરમિયાન વચ્ચે તેમની તબિયત લથડી હોવાની માહિતી મળી છે. રૂપાલાને અમરેલી મળવા નીકળ્યા હતા મોકરિયા

ગુજરાતના રાજયસભાના સાંસદ રામ મોકરિયાએ આજે વહેલી સવારે પત્ની સાથે મતદાન કર્યુ હતું. સાથે જ તેમણે ફરી એક વખત નરેન્દ્ર મોદીને પ્રધાનમંત્રી બનાવવા લોકોને અપીલ કરી હતી. મતદાન બાદ રામ મોકરિયા રાજકોટથી અમરેલી જવા નીકળ્યા હતા, તેઓ પરસોત્તમ રૂપાલાને મળવા જવા નીકળ્યા હતા. પરંતુ તે પહેલા જ રામ મોકરિયાની રસ્તામાં તબિયત લથડતા તેમને હોસ્પિટલમાં ખસેડાયા હતા. રામ મોકરિયાને આટકોટ કે.ડી પરવાડિયા હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ઓનલાઇન વોટનાં નામે રૂપિયા ૧.૬૨ લાખની ઠગાઇ

(એજન્સી) રાજકોટ,

ઓનલાઈન ટાસ્ક પૂરા કરવાના નામે હાર્દિક પ્રભાતભાઈ હેરભા (રહે. રેલનગર) સાથે ઓનલાઈન ફ્રોડ થયું હતું. જેમાંથી તેને સાયબર ક્રાઈમ પોલીસે રૂા. ૧.૨૨ લાખ કોર્ટમાં પ્રોસેસ કરી પરત અપાવ્યા હતાં. ઓનલાઈન રોકાણ કરી વધુ વળતર અપાવવાના નામે એક અરજદાર સાથે રૂા. ૧.૦૩ લાખનું ફ્રોડ થયું હતું. જેમાંથી તેને રૂા. ૫૬ હજાર પરત અપાવાયા હતા. સોશિયલ મીડિયા મારફત ખરીદેલા ફોનના પૈસા પરત અપાવી દેવાના બહાને એક અરજદાર સાથે રૂા. ૨.૪૩ લાખની ઠગાઈ હતી. જેમાંથી રૂા. ૧.૮૨ લાખ પરત અપાવાયા હતા. ઈનામમાં કાર લાગી છે તેવા મેસેજ કરી કાર અગર તો રોકડ રકમ મેળવવાના નામે એક અરજદાર સાથે રૂા. ૯૯૫૦૦નું ફ્રોડ થયું હતું.

ચોવીસમી પુણ્યતિથિએ હાર્દિક શ્રધ્ધાંજલિ

રમણલાલ કુંવરજી દેસાઇ
સ્વ.તા.૦૮-૦૫-૨૦૦૦

આપે સેવેલાં સ્વપ્નોને સાકાર કરવાના પ્રયાસરૂપે શરૂ કરાયેલા વિધાસંકુલની પ્રગતિ દ્વારા પ્રેરણારૂપ અમારા હૃદયમાં વસતા આપને હાર્દિક શ્રધ્ધાંજલિ.

લિ.

રમણલાલ કુંવરજી દેસાઇ મેમોરિયલ ટ્રસ્ટ
આર.કે.દેસાઇ કોલેજ ઓફ કમ્પ્યુટર એન્ડ એપ્લાઇડ સાઇન્સ. (B.C.A)
આર.કે.દેસાઇ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ. (B.B.A),(B.Com),(M.Com)
આર.કે.દેસાઇ કોલેજ ઓફ એજ્યુકેશન. (B.Ed)
આર.કે.દેસાઇ કોલેજ ઓફ સાયન્સ. (M.Sc.-Organic Chemistry), (B.Sc-Chemistry & Microbiology)
આર.કે.દેસાઇ કોલેજ સંકુલ, કોપરલી રોડ, જી.આઈ.ડી.સી. વાપી
Mo.No-9974076516